# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૭**





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યાં છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રકતદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૭**

**લેખનકાર્ય**

સાહિત્ય લેખન વિભાગ

**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

## ભાગ-૭


રજૂકર્તા : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

પ્રકાશક : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧
ફોન : ૯૯૨૫૨૩૭૦૦૪, Email : ssd@in.smvs.org

આવૃત્તિ : પ્રથમ, મે–૨૦૨૬

# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદ

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે. છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.



આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, 'અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.'

આમ, સ્વામિનારાયણ મહાપ્રભુના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરિત્રો સર્વેએ એકાગ્રતાથી વાંચવા... તો મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનનો જેમ છે તેમ મહિમા જરૂર સમજાશે અને તેમની મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આવશે...

દાસાનુદાસ સેવક<br>
સાધુ સત્યસંકલ્પદાસના<br>
જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

'મૂળો નાસ્તિ કુતો શાખા' એમ જેમણે દેહ ધર્યો જ નથી તો પછી ચરિત્રો શાનાં..? તેથી સૌને જરૂર પ્રશ્ન થાય કે સંવત ૧૮૩૭ની સાલમાં છપૈયામાં ધર્મપિતા-ભક્તિમાતાને ઘેર ઘનશ્યામ પ્રભુ પ્રગટ્યા. અગિયાર વર્ષ સુધી અનેક બાળચરિત્રો કર્યાં, સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું. સદ્. રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી, ધર્મધુરા ગ્રહણ કરી. સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો, ૩૦ વર્ષ સુધી સત્સંગમાં વિચર્યા ને સંવત ૧૮૮૬માં દેહ મૂક્યો. તો શું એ બધું ખોટું ?

ના. આમાંનું કશું જ ખોટું નથી. અવરભાવની દૃષ્ટિએ બધું સાચું જ છે. પરંતુ જેણે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ સર્વોપરી, સનાતન, સર્વાવતારી, અજોડ, દિવ્યાતિદિવ્ય, સર્વ કારણના કારણ, ભવ્યાતિભવ્ય, સદા સાકાર અને સદા પ્રગટ ને પ્રત્યક્ષ જાણી સર્વે અંગે નિશ્ચય કર્યો હોય, મહારાજના પરભાવના સ્વરૂપની દૃઢતા કરી હોય એના માટે એ નર-નાટક જ છે.

જેને દિવ્યભાવ છે તેને મહારાજના અવરભાવના ચરિત્રોમાં પણ પરભાવ જ જણાય. માત્ર જરૂર છે અવરભાવની દૃષ્ટિ અને સમજણ છોડવાની. કેમ જે પરભાવનું સ્વરૂપ ગમે તેટલું પોતાનું સર્વોપરીપણું, દિવ્યપણું છુપાવવા તથા દબાવવા પ્રયત્ન કરે તોપણ એ પ્રગટ્યા વિના છાનું રહે નહીં. પરંતુ દિવ્યભાવ વગર તેને ઓળખી કે પામી શકાય નહીં.

મહારાજનો મનુષ્યોને મનુષ્ય જેવાં દર્શન આપવા પાછળનો હેતુ એક જ હતો : અનંત જીવોને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરવા. તો સ્વાભાવિક છે કે એમના અવરભાવનાં ચરિત્રો પણ પોતાના મૂળભૂત સંકલ્પને પૂરો કરવા માટે જ હોય.

સર્વોપરી મહાપ્રભુના દિવ્ય ચરિત્રોને વાંચી, માણી, તેમનાં ચરિત્રો સાથે સંલગ્ન થતાં હૃદયમાં શાંતિનો તથા સુખનો મહાસાગર ઘૂઘવવા લાગે છે.

માત્ર લીલાચરિત્રો વાંચી, સાંભળી એમાં જ આનંદ માણવો અને એમાં જ રાચવું એ કાર્ય સત્સંગની રીત છે. મહારાજ કયા ગામથી કયા ગામ ગયા અને

કેવી રીતે કોનો મોક્ષ કર્યો કે કોને સુખ આપ્યું એટલું માત્ર જાણવાથી પુરુષોત્તમરૂપ પાત્ર નથી થવાતું. અને એટલું કરવાથી મહારાજના એ ચરિત્રોનો જે હેતુ છે એ પણ પાર પડતો નથી. એ તો જ્યારે એ ચરિત્રોના માધ્યમથી મહારાજના પરભાવના સ્વરૂપનો અધિકાધિક મહિમા સમજાય. ત્યારબાદ આપણે પણ પરભાવમાં પહોંચીએ ત્યારે જ સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો વાંચ્યાં ને જાણ્યાંનો હેતુ પાર પડ્યો કહેવાય.

ભગવાન સ્વામિનારાયણના જીવનનું વિસ્તૃત દર્શન કરાવતી આ પુસ્તકની શ્રેણી 'સ્વામિનારાયણ ચરિત્ર' સંપ્રદાય માટે એસ.એમ.વી.એસ. સંસ્થાનું સૌથી મોટું યોગદાન ગણાશે. વળી, મૂળભૂત ગ્રંથ ભગવાન સ્વામિનારાયણમાંથી સંકલિત કરેલ આ પુસ્તકને સ્વામિનારાયણ ભગવાનના અવરભાવના સમગ્ર જીવનના સમયકાળ મુજબ વિવિધ ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. અને વર્ષ દરમ્યાન નિયમિતપણે એના વિવિધ ભાગ પણ PDF રૂપે પ્રકાશિત કરવામાં આવશે. આ ભાગનું વાંચન તથા મનન કરીને આપણે શ્રીજીમહારાજના પ્રત્યેક ચરિત્રના હેતુને સ્વજીવનમાં લક્ષ્યાર્થ કરીએ. અપેક્ષા છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતમાત્રને ભગવાન સ્વામિનારાયણનું આવું દિવ્ય જીવનદર્શન અવશ્ય ગમશે જ...

- સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા

**૧. સ્વામિનારાયણ મહામંત્ર પ્રકાશન** (આ.સં. ૧૮૫૮, ઈ.સ. ૧૮૦૧-૧૮૦૨)

શ્રી સહજાનંદ સ્વામીના મુખે સંબોધાયેલી પ્રથમ ધર્મસભા ....................૦૧

શીતળદાસમાંથી થયા વ્યાપકાનંદ ....................................૦૭

ધોરાજી પાવન થયું શ્રીહરિના ચરણકમળથી ..............................૦૯

ભાડેરમાં શ્રીહરિનું આગમન ........................................૧૩

શ્રીહરિ પધાર્યા માણાવદરમાં ........................................૧૪

પીપલાણાથી પધરામણીનો પ્રારંભ......................................૧૬

**૨. શ્રીહરિનું માંગરોળમાં આગમન** (આ.સં. ૧૮૫૮-૫૯, ઈ.સ. ૧૮૦૨)

સમાધિ પ્રકરણની તીવ્રતા ..........................................૨૧

વજરુદ્દીન રાજાને કરાવી સમાધિ......................................૨૩

સમાધિ પ્રકરણનાં આશ્ચર્યો ..........................................૨૫

રઘુનાથદાસ ગયા અમદાવાદ.........................................૨૬

શ્રીહરિનું સમાજસેવામાં પ્રથમ મંડાણ ..................................૨૭

ગર્વિષ્ઠ મેઘજિત સુખડિયાનો પરાભવ ..................................૨૯

શ્રીહરિએ શરભાખ્યાન કહ્યું ..........................................૩૨

શ્રીહરિએ ચાતુર્માસમાં ધ્યાનનો નિયમ આપ્યો ............................૩૪

શ્રીહરિનો દાસત્વભાવ ..............................................૩૫

રઘુનાથદાસે સર્જેલી ઉપાધિ..........................................૩૬

મગ્નીરામમાંથી થયા અદ્વૈતાનંદ ....................................૩૭
મયારામ ભટ્ટને શ્રીહરિનું સમાધિ પ્રકરણ જોઈ સંશય થયો ..................૪૧
દૂધ તળાવડીએ લીલા ..........................................૪૨
**૩. કાલવાણી તથા લોજ પાવન થયું શ્રીહરિની પદરજથી** (આ.સં. ૧૮૫૯, ઈ.સ. ૧૮૦૨-૧૮૦૩)
શ્રીહરિ કાલવાણીમાં ............................................૪૪
શ્રીહરિ પધાર્યા લોજમાં ..........................................૪૬
શેઠ બન્યા સ્વામી ..............................................૪૭
પ્રભાનંદ સ્વામી નિમિત્તે સૌને મહિમા ..............................૫૦
દેવા શેઠને પાકો નિશ્ચય ..........................................૫૧
મોહનદાસ બન્યા વ્રજાનંદ..........................................૫૩
લોભના પ્રભાવે અધોગતિ ..........................................૫૬
નૃસિંહાનંદ સ્વામીનું દીક્ષાસ્થાન લોજ ..............................૫૮
મેઘપુરથી શ્રીહરિએ વિવેકપત્ર લખાવ્યા ..............................૫૯
'જય સદ્‌ગુરુ સ્વામી' આરતીનો પ્રાદુર્ભાવ..............................૬૧
હરબાઈ-વાલબાઈ વિમુખ થયાં ......................................૬૭
વ્યાપકાનંદ સ્વામીને શ્રીહરિએ ભૂમાપુરુષના લોકમાં મોકલ્યા ..............૭૦
શ્રીહરિની કૃપાએ નરકના કુંડો ખાલી થયા ............................૭૧

**૪. શ્રીહરિનું સોરઠ વિચરણ** (આ.સં. ૧૮૫૯, ઈ.સ. ૧૮૦૩)


શ્રીહરિ અગત્રાઈમાં ....................................................૭૪
ગુરુની સ્મૃતિ કરતાં ગદ્ગદભાવ....................................૭૫
આલશી ઘાંચીને નિશ્ચય ..............................................૭૭
મોજડી પળોટી રાજાને સત્સંગી કર્યા..................................૭૮
શ્રીહરિનાં દર્શને બાંટવાના નવાબ બુલેખાં..............................૮૦
અમે તો ધર્મપુરમાં રહીએ છીએ ......................................૮૧
અમદાવાદથી ભાઈરામદાસનો પત્ર ....................................૮૨
સુંદરજી સુથાર શ્રીહરિની કસોટીમાં પાસ................................૮૪
શ્રીહરિએ ડોસા ભગતને કાશીએ જવા આજ્ઞા કરી ........................૮૬
શ્રીહરિના મુખે સંત મહાત્મ્ય..........................................૮૮
દરબારોના મુખે પ્રથમ વખત એભલખાચરની વાત શ્રીહરિએ સાંભળી ......૮૯
શ્રીહરિના સંતોની એકસરખી રીત ......................................૯૦
શ્રીહરિની ભક્તવત્સલતા ..............................................૯૨
શ્રીહરિએ સદાવ્રતો બંધ કરાવ્યાં ......................................૯૩
મહાનમુક્ત મીણબાઈ ..................................................૯૪
**પરિશિષ્ટ ૧ :** મુક્તમુનિની મુમુક્ષુતા........................................૯૭

# ૧

# સ્વામિનારાયણ મહામંત્ર પ્રકાશન

**(આ.સં. ૧૮૫૮, ઈ.સ. ૧૮૦૧-૦૨)**

## શ્રી સહજાનંદ સ્વામીના મુખે સંબોધાયેલી પ્રથમ ધર્મસભા

સંવત ૧૮૫૮ના માગશર વદ એકાદશીનો મંગળકારી દિવ્ય દિન જાણે આ બ્રહ્માંડની કરવટ બદલવા જ સર્જાયો હોય કે શું ? સદ્. શ્રી રામાનંદ સ્વામીના અંતર્ધાનનો આ ચૌદમો દિન હતો. શ્રીહરિ આ દિવ્ય દિને પ્રાતઃ ક્રિયાથી પરવારી ફણેણી મુકામે વિશાળ સભા કરી દિવ્ય સિંહાસન પર બિરાજમાન થયા હતા. શ્રીહરિની દિવ્ય સેવા કરવા સંતો-ભક્તો ચમર, વીંઝણું, હસ્ત રૂમાલ લઈ અતિ ઉત્સુક હતા.

સમય જેમ જેમ પસાર થતો હતો તેમ તેમ દેશોદેશ અને ગામોગામથી અનેક હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા તથા પૂજન-અર્ચન કરવા વિધ વિધ ભેટ-સોગાદ લઈ આવવા લાગ્યા. આ દરેક સંતો-હરિભક્તોમાં સૌથી નાના લાગતા શ્રી સહજાનંદ સ્વામી શ્રી રામાનંદ સ્વામીની ગાદીએ આરૂઢ થયા ત્યારે તેઓનો પ્રભાવ અને પ્રતાપ કંઈક નવીનતમ જ જણાતો હતો. હોય જ ને ! કારણ, સ્વયં રાજાધિરાજ પુરુષોત્તમનારાયણ હતા.

વર્ણ અને આશ્રમની મર્યાદાને ધ્યાનમાં રાખી સર્વે સંતો તથા હરિભક્તો શ્રીહરિ સન્મુખ બિરાજ્યા હતા. સંપ્રદાયનો ઈતિહાસ કહે છે કે, શ્રીહરિની આ પ્રથમ દિવ્ય સભામાં લગભગ ૨૫૦૦૦થી પણ વધુ સંતો-હરિભક્તો ઉપસ્થિત હતા. છતાં નીરવ શાંતિ સ્થપાયેલી હતી. કારણ, સૌના હૈયે એક જ ઉત્કંઠા હતી,

'આ ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ વરણી કરેલા સહજાનંદ સ્વામી આજે શું વાતો કરશે ?'

આ અલૌકિક સભાની ગરિમાને વધારતાં તથા શ્રીહરિએ સેવેલા મૌનને તોડવા મુકુંદાનંદ બ્રહ્મચારીએ ઊભા થઈ શ્રીહરિને નમસ્કાર કરી પ્રાર્થના કરી, "હે સહજાનંદ સ્વામી, હવે તમે અમારા ગુરુ સ્વરૂપે છો. સદ્. રામાનંદ સ્વામીના સ્થાને છો, હવેથી અમે સૌ આપના શિષ્યો છીએ. અમે આપની આજ્ઞામાં યથાર્થ વર્તીશું. બસ, આપ દયા કરીને અમને શિક્ષાનાં વચનો કહો."

"ગુરુ મૂર્તિ છો હે મહારાજ, સ્વામી સ્થાને બિરાજો છો આજ;
આપો અમોને આજ્ઞા જેહ, શિર સાટે સ્વીકારશું તેહ,
સહુ શિષ્યોને પોતાના જાણી, તમો બોધ આપો દયા આણી;
સ્વામીશ્રી પોતે સભા ભરીને, બોધ આપતા દયા કરીને,
ગુરુપદે બિરાજો છો આપ, હરો ગુરુ વિજોગનો તાપ;
અમો છીએ શરણ તમારા, તમો આધાર એક અમારા."[૧]

મુકુંદાનંદ બ્રહ્મચારીની પ્રાર્થના સાંભળી શ્રીહરિએ સભાને સંબોધી. શ્રીહરિએ ધર્મધુરા સંભાળી તે પછીની પ્રથમ સભા તેઓશ્રીએ સંબોધી,

"વ્હાલા સંતો... વ્હાલા ભક્તો... કહી પ્રથમ સભા સંબોધી;
એકાગ્ર ચિત્તે ધરજો હૈયે, જે વાત અમે તો નોંધી."

બ્રહ્મચારીઓનાં, સંતોનાં તથા હરિભક્તોનાં પંચવર્તમાન (ધર્મો) સવિસ્તાર સમજાવતાં શ્રીહરિએ કહ્યું, "સાધકમાત્રની સાધનાની શરૂઆત નિયમ-ધર્મના પાલનથી થાય છે. અંતઃકરણ જ શુદ્ધ નથી તો મતિ શુદ્ધ થાય કેવી રીતે ? આ ઈન્દ્રિયો-અંતઃકરણને શુદ્ધ તથા સંયમિત કરવા ધર્મપાલન અતિ આવશ્યક છે. પૂર્વે મોટા મોટાઓ પણ ધર્મના અનુશીલનથી જ સુખ અને મોટ્યપ પામ્યા છે. ધર્મશાસ્ત્રોનું પણ આ જ રહસ્ય છે. માટે આપ સૌની સુખાકારી તથા આધ્યાત્મિક ઉન્નતિ માટે તમામ વર્ગ માટેના ધર્મ-નિયમો કહું છું તે સૌ ધ્યાનપૂર્વક સાંભળજો અને તે પ્રમાણે અનુસરજો તો જરૂર અમારા અવિચળ મહામોટા સુખની પ્રાપ્તિ થશે." એમ કહી શ્રીહરિએ તમામના ધર્મો સવિસ્તાર સમજાવ્યા.

શ્રીહરિએ શિક્ષાપત્રી તો વડતાલ મુકામે સંવત ૧૮૮૨ના રોજ લખી હતી. પરંતુ આ પ્રથમ સભામાં જ વાણી સ્વરૂપે સર્વે આશ્રિતમાત્રને શ્રીહરિએ શિક્ષાપત્રી

---

૧. શ્રી પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા : ગુચ્છ-૫, પુષ્પ-૧

આપી, એ પ્રમાણે વર્તવા આજ્ઞા કરી. કારણ, તેઓ જે ઉદ્દેશથી આ બ્રહ્માંડને વિષે દર્શન આપી રહ્યા હતા તે ઉદ્દેશ અર્થાત્ સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનનું મજબૂત પાસું ધર્મ અર્થાત્ પંચવર્તમાન છે. જે મુમુક્ષુના જીવનમાં પંચવર્તમાનની ખામી હશે તે કદીએ આત્યંતિક મુક્તિના પંથે ચાલી નહિ શકે. સૌને આત્યંતિક કલ્યાણના રાહે ચલાવવાના સ્પષ્ટ ઉદ્દેશથી શ્રીહરિએ સૌપ્રથમ સંબોધેલી સભામાં ધર્મ અર્થાત્ સંત-હરિભક્તોના પંચવર્તમાનને સ્થાન આપ્યું.

પંચવર્તમાનની સુપેરે સ્પષ્ટતા કર્યા બાદ જે માટે આ દિવ્યાતિદિવ્ય સ્વરૂપ આ બ્રહ્માંડને વિષે પ્રગટ થયા હતા તેવા શુદ્ધ સર્વોપરી સંપ્રદાયની સ્થાપના શ્રીહરિએ આજના શુભ મંગળકારી દિને સ્વયંના દિવ્ય નામ પ્રકાશનથી કરી હતી. સદ્. શ્રી રામાનંદ સ્વામીએ આ બ્રહ્માંડને વિષે પધારી ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી હતી. પરંતુ તેઓ દ્વારા દીક્ષિત સર્વે સંતોની તથા આશ્રિત હરિભક્તોની પાત્રતાના ભેદ તથા વિધ વિધ સમજણના પ્રભાવે તેઓ મનોવાંછિત ઈષ્ટદેવનું ભજન-સ્મરણ, પૂજન-અર્ચન તથા શ્રદ્ધા-આસ્થા રાખતા. જેમ એક ઘરમાં રહેનારા સર્વેની મતિ એક હોય તો જ ઘર ચાલે તેમ કોઈ પણ સંપ્રદાયના આશ્રિતમાત્રના એક ઈષ્ટદેવ, એક ભજન-સ્મરણ, એકનું જ પૂજન-અર્ચન તથા એકની જ સેવા-ભક્તિ હોય તો જ ઈષ્ટદેવની પ્રસન્નતા પામી શકાય. શ્રીહરિ જ્યારે સત્સંગમાં પધાર્યા ત્યારે તેઓશ્રી સંપ્રદાયમાં પ્રવર્તતી વિવિધતામાં એકતા કરાવવા અતિ ઉત્સુક હતા.

“કોઈ ભગવાં પીળાં ધોળાં વસ્ત્રો, મન ફાવે તે ધારે;
કોઈ ટોપી લુંગી કૌપીન રાખે, ઠીક લાગે તે વિચારે.
કોઈ આડી ઊભી અર્ચા ધારે, કોઈ ભાલે રાખ લગાવે;
કોઈ એક-બે કે વધુ ચાંદલા, કરી સુખ મનાવે.
એક સંપ્રદાય એક જ ગુરુ, એક ઈષ્ટ જ્યાં હોય;
ત્યાં સમાન વેશ ને સમાન ચિહ્ન, જરૂર હોવા જોય.
ભજન-સ્મરણ ને ધ્યાન જુદાં તે, ઉપાસના જુદી કહેવાય;
એકસૂત્રતા ને એક જ નિષ્ઠા, એ સત્સંગની શોભાય.”[૨]

શ્રીહરિ સદ્. રામાનંદ સ્વામી આગળ અવરભાવની રીતે શિષ્યભાવે વર્તતા

૨. ગુરુજી રચિત કીર્તન : એસ.એમ.વી.એસ. કીર્તન સરિતા

હતા. જ્યારે સદ્. રામાનંદ સ્વામી પણ શ્રીહરિના પ્રાગટ્યનો હેતુ સ્પષ્ટપણે સમજતા હતા તેથી તેઓએ વહેલામાં વહેલી તકે શ્રીહરિને માર્ગ મોકળો કરી આપ્યો. શ્રીહરિ જાણે આ સુવર્ણ તકની રાહ જોતા હોય તેમ પ્રથમ સભામાં જ આ યુગકાર્ય આરંભી દીધું સ્વયંના દિવ્ય નામ પ્રકાશનથી. શ્રીહરિએ સ્વમુખે સ્વયંનું નામ પ્રકાશન કર્યું.

"વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત્;
અમારાં નામ છે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર.
માર્કંડ ઋષિએ તે જેહ, નામ પાડ્યાં છે અમારાં તેહ;
કૃષ્ણ હરિ હરિકૃષ્ણ સાર, નીલકંઠ નામ નિરધાર.
વળી સ્વામી રામાનંદે જેહ, નામ પાડ્યાં છે અમારાં એહ;
સહજાનંદ સુખનું ધામ, બીજું નારાયણ મુનિ નામ.
રૂડું ઘનશ્યામ નામ જેહ, માતાપિતા કહેતાં કરી સ્નેહ;
એમ નામ અમારાં તે બહુ, પાડ્યાં નોખા નોખા જને સહુ.
પણ મુખ્ય અમારું જે નામ, તે તો ભૂલી ગયા છે તમામ;
કોઈને હાથ તે આવ્યું નહિ, એહ સારું નામ ગયું રહી.
હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો તે સહુ દાસ;
સ્વામિનારાયણ મારું નામ, સંભારતા સૌને સુખધામ.
બીજાં નામ લે કોઈ અપાર, તોયે આવે નહિ એની હાર;
સ્વામિનારાયણ નામ સાર, લીયે એક વાર નિરધાર.
તેને અપાર નામનું ફળ, મળે તરત જાણો એ પળ;
માટે સૌ જન લેજો વિચારી, આ છે નામ અતિ સુખકારી.
સ્વામિનારાયણ નામ સાર, રટજો સહુ તે નરનાર;
સર્વે નારાયણનો હું સ્વામી, માટે રહેજો મને કરભામી."[૩]

શ્રીમુખે સૌપ્રથમ વાર સ્વામિનારાયણ નામ પ્રકાશન થયું ત્યારે જેમના કર્ણપટ પર આ દિવ્ય નામની ભણક પડી તેમાંના ઘણાને સમાધિ થવા લાગી. એ સમાધિમાં મુક્ત મંડળે સહિત શ્રીહરિનાં દિવ્ય દર્શન થતાં હતાં.

શ્રીહરિએ સંવત ૧૮૫૮ના માગશર વદિ ૧૧ના દિવસે શ્રીમુખે સ્વામિનારાયણ નામ પ્રકાશન કરી સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી તેને

---

૩. શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર : તરંગ-૧૪

અજર-અમર બનાવી દીધો. વળી, આશ્રિતમાત્રને જુદા જુદા નામોનાં ભજન-સ્મરણ બંધ કરાવી આ સ્વામિનારાયણ મહામંત્રનું જ ભજન કરવાની આજ્ઞા કરી શુદ્ધ ઉપાસના પ્રવર્તનનું પ્રથમ ચરણ આરંભી દીધું.

## શીતળદાસમાંથી થયા વ્યાપકાનંદ

શ્રીહરિની આ વિશાળ સભામાં એક વૈરાગી સંત બેઠા હતા. શ્રીહરિનાં દિવ્ય દર્શન તથા સુધાવાણી સાંભળી વૈરાગી સંતના અંતરના ઘાટ સમી ગયા. સભાની સમાપ્તિ થતા પૂર્વે જ આ સંત ઊઠી શ્રીહરિનાં દર્શન કરવા આગળ આવ્યા.

શ્રીહરિએ પૂછ્યું, ''મહાત્માજી ! ક્યાંથી આવવાનું ?''

''મધ્ય ભારતના ઝરણાપરણા ગામથી આવું છું. ભગવાન શોધવા નીકળ્યો છું. શીતળદાસ મારું નામ.''

શ્રીહરિએ થોડું હાસ્ય રેલાવતાં પૂછ્યું, ''શીતળદાસ, ભગવાન મળ્યા કે ??'' શીતળદાસે નકારમાં માથું હલાવી કહ્યું, ''મધ્ય ભારતથી નીકળ્યો ત્યારે સાંભળ્યું કે પશ્ચિમ દેશમાં રામાનંદ સ્વામી નામે ભગવાન પ્રગટ થયા છે. એ જરૂર તમારો મોક્ષ કરશે. પણ અહીં આવ્યો ત્યારે ખબર પડી કે...'' આટલું બોલતાં શીતળદાસને ગળે ડૂમો બાઝી ગયો.

શ્રીહરિ તેઓનું દુઃખ પારખી ગયા અને તેઓને કહ્યું, ''શીતળદાસ, રામાનંદ સ્વામી તમને દર્શન આપે તો અહીં રહો કે ?''

''અરે મહારાજ, અત્યારે તો રામાનંદ સ્વામી શી રીતે દર્શન આપે ?'' શીતળદાસે આશ્ચર્યવત્ પૂછ્યું.

ત્યારે શ્રીહરિએ કહ્યું, ''તમે અહીં બેસીને નેત્ર બંધ કરી સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરો. સ્વામી તમને જરૂર દર્શન આપશે.''

શ્રીહરિની વાતમાં વિશ્વાસ રાખી શીતળદાસે તરત આસન ગ્રહણ કરી, નેત્ર બંધ કરી સ્વામિનારાયણ મહામંત્રનું રટણ ચાલુ કર્યું. સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરતાં શીતળદાસની વૃત્તિ તરત શ્રીહરિ સાથે એકાકાર થઈ ગઈ અને સમાધિ થતાં ત્યાં જ ઢળી પડ્યા. શીતળદાસને અચાનક ઢળી પડતા જોઈ સભામાં બેઠેલા કેટલાક સંતો-હરિભક્તો ઊભા થઈ જોવા લાગ્યા, 'અરે આ શું ? આ વૈરાગીને અચાનક શું થયું ?' શ્રીહરિએ તેઓને કહ્યું, ''તમે કોઈ મૂંઝવણ ન અનુભવશો. તેમને સ્વામિનારાયણ મહામંત્રના રટણથી સમાધિ થઈ છે.''

સમાધિમાં અક્ષરધામમાં શ્રીહરિના દિવ્ય રાજસિંહાસન પર બિરાજેલા તથા અનંત મુક્ત મંડળે સહિત વીંટળાયેલા દર્શન થયાં. શીતળદાસે કેવું દીઠું અક્ષરધામ !!

"કોટિ કોટિ શશી સૂર્ય સમ, અતિ શીતળ સુખદ અનંત;
એવા તેજોમય ધામમાં, દીઠા પુરુષોત્તમ ભગવંત.
જે છબી જોઈ ફણેણીમાં, દીઠી એ જ પ્રત્યક્ષ પ્રમાણ;
અનંત અક્ષર મુક્ત મળી, સજે સેવા પરમ સુજાણ."[૪]

શ્રીહરિ અને અનંત મુક્તોનાં દિવ્ય તેજોમય દર્શન થતાં શીતળદાસને અનંતાનંત મુક્તોનું પૂજન-અર્ચન કરવાની ઇચ્છા થઈ પણ પોતે એક અને મુક્તો અનેક !! કઈ રીતે સૌની પૂજા થાય ? ત્યારે શ્રીહરિએ તેઓને અંતર્યામીપણે પૂછ્યું, "શીતળદાસ, શું સંકલ્પ કરો છો ? તમારે અનંત મુક્તોની પૂજા કરવી છે ?" શીતળદાસે 'હ'કારમાં માથું હલાવ્યું. શ્રીહરિએ તેઓને કહ્યું, "તમે સંકલ્પ કરો કે જો રામાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાન હોય તો તેમની કૃપાએ તમારાં અનંત સ્વરૂપો થાય." શીતળદાસે તે પ્રમાણે સંકલ્પ કર્યો પરંતુ સિદ્ધ ન થયો. તેથી શ્રીહરિએ ફરીથી કહ્યું, "હવે તમે સંકલ્પ કરો કે આ ઊભેલામાંના કોઈ પણ જો પૂર્ણ પુરુષોત્તમનારાયણ હોય તો મારાં અનેક સ્વરૂપો થાય." શીતળદાસે એવો સંકલ્પ કર્યો પણ સિદ્ધ ન થયો. શ્રીહરિએ ફરીથી કહ્યું, "હવે તમે ફરી સંકલ્પ કરો કે આ સહજાનંદ સ્વામી જો પૂર્ણ પુરુષોત્તમનારાયણ હોય તો મારાં અનંત સ્વરૂપો થાય." શીતળદાસે શ્રીહરિના કહ્યા મુજબ સંકલ્પ કર્યો કે તરત શીતળદાસનાં અનંત રૂપ થઈ ગયાં. જેટલા મુક્તો એટલા શીતળદાસનાં સ્વરૂપો. શીતળદાસે હરખભેર અનંત મુક્તોની પૂજા કરી. એ વખતે સદ્. રામાનંદ સ્વામીની પૂજા કરતાં શીતળદાસ બોલી ઊઠ્યા,

"રામાનંદજીની પૂજા કરી, કરી વિનંતી ભલો ભાવ ધરી;
તમે ભગવાન છો મહારાજ, હું તો આવ્યો'તો તમારે કાજ.
સુણી બોલ્યા રામાનંદ સ્વામી, ભગવાન તો અક્ષરધામી;
તમે જોયા ફણેણીમાં જેહ, જુઓ આ દિસે પ્રત્યક્ષ એહ.
સર્વે અવતારના અવતારી, સર્વોપરી વિશ્વવિહારી;
હું તો છું એના દાસનો દાસ, સજું સેવા રહી પ્રભુ પાસ."[૫]

રામાનંદ સ્વામીના કહેવાથી તથા દિવ્ય અનુભૂતિથી શીતળદાસને શ્રીહરિ પ્રતિ

---

**૪,૫.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૩

સ્વરૂપનિષ્ઠાની ઠાવકી ઘેડ્ય પડી ગઈ કે, ‘આ શ્રીહરિ જ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે.’ સમાધિમાંથી જાગૃત થઈ શીતળદાસે શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને અહોભાવે યુક્ત પ્રાર્થના કરી, ‘‘હે મહાપ્રભુ, આપને પામવા જ મેં સંસારની મોહમાયાનો ત્યાગ કર્યો છે. દયાળુ, આપે દયા કરી આપનું સ્વરૂપ ઓળખાવ્યું છે. હવે મારી ચાર ધામની જાત્રા આપના ચરણોમાં જ પૂર્ણ થઈ. હવે મને આપની પાસે સદાયને માટે સેવક બનાવી રાખી લો.’’

શ્રીહરિએ શીતળદાસની પ્રાર્થના સાંભળી સ્વયંના દિવ્ય હસ્તે સૌપ્રથમ તેઓને ભાગવતી દીક્ષા આપી વ્યાપકાનંદ સ્વામી નામ પાડ્યું. સદ્. રામાનંદ સ્વામીની અંતર્ધાન લીલા નિમિત્તની ચૌદમાની સભા સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં ગૌરવવંતું સ્થાન પામી. સદ્. રામાનંદ સ્વામીના હરિભક્ત શિષ્યોમાંના ઘણા શિષ્યોને થયા કરતું કે, ‘સ્વામીના ત્યાગી શિષ્યો સહજાનંદ સ્વામી કરતાં ઘણા મોટા, સુજ્ઞ તથા જૂના હતા. વળી તેઓ સ્વામી સાથે ઘણાં વર્ષો સુધી રહ્યા તેથી સ્વામીનાં સંકલ્પો, સાધુતા, રીતિ-નીતિ જાણતા તે બધા જૂના શિષ્યોને છોડી સ્વામીએ આ નવા અને ઉંમરમાં સાવ નાના શિષ્ય એવા સહજાનંદ સ્વામીને કેમ પોતાની ગાદીએ બેસાડી દીધા ? એવું તો સહજાનંદ સ્વામીમાં શું જોયું તો સ્વામીએ આમ કર્યું ?’ એ સર્વેની સંશય ગ્રંથિ આ ધર્મસભા નિમિત્તે ટળી ગઈ. આ સભામાં આવેલા સર્વે સંતો-હરિભક્તોને શ્રીહરિનાં દર્શન તથા અમૃત વચનો સુણી થયું, ‘આ સહજાનંદ સ્વામી ભલે નાના અને નવા દીસે છે પણ સ્વામીએ તેમનું હીર પારખી યોગ્ય નિર્ણય જ લીધો છે. આ સહજાનંદ સ્વામી જ સદ્. રામાનંદ સ્વામીએ સ્થાપેલા સંપ્રદાયને વિશ્વભરમાં ફેલાવશે.’

## ધોરાજી પાવન થયું શ્રીહરિના ચરણકમળથી

સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપનાની આ ઐતિહાસિક સભા પૂર્ણ થયા બાદ શ્રીહરિએ સદ્. મુક્તાનંદ સ્વામીને બોલાવી કહ્યું, ‘‘સ્વામી, આજે આપણે સ્વામીની અંતર્ધાન લીલાના દુઃખની નિવૃત્તિ સારુ દેશોદેશના હરિભક્તોને તેડાવ્યા પણ કચ્છ જેવા દૂર દેશાંતરથી હરિભક્તો આવી શક્યા નથી. તો એમના શોક નિવૃત્તિ સારુ આપ સંત મંડળે સહિત કચ્છ દેશમાં પધારો અને ત્યાંના ભક્તોને સદ્. રામાનંદ સ્વામીના વિયોગના દુઃખથી નિવૃત્તિ પમાડો એવી અમારી ઈચ્છા છે.’’

અતિ નિર્માની અને સરળ મૂર્તિ સદ્. મુક્તાનંદ સ્વામી જેઓ શ્રીહરિ કરતાં અવરભાવમાં ૨૪ વર્ષ મોટા હતા. વળી, સદ્. રામાનંદ સ્વામીના સૌથી જૂના અને વડીલ સંત. એટલું જ નહિ, શ્રીહરિ વર્ણી વેષે જ્યારે સૌપ્રથમ લોજપુર મુકામે પધાર્યા ત્યારે વર્ણીરાજ પોતાની આજ્ઞામાં નવ નવ મહિના રહ્યા. પરંતુ સદ્. રામાનંદ સ્વામીના વચનનો કેવો સ્વીકાર હશે કે પોતાના જૂનાપણાનું, વડીલપણાનું માન મૂકી શ્રીહરિના અદના સેવક બની તેઓની આજ્ઞા-અનુવૃત્તિ આધારે સ્વજીવનને ઢાળી દીધું અને આજીવન પર્યંત શ્રીહરિની મરજી-રુચિમાં રહ્યા.

શ્રીહરિની પોતાને ભૂજ મોકલવાની ઈચ્છા જાણી સદ્. મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને બે હસ્ત જોડી વિનમ્રભાવે કહ્યું, “મહારાજ, આપની આજ્ઞા છે તો હું જરૂર કચ્છમાં વિચરણ કરવા જઈશ પરંતુ મને અહીં આપની ચિંતા રહે છે. આ રઘુનાથદાસ દેહાભિમાની છે. તેને આપનો સ્વીકાર નથી. તેથી જરૂર આપના વિચરણમાં, સત્સંગમાં નડતરરૂપ બનશે. હરિભક્તોને આપની વિરુદ્ધ કાનભંભેરણી કરશે. માટે એમને અમદાવાદ મોકલી દેજો. જેથી આપ સુખે સુખે સત્સંગ વિચરણ કરી શકો અને આ રામદાસજી સ્વામીને આપની સાથે રાખજો. તેઓ આપને મદદરૂપ થશે.”

શ્રીહરિએ પણ દાસત્વભાવે સદ્. મુક્તાનંદ સ્વામીની પ્રાર્થના સ્વીકારતાં કહ્યું, “ભલે સ્વામી, આપ જેમ કહો તેમ કરીશું.” આમ, શ્રીહરિની આજ્ઞા શિરોવંદ્ય કરી સદ્. મુક્તાનંદ સ્વામીએ સંત મંડળે સહિત ભૂજ જવાની વાટ પકડી. આ બાજુ ધોરાજી ગામના માવજી દવેએ આવી શ્રીહરિને પ્રાર્થના કરી, “દયાળુ, આપની પદરજથી ધોરાજીને પાવન કરવા પધારો. ત્યાં ઘણા મતવાદીઓ રહે છે જે શાસ્ત્રોના નિયમ અને સિદ્ધાંતોથી વિરુદ્ધ વર્તે છે. વળી, સ્વર્ગ-નર્ક તથા ભગવાનના સ્વરૂપને મિથ્યા કહે છે. આપ પધારો અને તેઓને સાચી સમજણ આપો.”

શ્રીહરિએ માવજી દવેની પ્રાર્થના સાંભળી ગાદીએ આરૂઢ થયા પછી સૌપ્રથમ વિચરણની શરૂઆત ધોરાજીથી કરી. શ્રીહરિએ સંતો-હરિભક્તોને સાથે લીધા. સદ્. મુક્તાનંદ સ્વામીની આજ્ઞા અનુસાર રામદાસજી સ્વામીને પણ સાથે લીધા. શ્રીહરિ સત્સંગ સંબંધિત તમામ નિર્ણયોમાં રામદાસજી સ્વામીની સલાહ લઈ સર્વે કાર્ય કરતા તેથી શ્રીહરિ તેઓને ‘ભાઈરામદાસ’ના ઉપનામથી સંબોધતા.

શ્રીહરિ ફણેણીથી પધારવાનું કરતા હતા ત્યારે ત્યાંના હરિભક્તોએ શ્રીહરિને સુંદર વસ્ત્રો ધરાવી પૂજન-અર્ચન કર્યું અને સુંદર અશ્વ પર બિરાજમાન કર્યા.

સૌપ્રથમ વખત રાજાધિરાજ શ્રીહરિ પર છત્ર ધર્યું. આમ, શ્રીહરિ અદ્‌ભુત સવારી સાથે ધોરાજી પધાર્યા. ધોરાજીના ભક્તોએ શ્રીહરિનું અદ્‌ભુત સ્વાગત કર્યું. શ્રીહરિએ માવજી ભક્તના ઘરે ઉતારો કર્યો. જ્યારે શ્રીહરિ સાથે આવેલા સંઘે લાલ વડની નીચે ઉતારો કર્યો. શ્રીહરિએ રાત્રે માવજી ભક્તના ઘરે વાળુ કર્યું. ત્યારબાદ લાલ વડે પધાર્યા. તે સમે શ્રીહરિના આગમનને વધાવતાં આકાશમાંથી અદ્‌ભુત ચંદનની વૃષ્ટિ થઈ.

શ્રીહરિ એક મશાલવાળાને સાથે લઈ પ્રત્યેક હરિભક્તના ઉતારે પધાર્યા. સહુએ ભોજન ગ્રહણ કર્યું કે કેમ ? ઉતારામાં બધી વ્યવસ્થા છે કે કેમ ? તેમ સૌને કુશળ પૂછી સુરક્ષાનો પ્રબંધ કર્યો. વળી સૌને કહેતા કે, ‘‘તમારે જે કંઈ જોઈએ તે અમને જણાવજો, કોઈ મૂંઝવણ ન અનુભવશો.’’ આ રીતે સહુ ભક્તોની સારસંભાળ લેતાં સુહૃદયી શ્રીહરિ ઉતારે જઈ પોઢી ગયા. અહીં સૌ હરિભક્તો પણ શ્રીહરિની કરુણાને સ્મરણતાં, ગદ્‌ગદભાવે વ્યક્ત કરતાં પોઢી ગયા.

બીજે દિવસે સવારે નિત્યક્રમથી પરવારી શ્રીહરિ લાલ વડે પધાર્યા. ત્યારે ગામના કેટલાક મતવાદીઓ વગર આમંત્રણે આવ્યા અને શ્રીહરિની સન્મુખ આવી બેસી ગયા. અંતર્યામી શ્રીહરિ તેમના અંતરનું જાણી તેઓને સંબોધીને વાત કરવા લાગ્યા જે, ‘‘શાસ્ત્રોમાં જે સત્પુરુષોએ આજ્ઞા તથા ધર્મ-નિયમનાં વચનો કહ્યાં છે તે સત્ય છે. જે તે પ્રમાણે વર્તે છે તે જ મોક્ષગતિને પામે છે. એ સિવાયના બધા નરકના અધિકારી થાય છે. માટે જેને આજે અથવા કાલે મોક્ષ પામવો હશે તેમણે જરૂર ધર્મ-મર્યાદામાં વર્તવું જ પડશે.’’ શ્રીહરિના ઉપદેશ વચનોની મતવાદીઓ પર વિપરીત અસર થઈ. તેઓમાંના એક મુખિયા ઊભા થઈને બોલવા લાગ્યા, ‘‘જીવનમુક્તા, મોક્ષગતિ કે નરક એવું કાંઈ હોતું નથી. તમે આવા ઉપદેશ આપીને લોકોને ભરમાવો છો પણ અમે ન માનીએ. જે તમારા શાસ્ત્રોની ધર્મ-મર્યાદાઓ લોપીને વર્તે છે એવા કેટલાક લોકો, કેટલાય મોટા રાજાઓ આનંદદાયક જીવન વિતાવે છે. જ્યારે તમારા ધર્મ-નિયમ પાળનારાને ઘણાને ઉદર પોષણ માટે અન્ન પણ મળતું નથી. અને રહી વાત મરીને મોક્ષ પામવાની કે નરકના અધિકારી થવાની તો એ તો કોણે જોયું છે ? જે આપ કહો છો એવું સાચું જ હોય તો નરક અને ધામ બતાવો તો અમે તમારી વાત માનીએ.’’

મતવાદીઓ આ વાત સાંભળી કટાક્ષમાં હસ્યા. તેમને તો એવું જ હતું કે જીવનમુક્તામાં કઈ તાકાત કે તેઓ નરક ને ધામ બતાવી શકે ? કથનમાત્ર છે એટલે

એમણે આપણને નમવું જ પડશે. પણ આ મતવાદીઓને ક્યાં ખબર હતી કે આપણે કોની સામે બાથ ભીડી છે ? જેના રોમસુછિદ્રમાં અણુસમાં બ્રહ્માંડ કોટિ ફરે એવા પૂર્ણ પુરુષોત્તમનારાયણ સંકલ્પમાત્રમાં ધારે તે કરવા સમર્થ છે.

શ્રીહરિએ પણ મતવાદીઓની વાત સ્વીકારતાં કહ્યું, ''સારું ત્યારે... તમારે નરકનો અનુભવ જ કરવો છે ને !'' એમ કહી સાથે આવેલા સંતો-હરિભક્તોને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવા કહ્યું. સર્વેએ ભેગા મળી ગગન ગજાવે એવી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન શરૂ કરી ત્યાં તરત જ એક પછી એક મતવાદીઓને સમાધિ થવા લાગી. સમાધિ થતાં જ પોતાના સ્થાને પડી ગયા, જાણે મૃત્યુ પામ્યા ન હોય ! વળી સમાધિ અવસ્થા દરમ્યાન તેઓનો દેહ પણ નિશ્ચેતન પડ્યો હોય અને નાડી પણ શિથિલ.

શ્રીહરિએ સમાધિમાં આ સર્વે મતવાદીઓને નરક દેખાડ્યું. નરકમાં ઘાટો અંધકાર, બિહામણી ચિચિયારીઓ, લોહીના ઊકળતા કુંડો, વિષ્ટાના ઢગલા, બિહામણા દેખાવવાળા યમના દૂતો – આ સર્વે જોઈ મતવાદીઓને શ્રીહરિની વાત સત્ય મનાઈ. હવે આ નરકમાંથી છૂટવા સર્વેએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી ત્યાં અક્ષરધામમાં શ્રીહરિના દિવ્ય તેજોમય દર્શન થયાં. થોડી વારે શ્રીહરિએ તેઓને સોટી અડાડી સમાધિમાંથી જગાડ્યા. તરત જ તે સર્વે બેઠા થઈ શ્રીહરિના ચરણમાં ઢળી પડ્યા અને પ્રાર્થના કરવા લાગ્યા જે, ''હે જીવનમુક્તા સ્વામિનારાયણ, આપ જે વાત કરો છો તે જ પરમ સત્ય છે અને અમોએ દઢ કરેલી સમજણ પરમ અસત્ય છે. અમારી અણસમજણની ઓથે અમો આજ સુધી પાપી, અધર્મી, દુરાચારી તથા વ્યભિચારી જીવન જ જીવ્યા છીએ તો અમોને ક્ષમા કરશો. આજથી અમો અમારા મતનો ત્યાગ કરીને આપના આશ્રિત થઈએ છીએ. અમારી આજ સુધીની અક્ષમ્ય ભૂલોને ભૂલી જઈ અમારો સ્વીકાર કરો. અમે જેમ આપ તથા આપના સંતો કહે તેમ જ વર્તીશું.'' અતિ દયાળુ શ્રીહરિએ તેઓને માફ કરી દીધા અને વર્તમાન ધરાવી, નિયમો આપી નિજાશ્રિત કર્યા. આ જોઈ માવજી દવે તથા ધોરાજીના અન્ય હરિભક્તો ખૂબ રાજી થયા કે, 'હાશ, હવે ગામમાં સ્વામિનારાયણનો સત્સંગ કરવામાં કોઈ વિરોધ નહિ કરે, સર્વે મદદરૂપ થશે.'

ધોરાજીના પ્રેમીભક્તોએ શ્રીહરિ તથા સંત મંડળને ભાવથી રસોઈ જમાડી વિદાય આપી.

## ભાડેરમાં શ્રીહરિનું આગમન

શ્રીહરિ ધોરાજીથી ભાડેર પધાર્યા. ભાડેરમાં ગોકળદાસ, વાઘજીભાઈ આદિ હરિભક્તોએ શ્રીહરિનું ભાવભીનું સ્વાગત કર્યું. ગોકળદાસે શ્રીહરિને પ્રાર્થના કરી, "દયાળુ, અમોને આપને તથા આપની સાથે આવેલા સંતો-ભક્તોને જમાડવાની ખૂબ ઇચ્છા છે. જો આપ આજ્ઞા કરો તો અમે રસોઈની તૈયારી કરીએ." શ્રીહરિએ તેઓ પર પ્રસન્ન થઈ રસોઈ બનાવવાની અનુમતિ આપી. ગામના સર્વે રહીશો શ્રીહરિ તથા સંતો-હરિભક્તોને જમાડવાની તૈયારીમાં લાગી ગયા. ગોકળદાસ તો આખી રાત સૌ માટે દૂધ અને દહીં ભેળું કરવાની તજવીજમાં જાગ્યા.

બીજે દિવસે બપોરે સર્વે સંતો-હરિભક્તોએ શ્રીહરિને મંડપ મધ્યે બાજોઠ પર બિરાજમાન કરી છત્રીસ પ્રકારનાં વ્યંજનો પીરસ્યાં. શ્રીહરિએ તમામમાંથી માત્ર એક એક ગ્રાસ જેટલું ભોજન ગ્રહણ કરી ચળું કર્યું. સ્વયં ઉતાવળા થકા જમાડી લીધું. કારણ, સંતો-હરિભક્તોને જમાડવા તેઓ અતિ ઉત્સાહી હતા. શ્રીહરિએ સૌપ્રથમ સર્વે સંતોને પિરસણ લીલાનો લાભ આપ્યો. લહેરખડો લહેરી કમરે પીતાંબર કસીને બાંધેલા થકા સૌ સંતોને દૂધ અને દહીં અખંડ ધારે પીરસતા હતા. (અખંડ ધાર એટલે કમંડળુ એક વાર નીચે નમાવ્યા પછી પીરસતા રહેવાનું. ખાલી ન થાય ત્યાં સુધી ઊંચું કરવાનું જ નહીં.)

સંતોને તૃપ્ત કર્યા બાદ શ્રીહરિએ હરિભક્તોને તથા ગામવાસી દરબારોને પિરસણ લીલાનો લાભ આપ્યો. શ્રીહરિએ સૌને અત્યંત પ્રેમથી એટલું પીરસ્યું કે એ જગ્યાએ ઢોળાયેલાં દહીં-દૂધનો ગારો થઈ ગયેલો. વળી, શ્રીહરિની ધોતી પણ દૂધ-દહીંવાળી થઈ ગયેલી.

અનંતકોટિ બ્રહ્માંડના નાથના હસ્તે જમાડવાનો લાભ મળતાં સૌ ખૂબ દિવ્યાનંદમાં ગરકાવ થઈ ગયેલા. બપોરે થોડો આરામ કર્યા બાદ શ્રીહરિ ગામના ચોરે સભા કરીને બિરાજ્યા. સ્વયં સત્તાધીશ અને અનંતનાં નાડીપ્રાણ ધરનાર દિવ્યાતિદિવ્ય સ્વરૂપ હોવા છતાં આશ્રિતમાત્રને વિનય-વિવેકના પાઠ શીખવવા શ્રીહરિ પોતાના સિંહાસનની બાજુમાં જ મોટેરા સંતોને બેસાડતા. તેઓનું બહુમાન કરતા.

સત્સંગીમાત્ર શ્રીહરિને પૂછીને પોતાના કોઈ પણ વ્યવહારિક કાર્યનો આરંભ કરતા. જ્યારે શ્રીહરિ સત્સંગ સંબંધિત કોઈ પણ કાર્ય સાથે રહેલા ભાઈરામદાસજી

સ્વામીને પૂછીને કરતા. કેટલું નિર્માનીપણું અને સરળતા !!

શ્રીહરિ સભા ભરીને બિરાજિત હતા. તે સમે એક ખેડૂત સાંતી હાંકી ત્યાંથી નીકળ્યા. શ્રીહરિની દૃષ્ટિ તેમના પર પડતાં તેમને સમાધિ થઈ ગઈ. સમાધિમાં દિવ્ય તેજપુંજ મધ્યે શ્રીહરિનાં દર્શન થયાં ત્યારે ખેડૂતને અંતરમાં સુખ અને શાંતિના શેરડા છૂટવા માંડ્યા. થોડી વાર થતાં સમાધિમાંથી જાગૃત થઈ શ્રીહરિને પ્રણામ કરી તેઓ ઘરે ગયા. બીજે દિવસે બપોરે આ ખેડૂત ખેતરે જમાડીને આડા પડખે થયા ત્યાં ફરીથી શ્રીહરિની દિવ્ય મૂર્તિનાં દર્શન શરૂ થયાં.

પૂર્વે ઋષિમુનિઓ ભગવાનની પ્રાપ્તિ કરવા તપ કરી કરીને રાફડા થઈ ગયા. એવા અતિ દુર્લભ શ્રીહરિ આજે ખેડૂત માટે કેટલા સોંઘા ને સુલભ થઈ ગયા !! ખેડૂતને થયું, 'આ લોજવાળા સરજુદાસજી બહુ ચમત્કારી છે.' પછી તો વર્ષો સુધી આ ખેડૂત શ્રીહરિની મૂર્તિને સંભારે તો શ્રીહરિની મૂર્તિ તેમને ઇદમ્ દેખાતી. થોડાં વર્ષો બાદ ગોંડલના વિપ્ર જેઠા ભગત આ ખેડૂતના ઘરે કોઈક લગ્નપ્રસંગે ગોરવૃત્તિ કરવા ગયેલા. ત્યારે જેઠા ભગતે આ ખેડૂતને વાત કરી કે, "આ સમે સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પ્રગટ થયા છે અને તેમના સંતો પણ જીવોના મોક્ષ માટે ઠેર ઠેર વિચરે છે. માટે તેમનો આશરો કરી જીવનું કલ્યાણ કરી લેવા જેવું ખરું." ત્યારે વૃદ્ધ ખેડૂત બોલ્યા, "મોરે હું ભાડેર રહેતો ત્યારે ત્યાં સરજુદાસ સમાધિ કરાવતા. તે એક વાર સાંતી હાંકીને હું જતો હતો ત્યારે મને સમાધિ કરીને તેમનું ધામ દેખાડેલું. ત્યાં હું રહ્યો થોડી વાર પણ જાણે હજારો વર્ષ પર્યંત મેં સુખ ભોગવ્યું હોય તેવું મને જણાયું. એ સરજુદાસની શોભા તો વર્ણવાય નહિ એવી દિવ્ય હતી. આજે પણ હું સરજુદાસની મૂર્તિને સંભારું તો મને ઇદમ્ દેખાય છે. એ જેવા તો તમારા સ્વામિનારાયણ નહિ જ ને ?" ત્યારે જેઠા ભગત બોલ્યા, "ભાભા, એ સરજુદાસ જ સ્વામિનારાયણ ભગવાન છે. તમે તેમની મૂર્તિને સંભારી રાખજો. મહારાજ જરૂર તમને અંતકાળે ધામમાં તેડી જશે." જેઠા ભગતના કહેવા મુજબ આ ખેડૂત બીમાર પડ્યા અને અંતકાળે શ્રીહરિ સાંભરી આવ્યા ત્યારે શ્રીહરિ તેમને દર્શન આપી ધામમાં તેડી ગયા.

શ્રીહરિ ભાડેરમાં અનેક લીલાઓ કરી માણાવદર પધાર્યા.

## શ્રીહરિ પધાર્યા માણાવદરમાં

મયારામ ભટ્ટના આગ્રહને વશ થઈ શ્રીહરિએ સંત મંડળે સહિત માણાવદર

પધારવાનું નક્કી કર્યું. મયારામ ભટ્ટે માણાવદરમાં નવાબ ગજેફરખાનને અગાઉથી શ્રીહરિના આગમનના સમાચાર મોકલાવી દીધા હતા.

નવાબ ગજેફરખાન શ્રીહરિની પરભાવી મૂર્તિથી અત્યંત આકર્ષિત હતા. શ્રીહરિની ચોમેર કીર્તિ સુણી નવાબને એટલું તો દૃઢપણે નક્કી થઈ ગયેલું કે, 'આ પરમઈશ્વરીય મૂર્તિ છે.' નવાબે શ્રીહરિના સામૈયા માટે રતીભાર પણ કસર રહેવા દીધી ન હતી. શ્રીહરિ માણાવદર પધાર્યા ત્યારે નવાબ પોતે પોતાની બેગમ સાથે શ્રીહરિનું સ્વાગત કરવા માણાવદરના પ્રવેશદ્વારે આવ્યા.

રાજાધિરાજ સમ્રાટને શોભે એવું ભવ્ય સ્વાગત નવાબ ગજેફરખાને શ્રીહરિનું કર્યું અને શ્રીહરિના ચરણમાં ઘૂંટણિયાભેર બેસી કાકલૂદી કરવા લાગ્યા,

"तुम समरथ शिरदार सबे, तुमारे शिर नहि कोई ।
खाबिन्द हो सब खलकक, तुमारे शरन हम होई ॥
राजपाट समृद्धि सब, तुमारो दियो हम खात ।
एसे अलौकिक आप हो, सबकुं नहीं ओलकात ॥"[૬]

"આપ સર્વે સમર્થ અગ્રણી છો. આપના ઉપરી કોઈ નથી. આપ સમગ્ર વિશ્વના માલિક છો એટલે અમે આપને શરણે આવ્યા છીએ. રાજપાટ અને બધી સમૃદ્ધિ આપની જ છે. આપે દીધેલું જ અમે ખાઈએ છીએ. આપ એવા અલૌકિક છો જે બધાને ઓળખાતા નથી. આપ ગામમાં પધારો. અમને અનાથને સનાથ કરો."

શ્રીહરિનું આ ભવ્ય સન્માન તથા યશ-કીર્તિ સાથે આવેલા રઘુનાથદાસથી ખમાણાં નહીં. તેથી પોતાના મળતિયાઓને અંદરોઅંદર શ્રીહરિ પરત્વે વિરોધાત્મક વાતાવરણ ઊભું કરી સૌને ભરમાવતા કે, "ખરેખર રામાનંદ સ્વામીની ગાદીનો ખરો વારસ તો હું છું. સ્વામીના તમામ ગુણોનો પ્રકાશ મુજમાં થયો છે. તમે સમજો જરા."

"રામાનંદની ગાદીને આશે, માંડ્યો પાખંડ રઘુનાથદાસે;
ગુરુડોળ બનાવીને બેસી, કાઢે શ્રી રામાનંદની દેશી.
ઘનશ્યામનું બોલે ઘસાતું, સુણી સંતે સહન નથી થાતું;
કહે ગાદીનો વારસ હું છું, શ્રેષ્ઠ શિષ્ય તો હું જ ઠરું છું.
માટે મેં ગુરુનું પદ લીધું, રામાનંદે દૈવત મને દીધું;
એવાં સાંભળી વચન પ્રકાશ, ખીજ્યા સાધુ રામચર્ણદાસ."[૭]

૬. શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૩, તરંગ-૧૧
૭. હરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૧

શ્રીહરિની સાથે વિચરણ કરતા નિર્મળ અને પવિત્ર સંત રામચરણદાસજી આ રઘુનાથદાસનું કરતૂત જોઈ તેમને રોકટોક કરતા, પાછી વૃત્તિ કરાવતા પણ દેહાભિમાનના નશામાં ચકચૂર રઘુનાથદાસ રામચરણસ્વામીની કોઈ ટકોર સાંખતા નહીં. ઉપરથી તેઓને પણ શ્રીહરિ પરત્વે અભાવ નાખવાની પ્રવૃત્તિ કરતા. આ બધું જોઈ એક વાર રામચરણસ્વામીએ શ્રીહરિ આગળ રોષ ઠાલવ્યો, ‘‘મહારાજ, આ રઘુનાથદાસ સત્સંગમાં રહ્યે થકે કેટલાય જીવનું બગાડે છે. આપનો અભાવ નાખીને તથા પોતાને ગુરુના વારસદાર તરીકે સ્થાપિત કરીને લોકોને ભરમાવે છે. આ તો આંગળીએ કીડિયારાનો રોગ થયો હોય તેને કાપે જ છૂટકો; તો પંડ (શરીર) કુશળ રહે. નહિતર...’’ શ્રીહરિએ રામચરણસ્વામીને સમજાવતાં કહ્યું, ‘‘સ્વામી, તમારી વાત સાવ સાચી છે પણ રામાનંદ સ્વામીની અંતર્ધાન લીલા પછી તરત આમ સત્સંગમાં ફિટાડો પડે તે સારું નથી. માટે આપણે ધીરજતાથી યુક્તિપૂર્વક કામ લઈશું. તમે પણ ધીરજ રાખો.’’ રામચરણસ્વામીએ થોડા આક્રોશ સાથે કહ્યું, ‘‘મહારાજ, આ રઘુનાથદાસ આસુરી મતિવાળો છે. ગુરુજી પણ સારી પેઠે તેને ઓળખતા. તમે મારું માનો અને તેને વહેલી તકે સત્સંગમાંથી રજા આપો. જો તમે તેને રજા નહિ આપો તો હું સત્સંગમાં રહીશ નહીં. કારણ કે મારે આપને વિષે પ્રીતિ છે, આપને વિષે બે હીણા શબ્દો પણ સાંખી લેવા હું તૈયાર નથી તો... આગળ હું શું કહું ? પણ એ સત્સંગમાંથી જશે પછી જ હું પરત આવીશ. ત્યાં સુધી જ્યાં જ્યાં વિચરીશ ત્યાં આપનો મહિમા કહીશ.’’ શ્રીહરિએ તેઓને ફરીથી સમજાવ્યા, ‘‘સ્વામી, તમે કહો છો એમ જ થવાનું છે. પણ અત્યારે આપણે ધીરજ રાખવાની છે.’’ આટલું કહી શ્રીહરિ ઉતારે પધારી ગયા.

જીવાત્મા કેવો દેહાભિમાનની બેડીમાં કેદી બની રહ્યો છે ! રઘુનાથદાસે પોતાના જીવાત્માના મોક્ષ માટે જ સંસારનો ત્યાગ કરી ગુરુચરણે જીવન સમર્પિત કર્યું. પણ દેહાભિમાનની લપેટમાં ફસાઈ મોક્ષદાતા શ્રીહરિનો વારંવાર દ્રોહ કરી મોક્ષ માર્ગે જાતે જ ખંભાતી તાળું મારી દીધું. જ્યારે એક મુસ્લિમ નવાબ અને તેમનાં બેગમ પર શ્રીહરિની કેવડી કૃપા કે તેઓ શ્રીહરિના પરભાવી સ્વરૂપને પિછાણી શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી મોક્ષ માર્ગે ગતિ પામ્યાં.

## પીપલાણાથી પધરામણીનો પ્રારંભ

માણાવદરમાં અનેક મુમુક્ષુઓને સ્વયંના સંબંધયોગથી સુખિયા કરી અનેક નવા

આદરવાળા જીવોનો મોક્ષ માર્ગ ઉઘાડી શ્રીહરિ સ્વયંના દીક્ષાસ્થાન એવા પીપલાણામાં પધાર્યા. પીપલાણાના હરિભક્તો નરસિંહ મહેતા, કલ્યાણજી, વાલજી, રઘુનાથ, રવજી, ઉકાડવ, લાધા જોષી, રાઘવભાઈ સોની, ફતોભાઈ, રામભાઈ કણબી આદિકે શ્રીહરિનું ભાવભીનું સ્વાગત કર્યું. પીપલાણાના પાદરમાં પહોંચતાં જ શ્રીહરિ અવરભાવની રીતે સદ્. રામાનંદ સ્વામી સાથેના પ્રથમ મિલનની એ દિવ્ય પળોની સ્મૃતિ થતાં ગદ્ગદિત થઈ ગયા. સાથે આવેલા સંતો-હરિભક્તો સાથે શ્રીહરિએ આ સ્મૃતિઓને વાગોળી સૌને મહિમાસભર કર્યા.

વળી, બીજે દિવસે મકરસંક્રાતિનું દિવ્ય પર્વ હતું. પ્રાતઃ કાળથી પીપલાણા ગામના સર્વે હરિભક્તો નરસિંહ મહેતાના ઘરે જ્યાં શ્રીહરિનો ઉતારો હતો ત્યાં શ્રીહરિનાં દર્શન કરવા આવવા લાગ્યા. સર્વે હરિભક્તોએ શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પ્રાર્થના કરી, "દયાળુ, આપ અમ સૌ માટે હવે સદ્. રામાનંદ સ્વામીના સ્થાને છો. અમારા ગુરુ, ઉપદેષ્ટા અને ઇષ્ટદેવ છો. આપ અમોને જે આજ્ઞા કરશો તે મુજબ અમે વર્તીશું પણ આજે અમારી સૌની અંતરની ઇચ્છા છે કે અમારા ઘરે પધારી અમારા ઘર આંગણને આપની પદરજથી પાવન કરો."

શ્રીહરિએ રાજી થકા સૌની પ્રાર્થના સ્વીકારી કહ્યું, "આપ સૌ તો સદ્. રામાનંદ સ્વામીના જૂના શિષ્યો છો. આપે સ્વામીનો ખૂબ જોગ-સમાગમ કર્યો છે. માટે આપ અમોને પણ અતિ વ્હાલા છો. જાઓ અમે આ ઉત્તરાયણ પર્વે જરૂર તમારા ઘરે પધારીશું." સર્વે હરિભક્તો અત્યંત રાજી થઈ ગયા અને શ્રીહરિની પધરામણી માટે ઘેર ઘેર સજાવટ તથા અન્નકૂટની તૈયારી કરવા લાગ્યા. આખું પીપલાણા ગામ આનંદના હિલોળે ચડ્યું. સમય થતાં શ્રીહરિએ સંત મંડળે સહિત પીપલાણા ગામમાં ઘરે ઘરે પધરામણી કરી દર્શન, સ્પર્શ, સેવા અંગીકારથી સૌના મનોરથ પૂર્ણ કર્યા. આમ, સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'પધરામણી'ની પ્રણાલિકાનો મંગળ પ્રારંભ ૧૪ જાન્યુઆરી, ૧૮૦૨, તિથિ : સંવત ૧૮૫૮, પોષ સુદ દસમના મંગળકારી દિને પીપલાણા ગામથી થયો હતો.

સાયંકાળે શ્રીહરિ પીપલાણાના સંધાઈ વડ નીચે સભા કરવા પધાર્યા ત્યારે કેટલાક હરિભક્તોએ કહ્યું, "મહારાજ, આપણે અહીં સભા ન કરીએ તો સારું." "કેમ ?" શ્રીહરિએ આશ્ચર્યવત્ પૂછ્યું. ત્યારે હરિભક્તોએ કહ્યું, "મહારાજ, આ વડમાં ઘણાં ભૂતો રહે છે. તે આપણને હેરાન કરશે." ત્યારે શ્રીહરિએ કહ્યું, "આપણે તેઓનો મોક્ષ કરવા તો અહીં આવ્યા છીએ." એમ કહી શ્રીહરિએ વાજિંત્રો સાથે ગગનભેદી

સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરાવી. સંધાઈ વડમાં રહેતાં સર્વે ભૂતો આ ધૂન સાંભળી અકળાવા લાગ્યાં અને શ્રીહરિની સન્મુખ આવી પ્રાર્થના કરવા લાગ્યાં, "હે પ્રભો, અમને આ ભૂતયોનિમાંથી ઉગારો. અમે રસ્તો ભૂલ્યા છીએ. અનેક પાપકર્મોથી સબડાઈને આ ભૂતયોનિને પામ્યા છીએ. આપ અમને ઉગારો." મૂર્તિમાન સર્વે ભૂતોને જોઈ ગામવાસી સર્વે હરિભક્તો અતિ આશ્ચર્ય પામ્યા. શ્રીહરિ આ સર્વે ભૂતાવળને ચપટી વગાડી બદ્રિકાશ્રમમાં ઊર્ધ્વગતિ પમાડી પછી સર્વે હરિભક્તોને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે, "શાસ્ત્રોમાં વડનું ઝાડ અતિ પવિત્ર ગણાય છે. છતાંય તમે સૌ અહીં આવતા ડરતા હતા; કેમ ? આ ઝાડમાં ભૂતોનો વાસ હતો. બસ, એમ જ આ મનુષ્યજન્મરૂપી આપણને વડવૃક્ષની પ્રાપ્તિ થઈ છે. પરંતુ તેમાં ઇન્દ્રિયો-અંતઃકરણ, રજો-તમોગુણના વેગ તથા પંચવિષયો આદિક સત્તાવનના ટોળારૂપી ભૂતો વળગ્યાં છે જે પ્રભુભજન તથા મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનાર છે, માટે આ ભૂતાવળને કાઢ્યે જ છૂટકો." બનેલા પ્રસંગ અનુરૂપ શ્રીહરિના ઉપદેશ વચનોની ધારી અસર સૌ સંતો-હરિભક્તોમાં પડી. શ્રીહરિની પ્રસંગ અનુરૂપ તથા દૃષ્ટાંત અનુરૂપ જ્ઞાન-સિદ્ધાંત સમજાવવાની અદ્ભુત છટા હતી.

શ્રીહરિ સૌને કથાવાર્તા કરી રહ્યા હતા. તે જ વખતે પાછળથી એક અજાણ્યા હરિભક્ત આવ્યા અને શ્રીહરિનાં દર્શન થતાં દંડવત કરવા લાગ્યા. શ્રીહરિએ તેઓને નામ દઈને બોલાવ્યા, "થાણાગલોલના માવા ભગત કે ?" સૌપ્રથમ મુલાકાતમાં જ શ્રીહરિ મને ઓળખી ગયા ? એમ જાણી તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. શ્રીહરિ સાથે માવા ભગતની એક દૃષ્ટિ થતાં તેઓને તરત સમાધિ થઈ ગઈ. સમાધિમાં શ્રીહરિની દિવ્યાતિદિવ્ય મૂર્તિનાં દર્શન થયાં. સમાધિ ઊતરતાં જ તેઓને શ્રીહરિ પ્રતિ ભગવાનપણાનો દૃઢ નિશ્ચય થઈ ગયો. શ્રીહરિએ તેઓને પૂછ્યું, "તમને ગિરનારમાં આકાશવાણીએ ત્રણ વાર શું કહ્યું હતું તે આ સભાજનોને કહો." ત્યારે માવા ભગતે પોતાનું જીવનવૃત્તાંત કહ્યું, "મહારાજ, મને નાનપણથી હતું કે મારે પ્રગટ ભગવાનનો ભેટો કરવો છે. પછી તો દિન-પ્રતિદિન મારી આ ઇચ્છાએ વેગ પકડ્યો પણ એવું થતું કે આ કળિયુગમાં ભગવાન ન હોય. એક દિવસ તો મેં નક્કી કર્યું કે પ્રગટ ભગવાન મળે તો જ દેહ રાખવો; નહિ તો દેહને પાડી નાખવો. એમ વિચારી ગિરનાર પર ચડ્યો અને ત્યાંથી પડતું મૂકવાનો વિચાર કર્યો. ત્યાં તો આકાશવાણી થઈ કે, 'તું આ રીતે દેહ શા માટે પાડે છે ? સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વીને વિષે પ્રગટ થયા છે. એમના આશરે જા તો

તારું કલ્યાણ થશે.' પછી મને સાંકળી ગામના સુથાર લાડુબાઈ પાસેથી સમાચાર મળ્યા કે, 'સ્વામિનારાયણ ભગવાન અત્યારે પીપલાણા બિરાજે છે.' એટલે પળનોય વિલંબ કર્યા વિના હું અહીં આવી પહોંચ્યો. હે મહારાજ, મને આપનો આશ્રિત કરો.'' પછી તો શ્રીહરિએ સ્વયંના દિવ્ય હસ્તે તેમને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા.

શ્રીહરિના દિવ્ય સાંનિધ્યમાં પળે પળે થતાં આવાં દિવ્ય આશ્ચર્યો નિહાળી સંતો-ભક્તો દિવ્યાનંદમાં ગરકાવ થતા. શ્રીહરિ સભાને વિરામ આપી પીપલાણાની ઓઝત નદીએ સ્નાન કરવા પધાર્યા. ઓઝત નદીમાં શ્રીહરિએ નરસિંહ મહેતાના પુત્ર રઘુનાથને સમાધિ કરાવી. વળી લાધા ઠક્કરને શ્રીહરિએ એક છડી આપી અને કહ્યું, ''તમો આ છડીને એક બાજુથી અડાડશો તો જીવોને સમાધિ થશે અને બીજી બાજુ અડાડશો તો ઊતરી જશે.'' શ્રીહરિની આ વાત સાંભળી એક વૈરાગી મહાત્માએ પૂછ્યું, ''हे जीवनमुक्ता, तुम जात–कुजात, पशु–पक्षी, मनुष्य सभी को समाधि करवाते हो तो किस वास्ते ये सब कर रहे हो ?'' ત્યારે શ્રીહરિએ કહ્યું, ''આ સમયે અમે આ બ્રહ્માંડને વિષે મનુષ્ય સ્વરૂપે દર્શન આપીએ છીએ. તેથી અમારા સંકલ્પે સૌને સમાધિ થાય છે. તે સમાધિનો મર્મ તમે નહિ જાણી શકો.''

આ રીતે પીપલાણાપુરને વિષે સમાધિ તથા ઐશ્વર્યો દ્વારા ગામવાસીજનોને સ્વયંના આશ્રિત કરી શ્રીહરિ અગત્રાઈ પધાર્યા. અગત્રાઈમાં શ્રીહરિએ અનેક ભાવિક ભક્તોને સમાધિ કરાવી નિજાશ્રિત કર્યા. અગત્રાઈથી શ્રીહરિ કાલવાણી, માણાવદર, લોજ અને ફરીથી પીપલાણા થઈ માંગરોળ પધાર્યા.

# ૨

# શ્રીહરિનું માંગરોળમાં આગમન

**(આ.સં. ૧૮૫૮-૫૯, ઈ.સ. ૧૮૦૨)**

અનેક લીલાઓ દ્વારા અનંત જીવોને સુખ આપવા શ્રીહરિ સંતો-ભક્તો સહિત માંગરોળ ગામે પધાર્યા. શ્રીહરિએ માંગરોળ ગામની બહાર વાડીમાં ઉતારો કર્યો. ગામના સર્વે હરિભક્તો ગોવર્ધનભાઈ શેઠ, રામચંદ્ર શેઠ, સુંદરજી, રતનજી, મૂળચંદ વણિક, મંછારામ, આણંદજી સંઘાડિયા, ધનજીભાઈ, ત્રિકમભાઈ આદિક શ્રીહરિના આગમનના સમાચારે આનંદિત થયા. સર્વે શ્રીહરિને વધાવવા ગામ બહારની વાડીમાં ફળ-ફૂલ આદિ વ્યંજનો લઈ આવવા લાગ્યા.

માંગરોળના નવાબ વજરુદ્દીન રાજાને પણ શ્રીહરિ પ્રત્યે અનન્ય ભાવ હતો. તેમણે જ્યારે સાંભળ્યું કે, 'શ્રીહરિ માંગરોળને પાવન કરવા પધાર્યા છે' ત્યારે તેઓ પણ શ્રીહરિનું ભવ્ય સ્વાગત કરવા પોતાના રાજરસાલા સાથે ગામ બહાર શ્રીહરિના ઉતારે આવ્યા. જ્યારે નવાબ શ્રીહરિને આવકારવા જતા હતા ત્યારે આનંદનાં વધામણાં રૂપે ગામમાં સાકરના થાળ ભરી ભરીને વહેંચાવ્યા.

રાજા વજરુદ્દીને ચોમેર શ્રીહરિની કીર્તિ તો સાંભળી હતી પણ આજે તેઓને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થયાં. રાજાએ અતિ પ્રેમમગ્ન થઈ શ્રીહરિને કંઠમાં ગુલાબનો હાર પહેરાવ્યો. શ્રીહરિ સમક્ષ દાસભાવે પ્રાર્થવા લાગ્યા, ''हे खुदा, आप ही साक्षात् परमेश्वर हो, आपके ही आशीर्वाद से मैं राज्य समृद्धि पाया हूं। हे हरि, मैं तो सिर्फ़ एक लोक में एक शहर का भूप हूं। जब आप तो अनंत ब्रह्मांड के राजाधिराज हो। कहां आप और कहां मैं !''

શ્રીહરિ સાથેની પ્રથમ મુલાકાતમાં જ વજરુદ્દીન નવાબનો શ્રીહરિ પરત્વેનો દાસત્વભાવ અને તેમની મુમુક્ષુતા જોઈ સૌ સંતો-ભક્તો પ્રસન્ન થયા. શ્રીહરિ પણ તેમના પર પ્રસન્ન થયા. વળી, શ્રીહરિને રાજાએ પોતાના ચમ્મર અને છડી આપતાં કહ્યું, ''हे नाथ, आप मेरा ये चम्मर और छडी ग्रहण कीजिए। वैसे हमसे कितने भी बड़े राजा क्यूं न हो फिर भी हम हमारी छडी और चम्मर किसी को देते नहीं है पर आपके लिए मेरा सबकुछ समर्पित हैं। आपको मेरी प्रार्थना है कि आप मेरे हाथी पर बिराजमान हो। मैं दूसरे हाथी पर बैठूंगा।''

શ્રીહરિ પ્રસન્ન થકા રાજા વજરુદ્દીનની પ્રાર્થના તથા સેવાનો સ્વીકાર કરી માંગરોળ શહેરને વિષે વાજતે-ગાજતે પધાર્યા. અવરભાવમાં માત્ર એકવીસ વર્ષીય, એકવડિયું શરીર ધરાવતા આ સહજાનંદ સ્વામીનું પરભાવી સ્વરૂપ એટલું પ્રભાવશાળી હતું કે મોટા મોટા રાજાઓને પ્રથમ દર્શને જ ભગવાનપણાની પ્રતીતિ થઈ જતી.

## સમાધિ પ્રકરણની તીવ્રતા

નવા આદરવાળા જીવોના સમાસ અર્થે શ્રીહરિએ સમાધિ પ્રકરણ શરૂ કર્યું હતું. માંગરોળમાં શ્રીહરિએ સમાધિ પ્રકરણની તીવ્રતા ખૂબ વધારી દીધી. પાત્ર-કુપાત્ર, પશુ-પક્ષી, મનુષ્ય સૌ કોઈને શ્રીહરિ સહજમાં સમાધિ કરાવતા. કેટલી કઠિન તપશ્ચર્યા પછી અષ્ટાંગયોગ સાધતાં એક ક્ષણ વાર સવિકલ્પ સમાધિનો અનુભવ થાય જ્યારે શ્રીહરિએ કેવો કરુણાનો ધોધ વહેતો કર્યો હશે કે, માત્ર સ્વયંનાં દર્શન, સ્પર્શ, દૃષ્ટિ, મિલન, સ્મૃતિ, સાંનિધ્યથી અને સ્વામિનારાયણ મહામંત્રના રટણથી સૌ કોઈને સમાધિ થઈ જતી. એટલું જ નહિ, પોતાની ચરણ ચાખડીના ચટક ચટક અવાજથી, પોતાની લાકડીના સ્પર્શથી સૌ કોઈને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થતો.

શ્રીહરિનો ઉતારો માંગરોળ ગામના પ્રવેશદ્વારની સામેની વાડીમાં હતો. શ્રીહરિએ એવું પ્રકરણ ચલાવ્યું કે, જે કોઈ ગામના પ્રવેશદ્વારથી આવનજાવન કરે તેને સમાધિ થઈ જાય. આમ, રસ્તામાં જ સમાધિ થઈ જતાં મનુષ્યો ત્યાં જ કાષ્ઠવત્ પડી રહેતાં. આ વાત ગામમાં વહેતી થઈ કે, 'આ સ્વામિનારાયણ કંઈક જાદુ કરે છે. એટલે આ દરવાજેથી જતાં-આવતાં આવું કૌતુક થાય છે માટે અહીંથી કોઈએ જવું નહીં.' પછીથી ગામજનો બીજા દરવાજેથી પસાર થતા પણ

અહીં આવતા નહીં.

જીવોની કેવી જીવદશા કે અનંત બ્રહ્માંડોના રાજાધિરાજ શ્રીહરિ કેવળ ફદલમાં જીવોને સમાધિ દ્વારા અક્ષરધામનાં દર્શન તથા સ્વયંના મૂર્તિસુખનો અનુભવ કરાવવા તત્પર હતા પણ જીવો પાત્રતાના અભાવે આ બધું જીરવી શકતા નહીં.

શ્રીહરિ માંગરોળમાં પધરામણી કરવા પધારતા ત્યારે કોઈની પણ દૃષ્ટિ શ્રીહરિ સાથે મળી જાય અથવા શ્રીહરિની ચાખડીનો અવાજ સંભળાઈ જાય તોપણ તેમને સમાધિ થઈ જતી. આ જગતના અજ્ઞાની જીવો તો આ સમાધિમાં કાંઈ સમજતા નહિ તેથી શ્રીહરિ ગામની બજાર વચ્ચેથી પધારતા ત્યારે સહુ સંતાવા માંડતા, બજારો બંધ થવા માંડતી, વેપારીઓ હાટડીને (દુકાનને) પાટિયાં લગાવવા માંડતા.

એક વેપારી દુકાન બંધ કરતા હતા એ જ વખતે શ્રીહરિ ત્યાંથી પસાર થયા. વેપારીએ માત્ર શ્રીહરિનાં દર્શન કર્યાં ત્યાં દુકાનનું એક પાટિયું હાથમાં રહી ગયું અને વેપારીને થઈ ગઈ સમાધિ.

એક વખત શ્રીહરિ ગોવર્ધનભાઈ શેઠના ઘરે જમવા પધાર્યા. શ્રીહરિ થાળ જમાડી ગોવર્ધનભાઈની મેડીના ગોખમાં બિરાજ્યા ત્યારે સામેની મેડીએ એક ભાઈ નળિયાં ચાળતા હતા. તેઓએ શ્રીહરિનાં દર્શન કર્યાં. દર્શન થતાંની સાથે જ ભાઈને સમાધિ થઈ ગઈ.

એક દિવસ શ્રીહરિ એક હરિભક્તના ઘરે થાળ જમવા પધારતા હતા. રસ્તામાં એક ઘરે એક વૃદ્ધ માજી ઘરકામ કરતાં હતાં. શ્રીહરિ પધારી રહ્યા છે તેવા સમાચાર સાંભળી આ ડોસીમા ઘરના કમાડ (દરવાજા) બંધ કરી બેસી ગયાં. થોડી વારે મનમાં થયું કે, 'આ જીવનમુક્તા સ્વામિનારાયણ કેવા છે જોઉં તો ખરા !' એમ વિચારી ડોસીમાએ ઘરના કમાડની ફાંટમાંથી (તિરાડમાંથી) જોયું ત્યારે શ્રીહરિએ પણ ડોસીમા તરફ દૃષ્ટિ કરી. ડોસીમાને તરત થઈ ગઈ સમાધિ. સમાધિમાંથી જાગ્યા બાદ તેઓ બૂમો પાડવાં લાગ્યાં, "હું જે કામ કરું છું તેમાં મને સ્વામિનારાયણ જ દેખાય છે. મને તે વળગ્યા કે શું ?" આમ, બે-ત્રણ-ચાર દિવસ ડોસીમા રડતાં રહ્યાં.

"મહા રે મુનિના ધ્યાનમાં ના'વે, તે રે શામળિયોજી મુજને બોલાવે..."

જેનાં અલ્પ દર્શનની ઝાંખી કરવા મહાન ઋષિમુનિઓએ વર્ષો સુધી તપશ્ચર્યા કરી છતાં શ્રીહરિનાં દર્શન દુર્લભ રહ્યાં. અહીં તો ડોસીમા ઉપર શ્રીહરિએ અકારણ

કૃપા વરસાવી પરંતુ ડોસીમા અપાત્ર હતાં તેથી શ્રીહરિની કૃપાને જીરવી શક્યા નહીં. મૂળચંદભાઈએ શ્રીહરિને પ્રાર્થના કરી, "હે મહારાજ ! ગામના એક ડોસીમાને આપની કૃપાથી સમાધિ થઈ હતી પછી અખંડ આપની મૂર્તિનાં દર્શન તેમને થયા કરે છે. પણ એ અપાત્ર હોવાથી ગામમાં કુપ્રચાર કરે છે કે આ જાદુગરા સ્વામિનારાયણ મને વળગ્યા છે. તો દયા કરી આપ એમને ત્યાં પધારી એમનું રૂડું કરો." શ્રીહરિ સંતો-ભક્તોએ સહિત ડોસીમાના ઘરે પધાર્યા ત્યારે ડોસીમાએ શ્રીહરિને કહ્યું, "હું જે જે કામકાજ કરું છું તેમાં તમે જ મને દેખાવ છો, ઘરનું કંઈ કામ કરી શકતી નથી માટે દયા કરો." શ્રીહરિએ હસતા થકા કહ્યું, "બાઈ, તમે અમારા સત્સંગનાં વર્તમાન-નિયમ ધારણ કરો તો તમને અમે દેખાતા બંધ થઈ જઈશું." શ્રીહરિનાં વચન મુજબ ડોસીમાએ સત્સંગનાં વર્તમાન ધરાવ્યાં પછી મૂર્તિ દેખાતી બંધ થઈ ગઈ.

શ્રીહરિએ ગામમાં પોતાના સંતોને રહેવા તથા સદાવ્રત માટે ત્રણ ઓરડા ચણાવેલા ત્યાં શ્રીહરિ નિત્યપ્રત્યે પ્રાતઃ ક્રિયાથી પરવારી સર્વે સંતોને એકસાથે આસન વાળી બેસાડી પોતા સામું એક વૃત્તિ કરાવી સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરાવતા. શ્રીહરિનો પ્રથમથી જ આવો ઉદ્‌ઘોષ રહિતનો કારણસંબંધી આગ્રહ જણાતો. ઘણી વાર ભજન કરતા સંતો સામે દૃષ્ટિ કરતાં તેઓને દિવ્ય સમાધિનો અનુભવ થવા લાગતો. આમ, સદ્. રામાનંદ સ્વામીના નિશ્ચયવાળા સંતોને સમાધિ દ્વારા શ્રીહરિ પ્રતિ ભગવાનપણાનો નિશ્ચય થવા લાગ્યો.

## વજરુદ્દીન રાજાને કરાવી સમાધિ

શ્રીહરિ સમાધિ પ્રકરણ ખૂબ પૂરજોશથી ચલાવતા હતા. આ વાત માંગરોળના નવાબ વજરુદ્દીન પાસે ગઈ. વજરુદ્દીન રાજા રાજદરબારના અમલદારો સાથે શ્રીહરિના ઉતારે આવ્યા. તેઓને શ્રીહરિએ સન્માન આપી ઉત્તમ સ્થાને બેસાડ્યા. ત્યારે શ્રીહરિ વાત કરવા લાગ્યા જે,

"सब इच्छत निज हितकुं, अहित न इच्छत कोई ।
ईश्वर को धार्यो होत हें, सुख वा दुःख हि होई ॥
ईश्वर प्रसन्न होय तेहि विध, अपने करना काज ।
तिनमें दुःख होय तोउ भलो, सो सब सुख को साज ॥"[૮]

---

૮. શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૩, તરંગ-૧૭

“સહુ કોઈ પોતાનું હિત થાય તેમ ઇચ્છે છે પણ કોઈ અહિતને ઇચ્છતું નથી. પણ સુખ કે દુઃખ બધું ઈશ્વરનું ધાર્યું જ થાય છે. ઈશ્વર રાજી થાય તે રીતે પોતાનું કામકાજ કરવું જોઈએ. તેમ કરતા પણ જો દુઃખ આવે તો ભલે આવે. તે બધો સુખનો જ સાજ છે.”

શ્રીહરિ કરલટકા કરતાં જ્ઞાનોપદેશ આપી રહ્યા હતા. તે સમે ઓરડા સામે કબૂતર ચણતાં હતાં તેને સમાધિ થઈ ગઈ. સૌ ચત્તાપાટ પડી ગયાં. આવું આશ્ચર્ય રાજા વજરુદ્દીને તથા સાથે આવેલા અમલદારોએ નજરે નિહાળ્યું. વળી, બીજી વખતના કરલટકાથી કબૂતરોને સમાધિ ઊતરી ગઈ. સૌ કબૂતરો ઊડીને ઝાડ પર બેઠાં.

શ્રીહરિના આવા અલૌકિક ઐશ્વર્યથી રાજા વજરુદ્દીન તથા અમલદારોને આશ્ચર્યવત્ અહોભાવ થયો. પછી રાજાએ કહ્યું, “आप सबको समाधि करवाके बहिस्त का दर्शन करवाते हो। हमें भी ऐसी समाधि कराके खुदा का धाम दिखाओना।” શ્રીહરિએ રાજાની પ્રાર્થના સાંભળી તેમને સમાધિ કરાવી. સમાધિમાં શ્રીહરિએ રાજાને પોતાનું અક્ષરધામ તથા અનંત મુક્ત મંડળે સહિત બિરાજિત સ્વયંની દિવ્ય તેજોમય મૂર્તિનાં દર્શન કરાવ્યાં. શ્રીહરિની દિવ્ય સલૂણી મૂર્તિમાં રાજા ગુલતાન થઈ ગયા. સુખની અનુભૂતિ માણવા લાગ્યા. બે કલાક જેટલો સમય પસાર થતાં તેમના અમલદારોએ શ્રીહરિને કહ્યું, “આપે અમારા દરબારને શું કરી દીધું છે ? તમે તેમને જગાડો.” શ્રીહરિએ રાજાને કહ્યું, “હવે જાગો.” અહીં તો રાજા કાષ્ઠવત્ હતા પણ ધામમાં તેમણે શ્રીહરિને કહ્યું, “महाराज, आपकी मूर्ति का सुख मुझे लेने दीजिए। अभी ये अत्यंत आनंददायी और दिव्य सुख छोड़ के मैं इस भौतिक दुनिया में क्यों आऊं।” શ્રીહરિએ તેઓને કહ્યું, “તમારા અમલદારો તમારી રાહ જુએ છે.” એટલામાં રાજા સમાધિમાંથી જાગ્યા.

રાજા સમાધિમાંથી જાગૃત થઈ શ્રીહરિને દંડવત કરવા લાગ્યા. તે સમે બેઠેલા સૌ સભાજનોને પોતે અનુભવેલા દિવ્ય અક્ષરધામ તથા શ્રીહરિની પરભાવી મૂર્તિસુખનું વર્ણન કરવા લાગ્યા,

“आहाहाहा... ये श्रीहरिजी ही सर्वोपरी खुदा है। उनकी वो धामवाली मूर्ति कैसी रमणीय, कमनीय और सुखकर थी। जैसे अनंत ब्रह्मांड में पेर रखने की जगह न हो इतने तो धाम में मुक्त थे। फिर भी ये श्रीहरिजी की कृपा से सभी मुक्त को ऐसा ही लगता है कि महाराज सिर्फ़ मेरे ही हैं। वो दिव्य सुख का बयान मैं इस मुंह से कैसे करुं

जनाब ?''

વારંવાર ગદ્‌ગદિત થઈ વજરુદ્દીન રાજા શ્રીહરિના ચરણકમળને પ્રેમાશ્રુથી પખાળી રહ્યા હતા. વળી થોડી વારે રાજાએ શ્રીહરિને પૂછ્યું, ''खुदा, ऐसी आपकी दिव्य मूर्ति हैं। आपके धाम की शोभा तो अनंत ब्रह्मांडो में न हो वैसी है तो आप यहां इस पृथ्वी पर किस वास्ते प्रगट हुए हो ? जो आपकी मरजी हो तो मुझे आपके प्रगट होने का कारण बतलाइए।''

શ્રીહરિએ રાજા વજરુદ્દીન પર પ્રસન્ન થઈ પોતાનો આ બ્રહ્માંડને વિષે પધારવાનો હેતુ રાજા સહિત સર્વે સભાજનોને કહી સંભળાવ્યો :

''બ્રહ્માંડને વિષે એકાંતિક ધર્મનું સ્થાપન કરવું. સર્વે ધામોના મુક્ત અને તેમના સ્વામી જે અવતાર તેમને આ બ્રહ્માંડમાં જન્મ ધરાવી અમારી ઉપાસના કરાવી અમારા અક્ષરધામમાં લઈ જવા. મુમુક્ષુ જીવો વનમાં, તીર્થમાં, પર્વતોમાં જ્યાં હોય ત્યાંથી તેમને ખોળી અમારું અક્ષરાતીત પુરુષોત્તમ સ્વરૂપ સમજાવીને અમારા ધામમાં લઈ જવા. હે રાજન, આ હેતુ પ્રવર્તાવવા સારુ અમે આ પૃથ્વીને વિષે પ્રગટ્યા છીએ.''

શ્રીહરિના પ્રાગટ્યનો હેતુ જાણી સર્વે સંતો-હરિભક્તો તથા રાજા સહિત અમલદારોએ જાણ્યું કે, આ મહારાજ આત્યંતિક કલ્યાણ માટે જ પધાર્યા છે. રાજાએ શ્રીહરિને ચરણસ્પર્શ કરી કહ્યું, ''हे श्रीहरिजी, मुझे आपके वर्तमान देकर सत्संगी किजिए।'' શ્રીહરિએ પ્રસન્ન થકા રાજા વજરુદ્દીનને વર્તમાન ધરાવી કંઠી ધારણ કરાવી.

## સમાધિ પ્રકરણનાં આશ્ચર્યો

શ્રીહરિ માંગરોળને વિષે સમાધિ પ્રકરણને દિન-પ્રતિદિન વધુ ને વધુ તીવ્ર બનાવતા હતા. સમાધિ થનાર જીવોનાં શરીર શબવત્ બની જતાં. વળી, નાડીઓ પણ શિથિલ થઈ જતી. જોનારને એવું જ થાય કે આ વ્યક્તિ મૃત્યુ પામી છે.

સમાધિમાં શ્રીહરિ કોઈને બે-ત્રણ કલાક, કોઈને એક-બે દિવસ, કોઈને એક અઠવાડિયું તો કોઈને એક-બે મહિના રાખતા. આ રીતે અન્નજળ વગર શબવત્ પડ્યા રહેવા છતાં સમાધિ થનારના શરીરમાંથી દુર્ગંધ નહોતી આવતી બલ્કે મુખ પર કંઈક જુદા જ ઓજસનાં દર્શન થતાં. આટલા બધાને ઘણો વખત સમાધિ થાય તો તેમને રાખવા ક્યાં ? શ્રીહરિ તેઓની લાકડાંની થપ્પી કરે, પૈસાની

થપ્પી કરે તેમ એક ઉપર બીજાની થપ્પી મારી ગોઠવણ કરાવતા. આ બધું જોઈ ગામજનોને તો આશ્ચર્યનો પાર ન રહેતો. અદ્યાપિ બ્રહ્માંડના સર્જન બાદ આવાં આશ્ચર્યો કોઈનાં સાંભળ્યાં કે દેખ્યામાં નહોતાં આવ્યાં એવાં આશ્ચર્યો શ્રીહરિ સૌને જણાવી રહ્યા હતા.

આ સમાધિનિષ્ઠ જીવોને શ્રીહરિનો સંકેત મળે ત્યારે જાગ્રત થતા અથવા શ્રીહરિ કોઈને ચપટી વગાડીને, કોઈને તાળી પાડીને, કોઈને સોટી અડાડીને સમાધિમાંથી જાગ્રત કરતા. જે વ્યક્તિ બહાર નીકળે તે અન્ય કોઈને બાધારૂપ ન બને એ રીતે પોતે થપ્પીમાંથી બહાર નીકળતી. વચ્ચે જગ્યા ખાલી પડે તોપણ ઉપરવાળી વ્યક્તિ નીચેની વ્યક્તિ ઉપર પડતી નહીં. સમાધિમાંથી બહાર આવતા જીવો પોતાના સ્નેહીજનોને કહેતા કે,

"चिंतामनि से द्रव्य अधिक न कोउ, चिंतामनि मिले सिद्धि सब होउ।
मोक्षपद जो जोये जीनकुं, तो मन कर्म कर भजना इनकुं ॥"[૯]

"ચિંતામણિથી અધિક કોઈ ધન નથી. ચિંતામણિ મળે તો બધી વાત સિદ્ધ થઈ જાય. માટે જેને મોક્ષપદ જોઈતું હોય તેણે મન-કર્મે કરીને આ શ્રીહરિનું ભજન કરવું."

"आत्यंतिक मोक्ष कहावत जाई, सो तिनके हे हाथ में ताई ।
इनकी मरजी जोइ चलत हे हमही, मोक्ष जोये तो चलना तुमही ॥
एसो न कोई दिन भयो अवतारा, फेर कोउ दिन होननहारा ।
जो जिनके होय भाग्य अपारा, सो मानेंगे जन अबहि वारा ॥"[૧૦]

"જે આત્યંતિક મોક્ષ કહેવાય છે તે આ સહજાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાનના હાથમાં છે. અમે પણ એમની મરજી જોઈ, વિચારીને ચાલીએ છીએ. એટલે જો તમારા જીવનો મોક્ષ કરવો હોય તો તમે પણ એમની મરજી-આજ્ઞામાં વર્તો. આ અવતારી પૂર્વે ક્યારેય પધાર્યા નથી અને ફરી વાર આવવાના પણ નથી. માટે જેની પર અપાર કૃપા હશે તે આ વેળાએ તેમને ઓળખીને માનશે-પૂજશે."

## રઘુનાથદાસ ગયા અમદાવાદ

સમાધિ પ્રકરણ દ્વારા રાજા સહિત ગામજનો સર્વેને શ્રીહરિ પ્રતિ

---

**૯,૧૦.** શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૩, તરંગ-૨૫

ભગવાનપણાનો નિશ્ચય થવા લાગ્યો. શ્રીહરિ પ્રતિ અનન્ય વિશ્વાસ તથા શ્રદ્ધા પ્રગટ થવા લાગ્યાં. કેટલાય મુમુક્ષુ જીવો પોતાના મતપંથને ત્યજી શ્રીહરિના આશ્રિત થવા લાગ્યા. પણ સર્વેમાં એક પાત્ર જ શ્રીહરિના દિવ્ય ચરિત્રોમાં આનંદ પામવાને બદલે ઈર્ષ્યાથી બળ્યા કરતું. એ હતા રઘુનાથદાસ. શ્રીહરિએ વિચાર્યું કે, 'રઘુનાથદાસને હવે વધુ અમારી સાથે રાખીશું તો અમારી લીલાઓને તે પચાવી શકશે નહીં. વળી, અમોને વિચરણ તથા સત્સંગ કરાવવામાં પણ વિઘ્નરૂપ બને છે.'

શ્રીહરિએ રઘુનાથદાસને બોલાવી કહ્યું, "સ્વામી, રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા તેનો શોક સર્વે સમાજમાં ઘણો પ્રવર્તે છે. તે શોક નિવારણ સારુ અમે મુક્તાનંદ સ્વામીને તો ભૂજ મોકલ્યા છે, અહીં તો અમે સૌ છીએ. અમારી ઈચ્છા છે કે તમો શ્રીનગર (અમદાવાદ) જાઓ અને ત્યાંના ભક્તોને કથાવાર્તા કરી શાંતિ પમાડો."

શ્રીહરિનાં વચન સુણી રઘુનાથદાસને અભિમાન થઈ આવ્યું કે, 'આ નારાયણ મુનિને પણ મારી જરૂરિયાત છે ખરી.' તે અભિમાનથી બોલી ઊઠ્યા, "નારાયણ મુનિ, તમે કહો છો તો હું આજે જ અમદાવાદની વાટ પકડું છું. ત્યાં જઈ રામાનંદ સ્વામીના તમામ શિષ્યોને કથાવાર્તા કરી આનંદ પમાડી દઈશ."

શ્રીહરિએ પણ તેઓને વધુ પોરો ચઢાવતાં કહ્યું, "હા, આ તો તમારું જ કામ. તમે તો રામાનંદ સ્વામીના જૂના શિષ્ય. તમને સૌ ઓળખેય ખરા. માટે તમે જશો એટલે બધાનો શોક નિવારાય જશે."

અનંતાનંત મુમુક્ષુઓ શ્રીહરિ તથા સત્પુરુષોનું નિરંતર સાંનિધ્ય ઝંખતા રહે છે જ્યારે રઘુનાથદાસને વિના પાત્રતાએ શ્રીહરિના દિવ્ય સાંનિધ્યને માણવાનો લાભ સહેજે મળતો હતો પણ જીવને દેહાભિમાન જ શ્રીહરિ તથા સત્પુરુષોના સાંનિધ્યથી દૂર લઈ જાય છે. રઘુનાથદાસ પણ કંઈક આ જ શ્રેણીમાંના એક હતા. તેથી તરત પોતે અમદાવાદની વાટ પકડી.

## શ્રીહરિનું સમાજસેવામાં પ્રથમ મંડાણ

માંગરોળમાં અનેક દિવ્ય લીલાઓ દ્વારા શ્રીહરિ સૌને સુખ પમાડતા હતા. એવામાં ફાગણ સુદ પૂનમે શ્રીહરિએ માંગરોળમાં પ્રથમ ફૂલદોલોત્સવ ખૂબ ભવ્યતાથી ઊજવ્યો.

જેઠ માસ લગભગ પૂર્ણ થવા આવ્યો. ઉનાળાના ધોમધખતા તાપને કારણે નદી, તળાવ સુકાવા લાગ્યાં હતાં. પાણીની અછત વર્તાવા લાગી. પાણી વગર પશુ, પક્ષી, મનુષ્યો ટળવળતાં હતાં. શ્રીહરિ સૌની મૂંઝવણ પારખી ગયા. શ્રીહરિએ ગામના પાદરમાં એક પુરાતની બુરાયેલી વાવ જોઈ. તે વાવ ગળાવી સૌને સુખ થાય તેવો શ્રીહરિનો સંકલ્પ હતો.

સંકલ્પમાત્રમાં મુશળધાર વરસાદ વરસાવવા સમર્થ શ્રીહરિએ આ પ્રસંગે ઐશ્વર્ય ન જણાવ્યું પરંતુ સેવા અને શ્રમનું મહાત્મ્ય વધારવા હરિભક્તોને બોલાવી કહ્યું, "ભક્તો, અત્યારે સર્વત્ર પાણીની અછત વર્તાઈ રહી છે. તો આપણે ગામના પાદરે બુરાયેલી વાવને ગળાવીએ જેથી સૌને કાયમી પાણીની છત વર્તે. તમે સૌ વજરુદ્દીન રાજા પાસે જઈ આ પ્રસ્તાવ રજૂ કરી વાવ ગળાવવાની આજ્ઞા લઈ આવો."

હરિભક્તોએ નવાબ વજરુદ્દીનને સઘળી વાત કરી. નવાબ તો શ્રીહરિના આ લોકકલ્યાણના સંકલ્પથી પ્રભાવિત થઈ ગયા કે, 'सदा धाम में बिराजित ये पारलौकिक स्वरूप इस ब्रह्मांड में जीवों के कल्याण वास्ते प्रगट हुए हैं। वो श्रीहरि कितने दयालु है। मैं राजा होकर भी सभी लोगों की तकलीफ को महसूस नहीं कर पाया हालांकि श्रीहरि ने मेरे गामवासीजनों की अंतर की वेदना सून ली।'

વજરુદ્દીન રાજાએ સંદેશો મોકલાવ્યો કે, "मैं तो आपका सेवक हूं और आप मेरे मालिक। आपकी आज्ञा हो तो मैं वाव का खोदकाम करवा दूं ? आप अपने संत–हरिभक्त को ऐसा कष्ट मत दीजिए।"

શ્રીહરિ નવાબનો ભાવ જોઈ પ્રસન્ન થયા. તેઓએ ફરીથી કહેવડાવ્યું, "આપે વાવ ખોદવાની રજા આપી એ અમારા માટે ઘણું છે. અમારા સંતો-હરિભક્તો જ વાવ ખોદશે, લોકકલ્યાણની સેવા એ પણ ભક્તિ છે."

શ્રીહરિએ સંતો-હરિભક્તોને બોલાવી પુરાતની વાવ ખોદવારૂપી શ્રમયજ્ઞ કરવાની આજ્ઞા આપી. વળી કહ્યું, "અમે પણ તમારી સાથે સેવામાં ભાગીદાર થઈશું." એક કાંકરે ઘણા નિશાન તાકનાર શ્રીહરિનો આ વાવ ખોદાવવા પાછળ માત્ર લોકકલ્યાણનો જ ઉદ્દેશ્ય ન હતો પરંતુ સ્વામિનારાયણિય સંતો-ભક્તોના દાસત્વભાવનો નિખાર લાવવો હતો. નિઃસ્વાર્થભાવની દઢતા અને સેવાનું મહાત્મ્ય સમજાવવું હતું.

ધોમધખતા તાપમાં સંતો-હરિભક્તોએ વાવ ગાળવાનું શરૂ કર્યું. સવારથી

લઈ સાંજ સુધી ચાલતા આ શ્રમયજ્ઞમાં સ્વયં શ્રીહરિ પણ જોડાઈ જતા. સંતો-હરિભક્તોને શ્રીહરિ સંગે સેવા કરવાનો અનેરો આનંદ વર્તતો. શ્રીહરિ સૌને સેવા કરતાં કરતાં ધૂન-કીર્તન ગાવાની રુચિ જણાવતા. ગામજનો ત્યાંથી પસાર થતા ત્યારે શ્રીહરિ તથા સંતો-ભક્તોને સેવા કરતા જોઈ મનમાં ગુણ આવતો કે, 'આ સ્વામિનારાયણના સંતો ભિક્ષા માગી સદાવ્રત ચલાવે છે, ભૂખ્યાને જમાડે છે, મહેનત કરી વાવ ખોદે છે. શું સ્વાર્થ ? આપણા માટે જ ને. વળી, ભક્તિ કરતાં કરતાં સેવા કરે છે. ખરેખર આ પરમાર્થથી આપણી વાવ તીર્થ બની જશે.'

પૂરા દસ દિવસ સુધીના સતત શ્રમયજ્ઞ બાદ શ્રીહરિની કૃપાદૃષ્ટિથી વાવમાં અમૃત જેવું મીઠું પાણી નીકળ્યું. સૌ કોઈ રાજી થયા. શ્રીહરિએ તેમાં સ્નાન કર્યું. ત્યારબાદ વાવનું પૂર્તકર્મ કરી માંગરોળ ગામના બ્રાહ્મણોની ચોરાશી કરી સૌને મિષ્ટભોજન જમાડ્યાં. માંગરોળ ગામની વાવનું પૂર્તકર્મ એ શ્રીહરિનું લોકકલ્યાણ અર્થે પ્રથમ મંડાણ હતું.

## ગર્વિષ્ઠ મેઘજિત સુખડિયાનો પરાભવ

માંગરોળના ગામજનો પર સમાધિ પ્રકરણ દ્વારા કૃપાદૃષ્ટિ વરસાવતા શ્રીહરિ પરત્વે સદ્. રામાનંદ સ્વામીના જૂના ગૃહસ્થી શિષ્ય મેઘજિત સુખડિયાને ભારોભાર ઈર્ષ્યા આવતી હતી. મેઘજિત ભગતને સદ્. રામાનંદ સ્વામીની કૃપાથી અનેક સિદ્ધિઓ વરેલી હતી; જેનો તેમને ખૂબ ગર્વ હતો. પરિણામે તે સદ્. રામાનંદ સ્વામીના તમામ ત્યાગી-ગૃહી શિષ્યગણમાં પોતાને સર્વશ્રેષ્ઠ માની સૌની અવગણના કરતા. એક વખત શ્રીહરિની સભામાં પોતે આકુળ-વ્યાકુળ થઈ બોલવા લાગ્યા, "આ રામાનંદ સ્વામીએ અમારા જેવા જૂના ને અનુભવીને છોડી આ નાના સહજાનંદને ગાદી આપી દીધી. અમને પૂછ્યું પણ નહીં !"

ક્યાં અનંત બ્રહ્માંડોને પોતાની અન્વય શક્તિથી ધરનાર પુરુષોત્તમનારાયણ અને ક્યાં જીવકોટિમાં રહેલા સામાન્ય જીવ ! પણ દેહાભિમાનની પરાકાષ્ઠાએ જીવ ભગવાનના સ્વરૂપને ઓળખી તો શકતો નથી બલ્કે ભગવાનનો દ્રોહ અને અપરાધ કરી પોતાના જ મોક્ષ માર્ગે પોતાના હાથે જ તાળું મારી દે છે.

શ્રીહરિને તેમના ગર્વ પર હસવું આવ્યું. આ જોઈ મેઘજિત સુખડિયાને વધુ અકળામણ થઈ તેથી મનમાં આવ્યું તેમ બોલી નાખ્યું, "સહજાનંદ, તમને મારો પ્રતાપ દેખાડું પછી જ તમને મારો મહિમા થશે." એમ કહી ઊકળતા તેલનું કડાયું

મગાવી તેમાં હાથ નાખ્યો. આજ સુધી તે સિદ્ધિઓને કારણે દાઝ્યા ન હતા પણ આજે શ્રીજીઇચ્છાથી તે સખત દાઝ્યા. હાથમાં ફોલ્લા પડી ગયા છતાં જાણે કંઈ થયું નથી તેમ અટ્ટહાસ્ય કરવા માંડ્યું. આ જોઈ શ્રીહરિએ તેઓને સમજણનાં વચનો કહ્યાં, ''હે મેઘજિત ભગત, તમો સત્સંગમાં મોટેરા છો. તમોએ સ્વામીનો રાજીપો તથા આશીર્વાદ ખૂબ લીધા છે. અમો તમારો માન-મરતબો જળવાય એમ વાત કરીએ છીએ. મેઘજિત ભગત, આપણે સૌ સદ્. રામાનંદ સ્વામીના શિષ્યો છીએ. સૌ હળીમળીને સાથે રહીએ તેમાં જ સ્વામીનો રાજીપો છે. અમારી ભૂલ થતી હોય તો બતાવો પણ આવો અહંકાર આપણને ન શોભે.''

''સત્સંગમાં મોટેરા તમે, જાણી મહોબત રાખીએ અમે;
તમે સ્વામીની આશિષ લીધી, તેથી વિવેકે વાત મેં કીધી,
આપણે સહુ સ્વામીના છૈયે, હળીમળીને સંગાથે રહીએ;
થાતી હોય કસૂર અમારી, કહો માનશું વાત તમારી.''[૧૧]

શ્રીહરિના ઉપદેશ વચનોની કોઈ અસર તેમના પર થઈ નહીં. ઉપરથી વધુ રોષે ભરાઈ તેઓ બોલવા લાગ્યા, ''આજથી ચોથે દિવસે હું મારી સિદ્ધિઓ વડે દેહ ત્યાગ કરવાનો છું. જો તમારામાં સામર્થી હોય તો મારું મૃત્યુ અટકાવી દેજો. તમે મારું મૃત્યુ અટકાવી શકો તો હું તમારો શિષ્ય બની જઈશ નહિ; તો તમારે મારા શિષ્ય થવું પડશે સમજ્યા.'' આટલું બોલી તેઓએ ઘર તરફ વાટ પકડી.

''જેવી સિદ્ધિ સમાધિ છે મને, તેમાં ન પડે ગમ તમોને;
જુઓ આજથી ચોથા પ્રભાતે, સિદ્ધ દશા બતાવું છું જાતે.
તનમાંથી હું પ્રાણ કાઢીશ, પાછો ફેર પ્રવેશ કરીશ;
હોય સામર્થી જો તમમાંય, રોકી રાખવા આવજે ત્યાંય.
અટકાવી દો સામર્થ્ય મારું, શિષ્યપણું સ્વીકારું તમારું;
પણ તમોથી ન બને એવું, મારી પાસે શિષ્ય થઈ રહેવું.''[૧૨]

મેઘજિત સુખડિયાના ગયા પછી શ્રીહરિએ સભાજનોને સંબોધી કહ્યું, ''આ જીવનો મોટામાં મોટો અંતઃશત્રુ દેહાભિમાન છે. દેહાભિમાને જ જીવને આ જન્મમરણના ચક્રમાં અટકાવી રાખ્યો છે. કોઈ પણ સિદ્ધિ પ્રાપ્ત કરવી સહેલી; ધન અને નારીનો પ્રસંગ ત્યજવો સહેલો; સુખ-સંપત્તિનો ત્યાગ કરવો સહેલો; કદાચ અન્નજળનો ત્યાગ કરવોય સહેલો પણ જીવને દેહાભિમાન છોડવું અતિ

---

**૧૧, ૧૨.** શ્રી પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા : ૨, ગુચ્છ-૫, પુષ્પ-૭

કઠિન છે. દેહાભિમાન છૂટી જાય પછી જીવને મુક્તિ પામતા વાર ન લાગે. હશે... આપણે તો મેઘજિતનું રૂડું જ ઇચ્છીએ છીએ પણ તેમણે સામે ચાલીને દુઃખ નોતર્યું છે. જોઈએ છીએ તે કેવી રીતે દેહ છોડે છે !''

મેઘજિત સુખડિયાએ તો ચાર દિવસ સુધી આખા ગામને આમંત્રણ આપી ખૂબ જમાડ્યા પણ શ્રીહરિના સંતો-ભક્તોને એક પણ અન્નનો દાણો ન આપ્યો. ચોથે દિવસે તેઓ સવારે સ્નાનાદિકથી પરવારી દેહ ત્યાગવા પોતાના ઘેર પદ્માસન લગાવી બેઠા. ગામલોકો તેમની આ સિદ્ધિને જોવા ટોળે વળ્યા. પોતાના મૃત્યુમાં શ્રીહરિનો પરાજય છે એમ જાણી મેઘજિત સુખડિયાને વધુ ગર્વ થયો. થોડી વારે તેમણે પ્રાણવાયુ ખેંચ્યો. શરીરના તમામ અંગોમાંથી પ્રાણવાયુ હૃદયાકાશમાં સ્થિર થયો. ધીરે ધીરે તે હૃદયમાંથી પ્રાણને બ્રહ્મરંધ્રમાં લાવવા પ્રયત્ન કરતા હતા. બ્રહ્મરંધ્રને ભેદી દેહને ત્યજવા તે મથામણ કરતા હતા પણ હૃદયમાંથી પ્રાણ ઊંચે ચડે જ નહીં.

ઘણા પ્રયત્નો પછી શરીરની નાડીઓ તૂટવા લાગી પણ પ્રાણ ઊંચે ચડે જ નહીં. અંતે પ્રાણને ફરી મૂળ સ્થિતિમાં લાવવા ઘણા પ્રયત્નો કર્યા જેથી શરીરની ક્રિયાઓ પૂર્વવત્ ચાલુ થઈ જાય પણ તેમેય ન બને; ન પ્રાણ ઊંચે ચડે ન નીચે ઊતરે. હૃદયાકાશને વિષે સ્થિર થયેલા પ્રાણથી મેઘજિત ભગતને ખરેખરી મૂંઝવણ થવા લાગી. દેહ મૂકવાનું તો ન બન્યું પણ શરીરમાં પણ પ્રાણનો સંચાર અટકી ગયો. ઘણી વાર સુધી સર્વે ઇન્દ્રિયો અચેતન રહેવાથી તે અત્યંત પીડાને પામતા થકા પૃથ્વી પર ઢળી પડ્યા. ત્યાં હાજર રહેલ ગામવાસીજનોને તેમની આ સ્થિતિ જોઈ ઘણું દુઃખ થયું પણ આ બાબતમાં કોઈનું કાંઈ ચાલે તેમ ન હતું.

તેમણે આ જ પીડામાં એક-બે-ત્રણ... એમ પાંચ દિવસ વિતાવી નાખ્યા. ધીરે ધીરે તેમને પશ્ચાત્તાપ થતો હતો કે, 'મેં આ કેવડી મોટી ભૂલ કરી નાખી ! પ્રભુ પ્રેરિત જન્મમરણના ક્રમને મેં હસ્તગત કરવાનો પ્રયત્ન કર્યો ? પણ હવે શું ? આ જીવનમુક્તા સ્વામિનારાયણ જ મને આ મહાદુઃખમાંથી ઉગારી શકશે. પણ કોણ તેઓને અહીં બોલાવે !!'

તેની પીડા જોઈ ગામજનોને દયા ઊપજી. તેઓએ શ્રીહરિ પાસે જઈ પ્રાર્થના કરી, ''હે મહારાજ, મેઘજિત ભગત બહુ પીડાય છે. તેણે ગર્વમાં સિદ્ધિ વડે દેહ ત્યાગવાની પ્રતિજ્ઞા તો લઈ લીધી. એમ કર્યુંય ખરું પણ મૃત્યુ મનુષ્યના હાથમાં થોડું છે ? એ તો આપનું પ્રેર્યું આવે છે. મહારાજ, મેઘજિત ભગતની દશા ત્રિશંકુ

જેવી થઈ છે. નથી દેહ ત્યાગી શકતા, નથી જાગૃત થતા. આમ ને આમ પાંચ દિવસથી પીડાય છે. તેમની સિદ્ધિમાં ક્યાંક વચ્ચે અટવાયા હોય એવું લાગે છે. આપ કૃપા કરી તેમને ઉગારો.''

આમ પણ મેઘજિત ભગતનો પશ્ચાત્તાપ શ્રીહરિ સુધી પહોંચી ગયો હતો. અતિ દયાળુ શ્રીહરિ સંતો સાથે તેમના ઘરે પધાર્યા. ભોં પર ટળવળતા મેઘજિત ભગત સમક્ષ શ્રીહરિએ અમીદૃષ્ટિ કરી એટલામાં તેમનું દુઃખ હરાવા લાગ્યું. શ્રીહરિની કૃપાદૃષ્ટિથી તેમણે આંખો ખોલી, હાથ-પગમાં પ્રાણનો સંચાર થવા લાગ્યો. ઊભા થવાની તો તેમનામાં શક્તિ ન હતી. તેથી શ્રીહરિ સમક્ષ તે બે હાથ જોડી કગરી પડ્યા.

શ્રીહરિએ તેમના શિર પર દિવ્ય કરકમળ પ્રસરાવ્યા. જાણે નવચેતનાનો સંચાર થતો હોય તેમ મેઘજિત ભગતનું તમામ કષ્ટ હરાઈ ગયું. મહાપરાણે ઊઠી શ્રીહરિ સમક્ષ તેઓ ઘૂંટણિયાભેર બેસી પ્રાર્થના કરવા લાગ્યા, ''હે દીનબંધુ, મુજ અપરાધીના અપરાધને અવગણી માફ કરી દો. હું તમારો દાસ છું. સિદ્ધિના મદમાં આપને ઓળખી શક્યો નહીં. આપની સામે મૃત્યુનો પડકાર ફેંક્યો. એ મારી કેવી મૂર્ખામી !''

મેઘજિત ભગત નીતરતા નેત્રથી શ્રીહરિના ચરણ પખાળી રહ્યા હતા. શ્રીહરિ તેઓને માફ કરી સ્વઆશ્રિત કરી ઉતારે પધાર્યા.

## શ્રીહરિએ શરભાખ્યાન કહ્યું

શ્રીહરિ ઉતારે પધાર્યા પછી સર્વે સંતો-ભક્તોને બેસાડી એક કથા કહી સંભળાવી.

હે સંતો, મહાવનમાં એક મોટા ઋષિ રહેતા હતા. તેમની પાસે એક કૂતરો હંમેશાં બેસી રહેતો. ઋષિ જ્યારે તપ કરતા ત્યારે કૂતરો પણ તપ કરતો. એક સમયે એક દીપડો ત્યાંથી પસાર થયો. કૂતરાને જોઈ તેને મારી ખાવાની દીપડાને ઇચ્છા થઈ. કૂતરાને ખ્યાલ આવી જતાં તેણે ઋષિને પ્રાર્થના કરી, ઋષિએ સિદ્ધિ દ્વારા તેને દીપડો બનાવી દીધો.

દીપડો નિર્ભય થકા વનમાં ફરવા લાગ્યો. એક દિવસ એક મોટો વાઘ તેની પાછળ પડ્યો. દીપડાએ ઋષિને પ્રાર્થના કરી ત્યારે ઋષિએ દીપડાને વાઘનું રૂપ આપી દીધું. પછી તો આ વાઘ અનેક પશુ-પક્ષીને મારી માંસભક્ષી બની ગયો. એક દિવસ મદોન્મત્ત હાથીની ગર્જના સાંભળી તે બી ગયો ને ઋષિને પ્રાર્થના

કરી તો ઋષિએ તેને પોતાની શક્તિ દ્વારા હાથી બનાવી દીધો. પછી તો આ હાથી મદમત્ત થઈ ફરવા લાગ્યો. એક દિવસ કેસરી સિંહની ત્રાડ સાંભળી હાથી ગભરાઈ ગયો. તેણે ફરીથી ઋષિને પ્રાર્થના કરી. ઋષિએ તેને હાથીમાંથી કેસરી સિંહ બનાવી દીધો.

અનેક પશુ-પક્ષીઓ આ કેસરી સિંહથી ડરવા લાગ્યા. પોતે જંગલનો રાજા બની વનમાં નિર્ભયપણે ફરવા માંડ્યો. એક દિવસ સિંહ કરતાં પણ ભયંકર પ્રાણી, હંમેશાં રુધિરનો આહાર કરનાર, સર્વે પ્રાણીનો શિકાર કરનાર, આઠ પગવાળો, કપાળમાં એક આંખવાળો શરભ તેની પાછળ દોડ્યો. આ સિંહ ડરીને ઋષિને શરણે આવ્યો.

ઋષિએ કહ્યું, ''બધા પશુઓમાં શરભની પદવી ઘણી ઊંચી ગણાય. હવે હું તને શરભ કરું છું. તું ચિંતામુક્ત રહેજે. હવે તને કોઈનો ભય નહિ રહે. કારણ, તારા સમાન શક્તિશાળી કોઈ નથી.'' આ બળવાન શરભને જોઈ પેલો શરભ ભાગી ગયો. આ શરભ તો અનેક જાતના પશુઓનું માંસ ખાઈને ઘણો બળવાન થયો. સમય જતાં શરભને થયું, 'મેં બધાનું માંસ ખાધું પણ ગુરુનું માંસ કેવું હશે ?' એવી જિજ્ઞાસાથી શરભ ઋષિને મારવા તૈયાર થયો. ઋષિ અંતર્યામીપણે તેની હરકતો સમજી ગયા. શરભ ઋષિ પર તરાપ મારવા જાય છે કે તરત ઋષિએ તેને હતો એવો ને એવો કૂતરો કરી દીધો. તેને કૃતઘ્ની જાણી પોતાના આશ્રમમાંથી કાઢી મૂક્યો.

માટે હે સંતો ! જીવમાત્ર જ્યારે ભગવાન અને સત્પુરુષોના શરણે આવે છે ત્યારે સામાન્ય જન હોય છે. પછી સત્સંગના પ્રતાપે તથા ભગવાનની કૃપાથી જીવને કંઈક ઐશ્વર્ય, ગુણો કે સિદ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે આપોઆપ મદ આવે છે. મદમાં સર્વે દોષો તણાઈ આવે છે. એ મદમાં જેની કૃપાએ બધું પ્રાપ્ત થયું છે તેની આગળ પણ માન ઝબકે છે, તેનો જ અપરાધ ને દ્રોહ થાય છે. પછી એ ગુણો ક્યાંથી ટકે ? ભગવાન ને સત્પુરુષ આવા જીવને કૃતઘ્ની જાણી તેનો ત્યાગ કરી દે છે. આ લોકના ગુણો તો જતા રહે પણ પરલોકનો માર્ગ પણ બંધ થઈ જાય. માટે હે સંતો ! ગમે તેટલી સિદ્ધિ કે ગુણો પ્રાપ્ત થાય તોપણ મદનો (અભિમાનનો) ત્યાગ કરી ભગવાન અને સત્પુરુષ આગળ ગરજુ રહેવું. આજ્ઞાધીન રહેવું. તો જીવનના છેલ્લા શ્વાસ સુધી ટકી રહેવાય.

# શ્રીહરિએ ચાતુર્માસમાં ધ્યાનનો નિયમ આપ્યો

અષાઢી સંવત ૧૮૫૯ બેઠું. અષાઢી મેઘ આકાશમાં છવાયો. મોર પણ આનંદિત થકા ટહુકવા લાગ્યા. શ્રીહરિની કૃપાથી મેઘ વરસવા લાગ્યો. સૂર્યના તાપથી તપેલી પૃથ્વી ટાઢી થઈ. ખેડૂતોના હૈયે હામ બેઠી. જળવર્ષાથી સર્વત્ર આનંદ આનંદ છાયી રહ્યો.

અષાઢ સુદ એકાદશી, નિયમની એકાદશીએ માંગરોળની આસપાસના ગામોમાંથી સૌ હરિભક્તો શ્રીહરિનાં દર્શન કાજે ભેટ-સોગાદો લઈ આવવા લાગ્યા. વર્ષોથી હરિભક્તો નિયમની એકાદશીએ સદ્. રામાનંદ સ્વામી પાસે આવી નિયમ ગ્રહણ કરતા. સૌને એમ કે દર વખતે સદ્. રામાનંદ સ્વામી નિયમની એકાદશીએ આઠ નિયમોમાંથી જ એક આપતા. તેમ આ સહજાનંદ સ્વામી પણ આ આઠ નિયમોમાંથી જ એક નિયમ આપશે. આઠ નિયમો જેવા કે,

૧. ભગવાનની કથાનું શ્રવણ કરવું.
૨. શાસ્ત્ર પઠન કરવું.
૩. પ્રદક્ષિણા કરવી.
૪. દંડવત્ પ્રણામ કરવા.
૫. કીર્તનગાન કરવું.
૬. પૂજાપાઠ કરવા.
૭. મંત્રજાપ કરવો.
૮. એકટાણાં-ઉપવાસ આદિક તપના નિયમ લેવા.

સહજાનંદ સ્વામી આપણને જે નિયમ આપે તે ચાતુર્માસ દરમ્યાન શ્રદ્ધાપૂર્વક દૃઢ મન કરીને પાળીશું એમ સૌએ અંતરમાં નિર્ધાર કરેલો.

પરંતુ શ્રીહરિનો આશય જુદો હતો. શ્રીહરિ તો જેના માટે આ બ્રહ્માંડમાં મનુષ્ય રૂપે દર્શન આપી રહ્યા હતા તે બ્રહ્મવિદ્યા સિદ્ધ કરાવવા અતિ તત્પર હતા. તેથી જ સૌ હરિભક્તોને ઉદ્દેશી શ્રીહરિએ કહ્યું, ‘‘તમે સૌએ મનમાં નક્કી કર્યું છે તે પ્રમાણે તમને યોગ્ય લાગે તેવો નિયમ લેજો પણ ચાતુર્માસ દરમ્યાન એક નિયમ તો સૌએ અવશ્ય લેવાનો છે. રસરૂપ એવી પ્રત્યક્ષ મૂર્તિનું નિત્ય ધ્યાન કરવું અને પ્રત્યક્ષ મૂર્તિને (અમોને) જેવી રીતે આંખે દેખી હોય તેવી રીતે અનુપમ મહિમા જાણી નિત્ય સંભારવી.’’

આમ, શ્રીહરિએ પ્રથમ ચાતુર્માસ પ્રસંગે જ સૌને કારણમય કરવા ધ્યાનનો નિયમ આપ્યો.

## શ્રીહરિનો દાસત્વભાવ

પ્રગટ પુરુષોત્તમનારાયણ શ્રીહરિ સદ્. રામાનંદ સ્વામીના શિષ્ય મંડળમાં સૌથી નાના તથા નવા દીસતા છતાં સૌના મંડળધારી હતા. સદ્. રામાનંદ સ્વામીના જૂના ત્યાગી શિષ્યોમાં કોઈકને ઈર્ષ્યાના ભાવથી તો કોઈકને સદ્. રામાનંદ સ્વામીમાં ભગવાનપણાની પ્રતીતિના કારણે શ્રીહરિનો હૃદયગત સ્વીકાર થતો ન હતો. સદ્. રામાનંદ સ્વામીના બે જૂના શિષ્યો એક જેઠામેર, બીજા દેવાનંદ સ્વામી (દંડી) શ્રીહરિ સાથે જ વિચરતા પણ તેઓને શ્રીહરિ પ્રતિ દિવ્યભાવની દઢતા ન હતી. પરિણામે તેઓ વારંવાર શ્રીહરિની વાતોનું ખંડન કરી નાખતા. સભાપ્રસંગે શ્રીહરિની કથામાં વચ્ચે વચ્ચે બોલતા. શ્રીહરિની આમન્યા-મર્યાદા ન રાખતા. ક્યાંક શ્રીહરિના વિચરણમાં પણ વિઘ્ન કરતા. હરિભક્તોને આવું જોઈ અસમાસ થતો.

વારંવાર આવું થતાં એક વખત શ્રીહરિએ બંનેને બોલાવીને કહ્યું, ‘‘આપ બંને સદ્. રામાનંદ સ્વામીના જૂના શિષ્યો છો. મારા વડીલ ગુરુબંધુ છો. રામાનંદ સ્વામીની રીત-રસમ મુજબ અમે પૂર્ણપણે વર્તતા નહિ હોઈએ તેનો આપ બંનેને રંજ રહેતો હશે તો આપ બંને જેમ કહો તેમ અમે કરીશું. આપ અંતરમાં બીક રાખ્યા વિના અમને કહો.’’

શ્રીહરિનું આવું નિર્માનીપણું જોઈ બંને રાજી થયા અને કહ્યું, ‘‘સદ્. રામાનંદ સ્વામીએ આપને ગુરુગાદી સોંપી છે તે સમજી-વિચારીને જ સોંપી હશે. અમારે તમારો ગુરુ તરીકે સ્વીકાર કરવો જ રહ્યો. જેમાં અમારી ખામી રહે છે. તેથી અમને માફ કરજો પરંતુ આપણા સંપ્રદાયમાં સૌ સંતો-ભક્તો આપને વિષે ગુરુની નહિ પણ ભગવાનપણાની પ્રતીતિ લાવી આપનું મહાત્મ્ય ભગવાન તરીકે સમજે છે. જે વાતની અમને ઘેડ્ય પડતી નથી. કારણ, શાસ્ત્રમાં એવું કહ્યું છે કે જેમના હૃદય પર ભૃગુલાંછન તથા શ્રીવત્સનું ચિહ્ન હોય અને જેના ચરણમાં સોળ ચિહ્ન હોય તેને સાક્ષાત્ ભગવાન જાણવા. તો અમે આપની મૂર્તિમાં આ ચિહ્નનાં દર્શન કરવા ઈચ્છીએ છીએ.’’

શ્રીહરિએ તે બંનેને સ્વયંની મૂર્તિમાં આ ત્રણેય ચિહ્નોનાં દર્શન કરાવી ભગવાનપણાની પ્રતીતિ કરાવી. પછી તો બંનેને શ્રીહરિને વિષે અત્યંત અહોભાવ થયો. શ્રીહરિની હૃદયપૂર્વક માફી માગી. બંને શ્રીહરિના દઢ આશ્રિત બની સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવા લાગ્યા.

સ્વયં પુરુષોત્તમનારાયણ હોવા છતાં અજ્ઞાની તથા પોતાના સ્વરૂપને ઓળખી ન શકનારા જીવોનાં માન, અપમાન, અવગણના રાજી થકા સહેજે સહી લેતા. આ દાસત્વભાવ તેઓનો દિવ્ય કલ્યાણકારી ગુણ છે.

## રઘુનાથદાસે સર્જેલી ઉપાધિ

રાજા વજરુદ્દીનની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિએ સંત મંડળે સહિત માંગરોળ શહેરને વિષે ચાર મહિના રહેવાનું નિર્ધાર્યું. શ્રીહરિના દિવ્ય સમાધિ પ્રકરણમાં તથા વિચરણમાં રઘુનાથદાસ ખલેલ ન પહોંચાડે એટલે શ્રીહરિએ તેમને યુક્તિપૂર્વક અમદાવાદ મોકલ્યા.

અષાઢ મહિનો પૂર્ણ થયો. શ્રાવણ મહિનાનો ઝરમરિયો વરસાદ વરસતો હતો. શ્રીહરિ પણ સૌ જીવો પર અનરાધાર વરસી રહ્યા હતા. શ્રાવણ મહિનાના ઉત્સવો શ્રીહરિ સંગે ઊજવવા ગામોગામના હરિભક્તો માંગરોળ ભણી આવવા લાગ્યા. શ્રીનગરના (અમદાવાદના) હરિભક્તોનો સંઘ આવ્યો. શ્રીહરિએ સૌ હરિભક્તોના મુખની ઉદાસીનતા પારખી પૂછ્યું, “સુખી તો છો ને ?” સર્વે હરિભક્તોમાંના મુખિયા એક ભક્તે શ્રીહરિને વિનમ્રભાવે કહ્યું, “દયાળુ, રઘુનાથદાસે અમદાવાદમાં ભારે તોફાન મચાવ્યું છે. સંતો-હરિભક્તોને આપની વિરુદ્ધ ચઢામણી કરે છે. પોતે જ સદ્. રામાનંદ સ્વામીના વારસદાર છે. આ સહજાનંદ તો આજકાલના છે એવું સૌને ઠસાવે છે. હવે આપ અમદાવાદ પધારો અથવા કોઈ સદ્‌ગુરુનું મંડળ મોકલો. હવે વધુ વાર થશે તો રઘુનાથદાસ ઘણા જીવોને ભરમાવી દેશે.”

શ્રીહરિએ હરિભક્તોને ધીરજ આપતાં કહ્યું, “જે શુદ્ધ મુમુક્ષુ હશે તેને તો રઘુનાથદાસ લાખ પ્રયત્ને પણ ભરમાવી શકશે નહીં. પણ જે અસદ્‌ભાવવાળા જીવો હશે તે રઘુનાથદાસ તરફ ખેંચાયા વિના રહેશે નહીં. છતાં તમારી વિનંતીથી અમે રામદાસજી સ્વામીને મોકલીએ. આ ઉત્સવો પૂરા કરી સ્વામી તમારી સાથે આવશે.”

રામદાસજી સ્વામીને બોલાવી શ્રીહરિએ કહ્યું, “સ્વામી, અમદાવાદમાં રઘુનાથદાસ બધાને ભરમાવે છે માટે તેમને સમજાવવા તથા સદ્. રામાનંદ સ્વામીના ખીલવેલા સત્સંગ બગીચાને સાચવવા તમારે અમદાવાદ જવાનું છે. રઘુનાથદાસને સમજાવી સત્સંગમાં રાખજો. જો સત્સંગમાંથી એ નીકળશે તો

કેટલાય જીવોનું ભૂંડું કરશે.''

''આવ્યા અમદાવાદના વાસી, હતા દિલમાં બહુ ઉદાસી;
પૂછ્યું પ્રભુયે કુશળક્ષેમ, સત્સંગી બોલ્યા સહુ એમ,
મેલ્યા છે ત્યાં રઘુનાથદાસ, આપે છે અમોને બહુ ત્રાસ;
નિંદા કરે છે આપની જ્યારે, આવે આંખ્યોમાં આંસુડાં ત્યારે,
નિત્ય ગાય છે પોતાના ગુણ, એને રોકી શકે કહો કુણ;
વાત વાતમાં થાય વિવાદ, તેથી ઊભો થયો વિખવાદ,
ડોળી ગયાં છે સહુનાં મન, એવું સાંભળી શ્રી ભગવાન;
હરિવર હસ્યા મંદહાસ્ય, કહે કોઈ ન થાશો ઉદાસ,
સૂર્ય ઊગશે અંધારું જાશે, સાચું ખોટું સૌને સમજાશે;
મેલશું ત્યાં સ્વામી રામદાસ, વાત સુણજો તેઓની પાસ,
એમ વાત વિવેકની કીધી, ધર્મનંદને ધીરજ દીધી;
આવ્યા ઉચ્છવે જે સહુ જન, તેને બોધ દીધો ભગવન.''[૧૩]

આમ, શ્રીહરિની આજ્ઞાને શિરોવંદ્ય કરી ભાઈરામદાસજીએ સંતોને સાથે લઈ અમદાવાદની વાટ પકડી.

## મગ્નીરામમાંથી થયા અદ્વૈતાનંદ

દ્રાવિડ દેશમાં જન્મેલા દ્વિજકુળના મગ્નીરામને પ્રભુપ્રાપ્તિની અદમ્ય ઝંખના હતી. ઘર-પરિવારનો ત્યાગ કરી મગ્નીરામ પ્રભુપ્રાપ્તિ માટે નીકળી પડ્યા. ભગવાનને સાધવા ગુરુની જરૂર પડે તેથી તે સાચા ગુરુને શોધતાં શોધતાં બંગાળ પહોંચ્યા. અહીં એક વિપ્રએ દૈવી તત્ત્વને સાધના કરી પ્રસન્ન કર્યા હતા. મગ્નીરામે તે વિપ્રને ગુરુ બનાવ્યા. વિપ્રએ તેમને તમામ સાધના શીખવી દૈવી તત્ત્વનો સાક્ષાત્કાર કરાવ્યો. મગ્નીરામે વિપ્રને ગુરુદક્ષિણા માગવાની કહી ત્યારે વિપ્રએ કહ્યું, ''મગ્નીરામ, તમે દ્રાવિડ દેશના બ્રાહ્મણ છો અને હું પણ. માટે મુને ગુરુદક્ષિણા આપવી હોય તો મારી પુત્રી સાથે વિવાહ કરો.'' મગ્નીરામે હાથ જોડી કહ્યું, ''ગુરુજી, આપની દીકરી ગુરુપુત્રી એ મારી બહેન કહેવાય. તેમની સાથે સાંસારિક સંબંધો બાંધવા એ અનુચિત છે. વળી, મારે અખંડ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું છે. માટે રાજી રહેશો પણ હું આવી ગુરુદક્ષિણા આપી શકીશ નહીં.''

---

**૧૩.** શ્રી પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા : ગુચ્છ-૫, પુષ્પ-૮

વિપ્રે મગ્નીરામની જીવનધ્યેયની દઢતા જોઈ પ્રસન્ન થઈ તેમને રજા આપી. મગ્નીરામ ત્યાંથી એક સ્થાનને વિષે ગયા. ત્યાં ત્યાગના વેષ ધારેલા છતાં સાંસારિક ભોગવિલાસી જીવન જીવતા વૈરાગીઓ જોયા. આ બધા મંત્રવિદ્યાથી બીજાને ડરાવી ભોળી પ્રજા પાસે મનગમતું કરાવતા. મગ્નીરામ આ ત્યાગીની જમાતમાં ભળી ગયા. પોતાનો જીવનધ્યેય વીસરી ગયા.

ગમે તેટલો મક્કમ નિર્ધાર અને જીવનધ્યેયની દઢતા હોય પણ કુસંગના પ્રભાવે બધું ઢીલું પડી જાય છે. પ્રભુપ્રાપ્તિની ખોજમાં નીકળેલા મગ્નીરામ કુસંગના યોગે મદ્યમાંસનું ભક્ષણ કરતા થઈ ગયા. બ્રહ્મચર્યવ્રત ધારણ કરી રાખવા ગુરુપુત્રીની અવગણના કરી હતી પણ હવે ધ્યેય ચૂકી જતાં સ્ત્રીઓનો યોગ પણ થવા લાગ્યો.

પોતે પોતાના જેવા રસ્તો ભૂલી જનાર એક હજાર શિષ્યોની જમાત સાથે ગામોગામ ફરવા લાગ્યા. જ્યાં જાય ત્યાં ધોળી દાળ ઔર કાળી રોટી (દૂધપાક અને માલપૂઆ) માગતા. વળી, રાજા-રજવાડાઓ પાસેથી સોનામહોરો અને રૂપિયા માગતા. આમ, ફરતાં ફરતાં આ જમાત સૌરાષ્ટ્રમાં પોરબંદર ખાતે આવી. અહીં એક મઠનો વૈભવ જોઈ મગ્નીરામનું હૈયું ઠર્યું. મઠાધિપતિને મંત્રવિદ્યા બતાવી મનમાની રકમ પડાવી લીધી.

ડરતાં ડરતાં મઠાધિપતિએ કહ્યું, "મગ્નીરામ, અમારા જેવા દેડકાને ડાંભ્યા છે પણ તને આજ સુધી મણિધર મળ્યો નથી લાગતો. શેરને માથે સવા શેર હોય જ એટલું ધ્યાનમાં રાખજે. તારો મદ તો માંગરોળમાં બેઠેલા જીવનમુક્તા જ ઉતારશે."

મગ્નીરામ આવો પડકાર સાંભળી ચમક્યા. મારાથી અધિક આ દુનિયામાં બીજું કોણ હોઈ શકે ? વળી, પોતે પૂર્વેના સ્થાનમાં જીવનમુક્તાનું નામ સાંભળેલું. આજે મઠાધિપતિની વાતથી મગ્નીરામે નિશ્ચય કરી લીધો. પોતાની મંત્રવિદ્યાથી જીવનમુક્તાનું કાસળ કાઢી નાખવું. મગ્નીરામે માંગરોળની વાટ પકડી. અહીં તેમણે શ્રીહરિના પ્રતાપની વાતો, સમાધિ પ્રકરણની વાતો સાંભળી. વળી, નવાબ વજરુદ્દીન તથા કાજી પણ શ્રીહરિના આશ્રિત બની ગયા છે એવું સાંભળી મગ્નીરામનો ક્રોધાગ્નિ આસમાને પહોંચ્યો.

મગ્નીરામ નવાબ પાસે થઈ શ્રીહરિ પાસે ગયા. શ્રીહરિએ મગ્નીરામનાં નેત્ર સામે એક દૃષ્ટિ કરી અને દયા ઊપજી, 'આત્માનાં કલ્યાણ કાજે ઘરને ત્યજી દેનાર મુમુક્ષુ કુસંગના યોગે આટલો ભટકી જાય છે !' મગ્નીરામે તો સીધા જ

મહારાજ પાસે આવી ગુસ્સામાં કહ્યું, ''એય જીવનમુક્તા ! આવું સમાધિનું પાખંડ કેમ ચલાવો છો ? એમ કાંઈ સમાધિ થતી હશે ? આવું પાખંડ છોડી અભી અભી જ અમારા શિષ્ય બની જાવ.''

શ્રીહરિએ શાંતિથી તેમને કહ્યું, ''મગ્નીરામ, અમે તો જીવોને સદ્‌વર્તનના પાઠ શીખવી કલ્યાણનો માર્ગ બતાવીએ છીએ. અમે કોઈના શિષ્ય બનતા નથી. તમારે કલ્યાણનો ખપ હોય તો અમારી પાસે આવો.'' આજ સુધી સૌ કોઈ મગ્નીરામથી ડરી નમી જતા. આજે પહેલી વખત શ્રીહરિએ તેમની સામે પડકાર કર્યો. તેથી મગ્નીરામ વધુ ઉશ્કેરાયા, ''ઓ જીવનમુક્તા ! તમે હજુ બાળક જેવા છો અને અમને તમારા શિષ્ય બનાવવા નીકળ્યા છો. જુઓ, હું મારી સિદ્ધિ વડે દરિયા પર ચાલી શકું છું. પાણીમાં અગ્નિ પ્રગટાવી શકું છું. તમે હજુ મારી સિદ્ધિ જોઈ નથી. મને દસ હજાર રૂપિયા આપી મારું શરણું સ્વીકારી લો; નહિ તો મારી મંત્રવિદ્યાથી હું તમારો સૌનો ખાતમો બોલાવી દઈશ સમજ્યા.''

સભામાં બેઠેલા સૌ સંતો-ભક્તો મગ્નીરામના પડકારથી ડરવા લાગ્યા. પણ શ્રીહરિ તો શાંત ચિત્તે બિરાજતા થકા બોલ્યા : ''એમ ! તમે આટલી મોટી સિદ્ધિ હાંસલ કરી છે ! અમને બતાવો તો ખબર પડે ને. અને રહી વાત રૂપિયા આપવાની; તો અમે ત્યાગી છીએ તેથી રૂપિયા તો રાખતા નથી. સદાવ્રતમાંથી અન્ન જોઈએ તો આપીએ.''

મગ્નીરામને શ્રીહરિની વાતથી અંતરમાં ભીતિ પેઠી. પોતાના કરતાં શ્રીહરિ વધુ શક્તિશાળી છે એવો તેમને અનુભવ થયો છતાં બહારથી તો હિંમત રાખી બોલ્યા, ''મારે તમારી કોઈ વાત સાંભળવી નથી. કાલે હું આવીશ. રૂપિયા તૈયાર રાખજો.''

એમ કહી ચીપિયા ખખડાવતાં માંગરોળ ગામની બહાર તંબૂ તાણી ઉતારો કરેલો ત્યાં જતા રહ્યા. રાત્રે તેમણે દૈવી તત્ત્વની આરાધના કરી. તેમને તે તત્ત્વએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં ને મગ્નીરામને સ્મૃતિ કરાવી ભૂતકાળની – તેમના સંસ્કારની, મુમુક્ષુતાની, પ્રભુપ્રાપ્તિની અભીપ્સાની, બ્રહ્મચર્યની દૃઢતાની.

મગ્નીરામને અંતરે ખૂબ પશ્ચાત્તાપ થયો. તેમણે કહ્યું, ''હું રસ્તો ભૂલ્યો છું. આજે તમે મને મારી ભૂલ ઓળખાવી. હવે હું કેવી રીતે આગળ વધુ તેનો રસ્તો બતાવો.''

દૈવી તત્ત્વએ કહ્યું, ''મગ્નીરામ, તું પ્રભુપ્રાપ્તિ માટે જ ઘર છોડી નીકળ્યો

હતો તે કલ્યાણદાતા પ્રભુ બીજું કોઈ નહિ, આ જીવનમુક્તા સ્વામિનારાયણ છે. માટે તેમનું શરણું સ્વીકારી લે.''

મગ્નીરામની આંખો ઊઘડી ગઈ. આખી રાત તેમનું હૈયું પશ્ચાત્તાપની નદીમાં નહાતું રહ્યું. વહેલી સવારે તેઓ પ્રાતઃ ક્રિયાથી પરવારી શ્રીહરિ પાસે પહોંચી ગયા. આજ સુધી હજારો શિષ્યોના ગુરુ બની પૂજાતા મગ્નીરામ શ્રીહરિના પ્રૌઢ પ્રતાપે પોતે શિષ્ય બની શ્રીહરિ પાસે આવ્યા.

સભાને વીંધતા મગ્નીરામ શ્રીહરિના ચરણોમાં ઢળી આક્રંદ કરવા લાગ્યા, ''હે પ્રભો ! આપ અનંત જીવોનાં કલ્યાણ કાજ પ્રગટ્યા છો. હું કેવો પામર-પતિત કે આપને ઓળખી ન શક્યો. આપની પ્રાપ્તિ માટે તો મેં સંસાર ત્યાગ્યો પણ કુસંગના રંગે રંગાઈ ધ્યેયથી વિચલિત થયો. મારી એટલી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ કે આપને મારા શિષ્ય બનાવવા મથામણ કરી. પ્રભુ ! મારા ગુના-અપરાધને માફ કરી મને આપના શરણે લો. આપની ભાગવતી દીક્ષા આપી આપના સંત મંડળ મધ્યે સ્થાન આપો.''

શ્રીહરિ તેમના માથા પર બે હસ્ત મૂકી પ્રસન્ન થકા બોલ્યા, ''મગ્નીરામ, અમો તમારા પર રાજી છીએ. તમને તમારી ભૂલ તો ઓળખાઈ; પણ સાધુ થવું એ સહેલી વાત નથી. સાધુ આશ્રમમાં તો પળે પળે માન અને મનગમતું મરોડાય. એ સહન કરવાની શક્તિ હોય તો આગળ વિચારાય.''

મગ્નીરામે કહ્યું, ''મહારાજ, આજ સુધી હજારો શિષ્યોનો ભગવાન થઈ હું પૂજાયો છું. ચીપિયા ખખડાવી મારી મંત્રવિદ્યાથી હજારોને મેં રંજાડ્યા છે. વિષયમાં ચકચૂર બની અનિષ્ટો આચર્યાં છે. હવે કોણ મારો વિશ્વાસ કરે ? પણ દયાળુ, આપની કૃપાથી હવે મને મારાં કુકર્મો પર પારાવાર પસ્તાવો થાય છે. મોક્ષગતિને પામવા હવે આપ તથા આપના સંતો મને જેમ કહેશો તેમ જ હું કરીશ પણ મને આપના શરણે સ્વીકારો.''

શ્રીહરિએ તેમના ખપ-ગરજની તથા દાસત્વભાવની પરીક્ષા લેવા તેમના શિરેથી જટા ઉતરાવી રસ્તા પર નખાવી. તેના પર સંતોને ચલાવ્યા. યોગીને જટા બહુ વ્હાલી હોય પણ મગ્નીરામને હવે જટા કરતાં મોક્ષ વધુ વ્હાલો થયો હતો. તેથી મગ્નીરામ રાજી થયા. 'શ્રીહરિના વ્હાલા સંતોની ચરણરજ મારી આ જટા પર હોય ક્યાંથી !' એવા વિચારે અહોભાવ થયો.

વળી, બપોરે શ્રીહરિએ મગ્નીરામને સંતોના ભંડારની ઓસરીએ જમવા

બેસાડ્યા. વાંસેથી શ્રીહરિએ સંતોને કહ્યું, "તમે એમને જમતા ઉઠાડી વારંવાર જગ્યા બદલાવજો." મગ્નીરામ જમવા બેઠા. હજુ એક કોળિયો હાથમાં લીધો કે તરત એક સંતે આવી તેમને ઉઠાડ્યા, "અહીં નહિ પેલી બાજુ બેસો." આ રીતે જમતાં જમતાં મગ્નીરામને સાત સંતોએ સાત વખત ઉઠાડી જગ્યા બદલાવી. છતાં મગ્નીરામે એક હરફ સુધ્ધાં ન ઉચ્ચાર્યો. રાજી થકા સંતોના ગમતામાં ભળી ગયા.

આ જોઈ શ્રીહરિ તથા સંતો મગ્નીરામ પર ખૂબ પ્રસન્ન થયા. હવે સૌને મગ્નીરામનાં ખપ અને ગરજ ઉપર વિશ્વાસ બેઠો. પોતાના ગુરુ મગ્નીરામમાં આવું પરિવર્તન જોઈ સર્વે શિષ્યો આશ્ચર્ય પામ્યા ત્યારે તેમણે તેઓને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું, "મેં જેના માટે સંસારનો ત્યાગ કર્યો હતો તે પ્રભુની પ્રાપ્તિ મને થઈ ગઈ છે. આજ સુધી હું રસ્તો ભૂલ્યો હતો. પ્રભુકૃપાથી મને આ પ્રભુની ઓળખાણ થઈ ગઈ છે. જો મારા પર વિશ્વાસ હોય તો તમે સૌ પણ શ્રીહરિના શરણાગત ભક્ત બનો."

મગ્નીરામની વાત સાંભળી કેટલાક શિષ્યોએ શ્રીહરિનું શરણું સ્વીકાર્યું. કેટલાક ત્યાંથી રવાના થયા.

મગ્નીરામ શ્રીહરિની કસણીમાં સંપૂર્ણ ઉત્તીર્ણ થયા. શ્રીહરિએ તેઓને તત્કાળ દીક્ષા આપી સાધુ કર્યા અને નામ આપ્યું અદ્વૈતાનંદ સ્વામી. આ મગ્નીરામની હૃદય પરિવર્તનની વાત ગુજરાત ઉપરાંત કેટલાય રાજ્યોમાં પ્રસરી ગઈ. સૌને થયું કે ખરેખર આ જીવનમુક્તા સ્વામિનારાયણ બહુ પ્રતાપી છે. અનેકને દૂરમાર્ગેથી સદ્‌માર્ગે વાળે છે.

## મયારામ ભટ્ટને શ્રીહરિનું સમાધિ પ્રકરણ જોઈ સંશય થયો

સમાધિ પ્રકરણની વાત વહેતી વહેતી માણાવદર મયારામ ભટ્ટ સુધી પહોંચી ગઈ. મયારામ ભટ્ટને શ્રીહરિ પ્રતિ ભાવ હતો પણ ભગવાનપણાનો નિશ્ચય ન હતો. વળી, અંતરમાં હજુ સદ્. રામાનંદ સ્વામી પ્રત્યેની પ્રતીતિ ટળી ન હતી. પોતે સત્સંગમાં જૂના અને સુજ્ઞ હરિભક્ત. વળી, સદ્. મુક્તાનંદ સ્વામી પણ ભૂજ બિરાજે તેથી આ નવા તથા નાના સહજાનંદ સ્વામી સમાધિ પ્રકરણને મિષે સત્સંગ ભેળાવી દેશે તો ? એ ચિંતાએ તરત માંગરોળ આવ્યા.

મયારામ ભટ્ટ માંગરોળ આવ્યા ત્યારે શ્રીહરિ ઘણા સંતોને ભજનમાં બેસાડી

સમાધિ કરાવતા હતા. તે વખતે મયારામ ભટ્ટના અંતરના સંકલ્પો જાણી શ્રીહરિએ કહ્યું, "ભટ્ટજી, તમારે સમાધિનો અનુભવ કરવો હોય તો આ સાધુઓ સાથે બેસી સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરો." ભટ્ટજી સહુ સંતો સાથે બેસી ભજન કરવા લાગ્યા. ત્યાં તો તેમનાં નાડીપ્રાણ ખેંચાવા લાગ્યાં. મયારામ ભટ્ટને ભીતિ પેઠી કે આ શું થાય છે ? એટલે તરત ભજનમાંથી ઊઠી ગયા. અને બહાર નીકળી ગયા. ફરીથી ભજનમાં બેઠા ત્યારે ફરીથી નાડીપ્રાણ ખેંચાવા લાગ્યાં. ફરીથી તેઓ ઊભા થઈ ગયા. આમ ચાર વખત બેઠા ને ઊભા થયા. શ્રીહરિનું આ સમાધિ પ્રકરણ જોઈ તેઓ વિચાર કરવા લાગ્યા, 'આ તો સહજાનંદ સ્વામીએ નવી પ્રથા પાડી. રામાનંદ સ્વામી વખતની પ્રથામાં બગાડ પેઠો કહેવાય. આવું તો કેમ ચલવી લેવાય ? જો હવે હું આ સમાચાર સદ્. મુક્તાનંદ સ્વામીને નહિ આપું તો સત્સંગ આખો ભેળાઈ જશે. માટે હવે મારે ભૂજ જવું જ રહ્યું.' આમ વિચારી મયારામ ભટ્ટ શ્રીહરિને પ્રણામ કરી માણાવદર આવી ગયા. ઘરેથી ભાતું તૈયાર કરી સદ્. મુક્તાનંદ સ્વામીને ભૂજ સમાચાર આપવા ચાલી નીકળ્યા. જ્યારે પ્રથમ વખત લોજપુરથી સદ્. મુક્તાનંદ સ્વામીએ પોતાનો તથા નીલકંઠ વર્ણીનો પત્ર મયારામ ભટ્ટને આપી સદ્. રામાનંદ સ્વામી પાસે ભૂજ મોકલ્યા હતા ત્યારે વર્ણીરાજના પત્રમાંથી પ્રગટેલા તેજનાં દર્શન ભટ્ટજીએ કર્યાં હતાં. વળી, વખતોવખત સદ્. રામાનંદ સ્વામી થકી શ્રીહરિનું મહાત્મ્ય સાંભળ્યું હતું. તેમ છતાં સમય આવ્યે મયારામ ભટ્ટ શ્રીહરિની આ સમાધિ લીલામાં ભૂલા પડી ગયા. મન-બુદ્ધિના રવાડે ચડી ગયા. સમયે શ્રીહરિ અને સત્પુરુષના ચરિત્રોમાં નિઃસંશયપણું રહે એ જ ખરો દિવ્યભાવ.

## દૂધ તળાવડીએ લીલા

ચોમાસામાં શ્રીહરિની કૃપાથી કાઠિયાવાડના સારાય પંથકમાં સારો વરસાદ વરસ્યો. માંગરોળની દૂધ તળાવડી પણ જળવર્ષાથી છલોછલ ભરાઈ ગઈ. શ્રીહરિ સૌ સંતો-ભક્તો સાથે દૂધ તળાવડીએ સ્નાન કરવા પધાર્યા. શ્રીહરિની પ્રસન્ન મુખમુદ્રા નિહાળી રામચંદ્ર શેઠે શ્રીહરિને પ્રાર્થના કરી, "દયાળુ, આ તળાવે સૌ સ્નાન કરવા તો આવે છે પણ ગામના લોકોને કપડાં ધોવા માટે તકલીફ પડે છે."

શ્રીહરિએ પૂછ્યું, "તો શું કરીશું ?"

રામચંદ્ર શેઠે કહ્યું, "મહારાજ, પેલો દૂર ૮૦૦-૧૦૦૦ મણનો પથ્થર પડ્યો

છે. સપાટ છે. એ જો અહીં ગોઠવી દઈએ તો...''

શ્રીહરિએ કહ્યું, ''આવડો મોટો પથ્થર આટલા સંતો-ભક્તોથી તો કેવી રીતે ઊંચકાય ?'' રામચંદ્ર શેઠે કહ્યું, ''મહારાજ, પથ્થર ઊંચકવાનો નહીં... આપ જો સંકલ્પ કરો તો તરત એ પથ્થર અહીં ગોઠવાઈ જાય.''

શ્રીહરિને આશ્ચર્ય થયું, 'જે નવા આદરવાળા જીવો છે, જે જ્ઞાનની વાતોમાં કાંઈ સમજતા નથી એમને તો ચમત્કારથી જ ભગવાનપણાની પ્રતીતિ થાય પણ આ રામચંદ્ર શેઠ જેવા સમજુ અને જૂના હરિભક્તને પણ ઐશ્વર્ય જોવાની ઇચ્છા રહે તો તેમનો પાયો હજુ ઘણો કાચો છે.' શ્રીહરિએ રામચંદ્ર શેઠને કહ્યું, ''અમે નહિ તમે પણ એ પથ્થરનો માત્ર સ્પર્શ કરશો પછી એ તમારી પાછળ પાછળ જ્યાં મૂકવો હશે ત્યાં આવી જશે.'' રામચંદ્ર શેઠના મનમાં દ્વિધા ઊપજી, 'મારાથી તો આવું કેવી રીતે શક્ય બને ?' છતાં શ્રીહરિના વચન પર વિશ્વાસ રાખી રામચંદ્ર શેઠ પથ્થરને અડી આગળ ચાલવા લાગ્યા. પથ્થર તેમની પાછળ પાછળ ઘસડાતો આવવા લાગ્યો. તેઓ જ્યાં ઊભા રહ્યા ત્યાં પથ્થર સ્થિર થઈ ગયો. રામચંદ્ર શેઠ સહિત સૌ આનંદમાં આવી ગયા પણ શ્રીહરિની મુખાકૃતિ થોડી ગંભીર હતી. જે સૌ કોઈના ધ્યાનમાં આવ્યું.

કોઈ પૂછે એ પહેલાં જ શ્રીહરિએ કહ્યું, ''હે સંતો-ભક્તો, ઐશ્વર્ય કે પરચા-ચમત્કારે કરીને અમારે વિષે ભગવાનપણાની પ્રતીતિ કરશો તો જરૂર ભૂલા પડશો. પરચા-ચમત્કાર તો નવા આદરવાળા જીવોના સમાસને અર્થે છે. તમારા જેવા સમજુ અને જ્ઞાની ભક્તો માટે નથી. તમો પણ પરચા-ચમત્કારની ઇચ્છા રાખો છો તો તમારો સત્સંગમાં ઘણો પાયો કાચો છે. ખરું ભગવાનપણું તો તેને કહેવાય જે જીવનું અનાદિકાળનું દેહાભિમાન ટાળી, શુદ્ધ ચૈતન્યને બ્રહ્મરૂપ (મૂર્તિરૂપ) કરે, આ માટે જ અમારું આ બ્રહ્માંડને વિષે પ્રાગટ્ય છે.''

શ્રીહરિનો આશય તો પહેલેથી જ શુદ્ધ નિષ્કામ સમાજ રચવાનો હતો પરંતુ નવા આદરવાળા જીવોના સમાસને અર્થે શ્રીહરિ સમાધિ પ્રકરણ તથા આવાં ઐશ્વર્ય-ચમત્કારો જણાવતાં.

રામચંદ્ર શેઠ સહિત સર્વે સંતો-ભક્તો શ્રીહરિના આશયને સારી પેઠે સમજી ગયા.

# 3

# કાલવાણી તથા લોજ પાવન થયું શ્રીહરિની પદરજથી

**(આ.સં. ૧૮૫૯, ઈ.સ. ૧૮૦૨-૧૮૦૩)**

---

ચાર-પાંચ માસ પર્યંત શ્રીહરિએ માંગરોળના અનેક ભક્તોને સુખ પમાડી કાલવાણી જવાનું નક્કી કર્યું. શ્રીહરિ માંગરોળથી પધારે છે તે સમાચાર વાયુવેગે આખા માંગરોળ શહેરમાં પ્રસરી ગયા. ચાર-પાંચ માસથી અલૌકિક આનંદમાં ડૂબતા પુરવાસીજનો તથા નવાબ શ્રીહરિનો વિયોગ થશે એમ જાણી ઉદાસ થઈ ગયા.

માંગરોળથી વિદાય લેતી વેળાએ રાજા વજરુદ્દીનની પ્રાર્થનાથી શ્રીહરિ ફરીથી તેમના મહેલમાં પધરામણીએ પધાર્યા. ત્યારબાદ રાજા સહિત સમગ્ર શહેર શ્રીહરિને વિદાય આપવા નગરના ઝાંપા સુધી આવ્યું.

શ્રીહરિ પાસેથી ફરીથી પધારવાનું વચન લઈ સૌ ઉદાસીનતા સાથે ઘર તરફ પરત આવ્યા.

## શ્રીહરિ કાલવાણીમાં

શ્રીહરિ માંગરોળથી નીકળી કાલવાણી ગામે પધાર્યા. અહીં જીવ શર્મા, મેઘજી, ભીમજી, લક્ષ્મણ, રઘુનાથ આદિ હરિભક્તોએ શ્રીહરિનું પ્રેમભર્યું સ્વાગત કર્યું. શ્રીહરિ કાલવાણી બિરાજી પાત્ર-કુપાત્ર સર્વે જીવોને સમાધિ કરાવતા. યોગસમાધિનો પ્રભાવ દિન-પ્રતિદિન વધતો જતો હતો.

શ્રીહરિ કાલવાણીમાં સમાધિ કરાવતા તેમાં કેટલાક મનુષ્યોને સમાધિ સાથે

ઐશ્વર્ય પણ પ્રદાન કરતા. કેટલાક પ્રાણને રોકી શકતા, તો કેટલાક સ્વઈચ્છાએ દેહ રાખી શકતા, કેટલાક દેહ ત્યાગ કરી શકતા, કેટલાક બીજાના દેહમાં પ્રવેશ કરી શકતા.

કેટલાક જીવોને શ્રીહરિ સમાધિમાં બ્રહ્માંડના ચૌદ લોકની રચનાનાં દર્શન કરાવતા, કેટલાકને બીજા બ્રહ્માંડમાં પ્રવેશ કરાવતા, કેટલાકને વગર સાધનાએ માત્ર સમાધિથી અષ્ટાંગયોગ સધાવતા, કેટલાક જીવોને સમાધિમાં શ્રીહરિ પોતપોતાના ઈષ્ટદેવ, તેમનાં ધામ તથા ત્યાંના મુક્તોનાં દર્શન કરાવતા. એટલું જ નહિ, કેટલાક તો શ્રીહરિની કૃપાથી પોતાની સાથે અન્યને પણ ધામમાં લઈ જતા. કેટલાક યોગસમાધિ થયા બાદ ત્રિકાળજ્ઞાની થઈ જતા. પોતાનું અને સૌનું ભૂત, ભવિષ્ય કહેતા. કેટલાકને અણિમાદિક અષ્ટ સિદ્ધિઓનાં દર્શન થતાં. કેટલાક પોતે ગરીબ હોવા છતાં શ્રીહરિની કૃપાથી અન્યને પુત્ર, ધન, રાજ્ય એમ જે કાંઈ સમૃદ્ધિ માગે તે આપતા. આમ, અનેક ભક્તો શ્રીહરિની કૃપાથી સામર્થ્યવાન થયા.

આવો પ્રૌઢ પ્રતાપ પૂર્વે ક્યાંય કોઈ યુગમાં દીઠો ન હતો તેવો પ્રતાપ શ્રીહરિની કૃપાથી શ્રીહરિના યોગમાં આવેલા અનેક મનુષ્યોમાં જણાતો હતો.

“સાધી સાધન સિદ્ધ દેખાય, અનાયાસે એવા જન થાય;
જાણે અષ્ટાંગ જોગની જુક્તિ, જાણે જેવી રીતે મળે મુક્તિ.
જાણે શાસ્ત્રનો સાર તે આપ, તે તો સત્સંગનો જ પ્રતાપ;
નહિ શાસ્ત્રીથી જીતી શકાય, તે તો શ્રીહરિનો મહિમાય.
અણિમાદિક સિદ્ધિઓ જેહ, આઠે પ્રાપ્ત કરી લીધી એહ;
જન બાળ જુવાન ને વૃદ્ધ, થયા કૈંક જેવા હોય સિદ્ધ.
કાયા રાખવી કે તજી દેવી, પામ્યા સર્વે સ્વતંત્રતા એવી;
કરે પરતનમાંહી પ્રવેશ, જાણે પરતન વાત વિશેષ.
કોઈ પરને સમાધિ કરાવે, સમાધિમાંથી દેહમાં લાવે;
કૈંક પરજનનાં નાડી પ્રાણ, ખેંચી જાણે એવા તે સુજાણ.
નિજમૂર્તિમાં શામ સુજાણ, ખેંચે દાસનાં મન અને પ્રાણ;
તેથી સર્વે સમાધિમાં જાય, એથી લોકને અચરજ થાય.”[૧૪]

કાલવાણી તથા આસપાસના તમામ ગામોમાં, તમામ ઘરે ઘરે શ્રીહરિના

**૧૪.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૦

પ્રતાપની જ વાતો થતી. હજારો મનુષ્યોનાં ટોળેટોળાં શ્રીહરિનાં દર્શન કરવા તથા વર્તમાન ધારી સત્સંગી થવા કાલવાણી આવવા લાગ્યાં. આ રીતે શ્રીહરિએ કાલવાણીમાં એક માસ પર્યંત સમાધિ પ્રકરણની સતેજતા દર્શાવી ભક્તોને ખૂબ સુખ આપ્યાં.

## શ્રીહરિ પધાર્યા લોજમાં

શ્રીહરિ કાલવાણી બિરાજતા હતા ત્યારે લોજપુરના ભક્તો દેવા શેઠ, જેઠા શેઠ, કરણજી દરબાર તથા કાળા ભગત કાલવાણી આવ્યા. શ્રીહરિને દંડવત કરી વિનંતી કરી, "હે દયાળુ ! ઘણો સમય થયો આપ લોજ પધાર્યા નથી. સર્વે હરિભક્તો આપની રાહ જુએ છે. આપ દયા કરી પુનઃ લોજને પાવન કરવા પધારો અને ત્યાં અન્નકૂટનો ઉત્સવ કરો એવી અમારી ઈચ્છા છે."

"કાલવાણીમાં હરિકૃષ્ણ બિરાજે, આવ્યા હરિજન તેડવા કાજે;
કર જોડીને વાણી ઉચ્ચારી, સુણો અરજ અમારી મુરારી.
આદિસ્થાન રામાનંદ કેરું, લોજ ધામ છે જૂનું ઘણેરું;
જેમાં પ્રથમ પધારીને આપ, મુનિ મુક્તનો કીધો મેળાપ.
ગાદી પામ્યા પછી કોઈ વાર, તમે આવ્યા નથી એહ ઠાર;
અન્નકૂટ ત્યાં આવીને કરો, અરજી એટલી ઉર ધરો."[૧૫]

શ્રીહરિએ કહ્યું, "અમે કાલવાણીમાં ભક્તોને પ્રબોધિનીનો ઉત્સવ કરવાનું વચન આપ્યું છે, હવે અમારું વચન મિથ્યા કેમ થાય ?" ત્યારે હરિભક્તોએ કહ્યું, "મહારાજ, અહીંથી લોજ બહુ દૂર નથી. આપ લોજમાં અન્નકૂટોત્સવ કરી ફરી પાછા કાલવાણી પધારી જજો તો અમને પણ આપનો લાભ મળે અને આપનું વચન પણ મિથ્યા ન જાય."

લોજના ભક્તોના ભાવને વશ થઈ શ્રીહરિએ કહ્યું, "સારું અમો આવીશું. આ સાધુ રામચરણદાસજી અને જયરામ બ્રહ્મચારીને તમારી સાથે લોજ લઈ જાવ. તેઓ તમને અન્નકૂટમાં મદદ કરશે. અમે લોજમાં ધનતેરસને દિવસે આવીશું."

શ્રીહરિ સંત-હરિભક્તના સંઘે સહિત સંવત ૧૮૫૮ના આસો વદ બારસે એકાદશીનાં પારણાં કરી લોજપુર જવા નીકળ્યા. ધનતેરસે લોજપુર પહોંચ્યા.

---

**૧૫**. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૦

લોજના ભક્તોએ શ્રીહરિનું અતિ ભાવભીનું સ્વાગત કર્યું. શ્રીહરિને ગામના પાદરે આવેલી સાંગા વાવને જોતાં સ્મૃતિ થઈ આવી. તેઓએ સંતો-ભક્તોને કહ્યું, ‘‘અમો પહેલી વખત આ લોજમાં આવ્યા ત્યારે કોઈને ઓળખતા ન હતા, કોઈ અમને ઓળખતું ન હતું. અમે તો આ સાંગા વાવની બાજુના વડ નીચે આસન જમાવી ધ્યાન કરતા હતા ત્યારે આ સુખાનંદ સ્વામી અમને આગ્રહ કરી આશ્રમમાં લઈ ગયા. અમને આ સત્સંગની ઓળખ, સદ્. મુક્તાનંદ સ્વામીની ઓળખ કરાવી હોય તો આ સુખાનંદ સ્વામીએ. અમો તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.’’ આટલું બોલતાં શ્રીહરિનાં નેત્ર સજળ થઈ ગયાં.

આમ, શ્રીહરિએ ત્રણ વર્ષ પૂર્વે અહીં પ્રથમ વાર લોજ પધાર્યા હતા તેની સ્મૃતિઓ તાજી કરી, સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. સુખાનંદ સ્વામી આદિ સંતોના ખૂબ ગુણગાન ગાયા. રાજાધિરાજ શ્રીહરિનું આ સ્વાભાવિક અંગ હતું. તેઓ કોઈના અલ્પ સરખા ગુણો તથા ઉપકારોને ખૂબ મોટા કરીને જોતા. કોઈની મોટી કસરને અલ્પથી અલ્પ સરખી લેખે.

શ્રીહરિએ લોજપુરને વિષે ભવ્ય અન્નકૂટોત્સવ કર્યો. સવારથી ઠાકોરજીને ધરાવેલો અન્નકૂટ બપોરના ત્રણ વાગ્યા સુધી રાખ્યો. અન્નકૂટ ઉત્થાપન બાદ સર્વેએ સાથે મળી શ્રીહરિને ખૂબ ભાવથી જમાડ્યા. ત્યારબાદ ગામ-પરગામથી પધારેલા સર્વે સંતો-હરિભક્તોને શ્રીહરિએ ખૂબ ભાવથી અન્નકૂટની તમામ વાનગીઓ પીરસી અને જમાડી.

## શેઠ બન્યા સ્વામી

લોજપુર ખાતે શ્રીહરિ નૂતન વર્ષની સભામાં લાભ આપી રહ્યા હતા. તે સમે દીવ બંદરના પુરુષોત્તમ શેઠ સભામાં આવી બેઠા. તેઓ સંકલ્પ કરતા હતા કે, ‘આ સહજાનંદ સ્વામી મારા મનના સંકલ્પો જાણતા હશે કે કેમ ?’ તે સમે તુરત જ શ્રીહરિએ અંતર્યામીપણે શેઠનો સંકલ્પ જાણી, સભામાં બેઠેલા પાંચ વર્ષના બાળમુક્ત લખમણને ઊભો કર્યો ને કહ્યું, ‘‘મુક્તરાજ, આ દીવ બંદરના શેઠ આવ્યા છે તેમના મનના સંકલ્પો જાણી તેમને કહી દેખાડો.’’ બાળકે શેઠના મનમાં ઊઠેલા તમામ સંકલ્પો કહેવા માંડ્યા. આ જોઈ પુરુષોત્તમ શેઠ સહિત સર્વે સંતો-ભક્તોને અતિ આશ્ચર્ય થયું. એક તો પુરુષોત્તમ શેઠની શ્રીહરિ સાથેની પ્રથમ મુલાકાતમાં શ્રીહરિએ તેમને નામ દઈ બોલાવ્યા. વળી, તેમના મનના

સંકલ્પો જાણી ગયા. કદાચિત્ શ્રીહરિ તો સ્વયં ભગવાન છે તેથી અંતર્યામી સ્વરૂપ હોય પણ આ શ્રીહરિના પ્રતાપે આ બાળક પણ અંતર્યામીપણે સૌના સંકલ્પો કહી દેખાડે છે !!

શ્રીહરિએ પુરુષોત્તમ શેઠને આશ્ચર્ય નિદ્રામાંથી જગાડી કહ્યું, ‘‘શેઠ ! હજુ તમારે જે કાંઈ પૂછવું હોય તે આ બાળમુક્તને પૂછી લ્યો. આ બાળમુક્ત સમાધિમાં જઈ તમારી તમામ વાત કહી દેખાડશે.’’ ત્યારે શેઠને જે જે પ્રશ્નો પૂછવા હતા તે પૂછ્યા. લખમણે સમાધિમાં જઈ ધામમાં શ્રીહરિને બધા જ પ્રશ્નોના ઉત્તર પૂછી લીધા. સમાધિમાંથી જાગૃત થઈ શેઠને તમામ પ્રશ્નોના ઉત્તર આપી દીધા.

હજુ વાચા પણ સરખી ફૂટી ન હોય તેવો પાંચ વર્ષનો બાળક પણ આટલા સચોટ ઉત્તર આપતો હોય તો શ્રીહરિના સંતો-ભક્તો તો કેવા સમર્થ હશે ! તો તેઓના પરમેશ્વર આ સાક્ષાત્ શ્રીહરિ કેવા સર્વોપરી હશે !!

‘‘હરિને કહ્યું જોડીને હાથ, સરવેશ તમે સત્ય નાથ;
રામાનંદ તો અંતરજામી, હતા પોતે તેમાં નહિ ખામી,
આપના શિષ્ય બાળક જેવા, દિસે અંતરજામી તો એવા;
તમે સરવોપરી પરમેશ, તેમાં સંશય નહિ લવલેશ,
દીઠા બાળકમાં ગુણ એવા, હશે મોટા સમર્થ તો કેવા;
મોટા હરિજન ને મોટા સંત, હશે તેમાં તો શક્તિ અનંત.’’[૧૬]

આ પુરુષોત્તમ શેઠ વહાણવટું કરી મુંબઈ વેપાર કરતા. ત્યાં બે વર્ષ વેપાર કરી, જહાજમાં માલ ભરી ઘેર પરત આવતા હતા ત્યાં અચાનક સમુદ્રમાં મોટા મોટા લોઢ ઊછળવા લાગ્યા. મધદરિયે મોટું તોફાન થવા લાગ્યું. માલ ભરેલું વહાણ ડૂબવાની તૈયારીમાં હતું. ત્યારે શેઠે માલ વેચી અડધો ભાગ ભગવાનને અર્પણ કરવાની માનતા માની લીધી.

થોડી વારમાં ભગવાનની ઇચ્છાથી તોફાન શાંત થઈ ગયું. વહાણ બચી ગયું. મહાપ્રયત્ને વહાણ કાંઠે આવ્યું. ત્યાં માલ ઉતરાવી દીધો. ઘરે આવ્યા. ધીરે ધીરે બધો માલ વેચી પૈસા ભેગા કર્યા. અડધા પૈસા લઈ પોતે તીર્થયાત્રા કરવા સંઘે સહિત નીકળ્યા. શેઠે રસ્તામાં સાંભળ્યું, ‘અહીં લોજ ગામમાં એક સદ્. રામાનંદ સ્વામીનો સુંદર આશ્રમ છે. જે આશ્રમમાં રહી સ્વામી સૌને પ્રભુભજન કરાવે છે. સૌ ભક્તો તેમને ભગવાનનો અવતાર કહે છે.’ પુરુષોત્તમ શેઠે વિચાર્યું, ‘જો

૧૬. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૧

આવા મોટા સંત હોય તો મારે જરૂર તેમનાં દર્શન કરવાં જોઈએ.' આમ વિચારી પુરુષોત્તમ શેઠ સદ્. રામાનંદ સ્વામીને મળવા લોજ આશ્રમમાં આવ્યા.

સદ્. રામાનંદ સ્વામીએ અંતર્યામીપણે તેઓને શા માટે તીર્થયાત્રા કરવા નીકળ્યા છે તે વાત કહી દેખાડી. શેઠને મનમાં થયું, 'પ્રથમ મુલાકાતમાં સ્વામીએ મને નામ દઈને બોલાવ્યો, મારું જીવનવૃત્તાંત કહી દેખાડ્યું; આ જરૂર ઈશ્વરીય અવતાર છે. એ વિના આટલું અંતર્યામીપણે કોણ જાણી શકે !' પછી તો પુરુષોત્તમ શેઠ સંઘે સહિત લોજમાં તીર્થયાત્રા પૂરી થઈ એમ માની રોકાઈ ગયા. પ્રતિદિન સદ્. રામાનંદ સ્વામીનો સમાગમ કરી સત્સંગનો ઘાટો રંગ લગાવી દીધો. ઘરે પરત આવી રામાનંદ સ્વામીને પ્રગટ ભગવાન સમજી તેમનું ધ્યાન-ભજન કરવા લાગ્યા.

"જાત્રા ત્યાં જ કરી રૂડી પેર, ગયો પાછો તે પોતાને ઘેર;
રામાનંદ જાણી ભગવાન, ભજે તેને ધરે તેનું ધ્યાન."[૧૭]

બે-ત્રણ વર્ષ પસાર થયાં પછી પુરુષોત્તમ શેઠને સદ્. રામાનંદ સ્વામી અંતર્ધાન થયાના સમાચાર મળ્યા. શેઠ અતિ શોકાતુર થયા. સાથે એવું પણ જાણ્યું કે, 'રામાનંદ સ્વામીએ નાની ઉંમરના તથા નવદીક્ષિત સહજાનંદ સ્વામીને પોતાની ગાદીએ બેસાડ્યા છે. જે સહુને સમાધિ કરાવી પોતાના ધામનું દિવ્ય સુખ પમાડે છે.' શેઠને શ્રીહરિનાં દર્શન કરવાની અત્યંત આતુરતા થઈ. તેથી સંવત ૧૮૫૯ના અન્નકૂટોત્સવના પવિત્ર દિને આ પુરુષોત્તમ શેઠ લોજ મુકામે આવ્યા.

શ્રીહરિએ બાળક લખમણ દ્વારા જે અંતર્યામીપણું જણાવ્યું હતું તેનાથી પ્રભાવિત થઈ પુરુષોત્તમ શેઠ શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા, "હે દયાળુ, હે મહાપ્રભુ, આપ જ ખરા પરમેશ્વર છો, સર્વોપરી સ્વરૂપ છો, આપ સહુને સામર્થી દેનારા કેવા પ્રતાપી સ્વરૂપ હશો ? માટે હવે મને આપના સ્વરૂપનું જેમ છે તેમ યથાર્થ જ્ઞાન થાય તેવી કૃપા કરો."

શ્રીહરિએ મંદ મંદ હસતાં કહ્યું, "શેઠ, અંતરની વાત જાણવે કરીને ભગવાન થવાતું નથી. ભગવાન તો એ કહેવાય કે જે જીવને અનાદિકાળની માયાના પાસલામાંથી છોડાવી બ્રહ્મરૂપ કરે."

આમ વાત કરતા શ્રીહરિએ પુરુષોત્તમ શેઠ સન્મુખ એક દૃષ્ટિ કરી ત્યાં તરત પુરુષોત્તમ શેઠને સમાધિ થઈ ગઈ. સમાધિમાં સદ્. રામાનંદ સ્વામીએ શ્રીહરિનો

---

**૧૭.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૧

સર્વોપરી મહિમા સમજાવ્યો. સમાધિમાંથી જાગ્રત થઈ શેઠને સદ્. રામાનંદ સ્વામી પ્રતિ પુરુષોત્તમપણાની પ્રતીતિ ટળી સહજાનંદ સ્વામીમાં પુરુષોત્તમપણાની પ્રતીતિ થઈ ગઈ.

તેમણે મનોમન નક્કી કરી લીધું, 'હવે મારે મારા ગામ પાછા જવું નથી. આ પ્રગટ પ્રભુની સેવામાં રહેવું છે.' શેઠે શ્રીહરિને કહ્યું, "દયાળુ, હવે મને કૃપા કરી આપના શરણે લઈ આપની ભગવી ચૂંદડી આપો. સંત દીક્ષા આપો."

શ્રીહરિએ શેઠને દીક્ષા આપી નામ આપ્યું 'પ્રભાનંદ સ્વામી'. આમ, લોજપુરને વિષે શ્રીહરિએ પુરુષોત્તમ શેઠને પરમહંસ કર્યા.

## પ્રભાનંદ સ્વામી નિમિત્તે સૌને મહિમા

પ્રભાનંદ સ્વામીએ સંત દીક્ષા ગ્રહણ કરી ત્યારપછી શ્રીહરિએ તેઓને કહ્યું, "તમે સમાધિમાં જે વાત અનુભવી છે અને નજરે દીઠી છે તે વાત સભામાં સહુને કહો."

પ્રભાનંદ સ્વામીએ સદ્. રામાનંદ સ્વામી વખતના જૂના સંતો-હરિભક્તોને કહ્યું, "આપની જેમ મને પણ રામાનંદ સ્વામી પ્રતિ જ ભગવાનપણાની પ્રતીતિ હતી. પણ સમાધિમાં મને રામાનંદ સ્વામીએ જ કહ્યું કે, 'અમે તો આ સહજાનંદ સ્વામીના મુક્ત છીએ, દાસ છીએ. આ સહજાનંદ સ્વામી જ પુરુષોત્તમનારાયણ છે. મારા જેવા અનેક મુક્તો તેમની સેવામાં છે. જ્યારે તેઓ જેવા તો એ એક જ છે, માટે હવેથી અમારું ધ્યાન-ભજન છોડી તેઓનું ધ્યાન-ભજન કરજો.' સંતો-ભક્તો, આ વાત નજરે નિહાળી હું પરમહંસ થયો છું." પણ રામાનંદ સ્વામીના નિશ્ચયવાળા સંતો-હરિભક્તોને આ વાત માનવામાં ન આવી.

તેમણે શ્રીહરિને પ્રાર્થના કરી, "મહારાજ ! અમને સહુને પણ પ્રભાનંદ સ્વામીની જેમ આપના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ કરાવો." શ્રીહરિએ સૌને ધ્યાનમાં બેસાડી ચપટી વગાડી. એ જ ઘડીએ સર્વેને સમાધિ થઈ ગઈ. ત્યાં સૌએ સદ્. રામાનંદ સ્વામીના મુખે શ્રીહરિનો અપાર મહિમા તથા પુરુષોત્તમપણાની ઘણી વાતો સાંભળી.

સમાધિમાંથી જાગ્રત થઈ સૌએ શ્રીહરિને દંડવત કર્યા પછી પશ્ચાત્તાપ સાથે બોલ્યા, "હે મહારાજ, અમે આપની સાથે આટલું રહ્યા, આટલું ફર્યા છતાં આપના સ્વરૂપને પિછાની શક્યા નહિ એટલે સદ્. રામાનંદ સ્વામીને ફરી દાખડો

કરવો પડ્યો. સ્વામી ઘણી વાર કહેતા કે, ‘અમે તો ડુગડુગી વગાડનારા છીએ; ખરા ખેલના ભજવનારા હવે આવશે.’ સ્વામીની આ મર્મભરી વાણીને અમે સમજી શક્યા નથી એ બદલ અમને ક્ષમા કરશો. આજે આપની કૃપાથી અમને આપનો પાકો નિશ્ચય થઈ ગયો છે.’’

શ્રીહરિએ કહ્યું, ‘‘અમે તો આ બ્રહ્માંડના અનંત જીવોના આત્યંતિક મોક્ષ કરવા અહીં તમને મનુષ્ય જેવાં દર્શન આપીએ છીએ પણ અમો મનુષ્ય થતા નથી. આ બ્રહ્માંડ સર્જાયું ત્યારથી અમો આ બ્રહ્માંડમાં ક્યારેય આવ્યા નથી અને આવીશું પણ નહીં.’’ શ્રીહરિની માર્મિક વાણીનો સ્પષ્ટ ઉદ્દેશ હતો કે,

‘આ બ્રહ્માંડમાંથી મનુષ્યરૂપ અદશ્ય થતાં હવે પછી યાવદ્‌ચંદ્રદિવાકરૌ આ પૃથ્વીનું પીઠ રહે ત્યાં સુધી શ્રીહરિ કોઈ ગુરુ રૂપે કે સત્પુરુષ રૂપે નહિ પણ પ્રતિમા સ્વરૂપે જ પ્રગટ અને પ્રત્યક્ષ રહેશે. હા, વચનામૃતનાં વચનો મુજબ આત્યંતિક કલ્યાણનો માર્ગ સત્પુરુષ થકી વહેતો રાખશે.’

પ્રભાનંદ સ્વામીને સૌ સંતો-ભક્તો કહેવા લાગ્યા, ‘‘સ્વામી, આપ જેમ કહેતા હતા એમ જ છે પણ અમને જૂનાપણાના માનને લીધે મનાતું ન હતું. આજે સ્વયં રામાનંદ સ્વામીએ સમાધિમાં શ્રીહરિનો મહિમા કહ્યો તે અમ સૌ પર સ્વામીએ બહુ કૃપા કરી.’’

પ્રભાનંદ સ્વામી બોલ્યા, ‘‘મહારાજની ઇચ્છાથી સમયે તમને શ્રીહરિનો યથાર્થ નિશ્ચય થયો એ જ ઘણી મોટી વાત કહેવાય. કારણ કે નિશ્ચયમાં ફેર રહે એટલો પ્રાપ્તિમાં ફેર રહે છે.’’

પછી પ્રભાનંદ સ્વામીએ દીવથી સાથે આવેલા સંઘને કહ્યું, ‘‘તમે સહુ દીવ પરત જાવ. આ પ્રગટ પ્રમાણ શ્રી સહજાનંદ સ્વામીનું ધ્યાન-ભજન-ઉપાસના કરજો.’’ પ્રભાનંદ સ્વામીએ શ્રીહરિને સમર્પિત થઈ આજીવન સત્સંગની સેવા કરી.

## દેવા શેઠને પાકો નિશ્ચય

શ્રીહરિ સહુ સંતો-ભક્તો સાથે સાંગા વાવ સ્નાન કરી લોજપુર ગામમાં પધાર્યા. રાત્રે શ્રીહરિએ સૌની સભા કરી. સભામાં શ્રીહરિ સૌને અમૃત વચનોનું પાન કરાવી રહ્યા હતા,

‘‘આ જીવાત્મા લખચોરાશીમાં ફરી ફરી મોંઘો મનુષ્યદેહ પામે છે. મનુષ્યદેહ

તો દેવોને પણ દુર્લભ છે. આવો અતિ મોંઘો મનુષ્યદેહ પામી જીવને કરવાનું શું ? તો પરમાત્મા સ્વરૂપની તથા આત્મ સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરી બંનેનું મિલન કરવું આટલું જ કરવાનું છે. આ ફેરે આ કામ થઈ જાય એવું છે. આવો અવસર પ્રાપ્ત થયા પછી જે પોતાનું મોક્ષસંબંધી કાર્ય સિદ્ધ કરતો નથી તેને સદ્‌ગ્રંથોમાં આત્મઘાતી કહ્યો છે.''

વળી, શ્રીહરિએ સૌને મુમુક્ષુ જાણી કરુણા કરી સ્વયંના સ્વરૂપની ઉપાસના દઢ કરાવતા કહ્યું, ''આ ધરતી પર આજ સુધી અનેક ઐશ્વર્યાર્થી આવી ગયા પણ આ વખતે તો સર્વેથી પર પૂર્ણ પુરુષોત્તમનારાયણ પધાર્યા છે. જે કોઈ જીવ આવો નિશ્ચય કરી અમારો આશ્રય દઢ કરશે, આજ્ઞા પાળશે, સેવા-ભજન કરશે તેમને નિશ્ચે અક્ષરધામની પ્રાપ્તિ થશે.''

જીવોને પ્રથમ વખત જ સર્વોપરી શ્રીહરિનો મેળાપ થયો હતો. જીવો બધા નવા આદરવાળા હતા. પરિણામે શ્રીહરિનો યથાર્થ મહિમા કેવી રીતે સમજી શકે ? છતાં શ્રીહરિ સ્વયંના સ્વરૂપની નિષ્ઠા કરાવી જીવને અનાદિની સ્થિતિ પ્રદાન કરવા જ પધાર્યા હતા એટલે પ્રસંગોપાત્ત સામે કોઈની સહેજ મુમુક્ષુતા જોઈ પોતાના પુરુષોત્તમપણાની મોઘમ વાત કરી દેતા. એક જ ઇશકથી કે જો કોઈ શ્રીહરિની વાતને યથાર્થ સમજી જાય તો તેનું મોક્ષસંબંધી કાર્ય સિદ્ધ થઈ જાય.

શ્રીહરિના મુખથી ઝરતી અમૃતવાણી સાંભળી લોજ આશ્રમમાં સેવા કરતા દેવા શેઠે પૂછ્યું, ''મહારાજ ! અવતાર અને અવતારીમાં કેટલો ભેદ છે ? તે આપ કૃપા કરીને અમને કહો.'' શ્રીહરિએ કહ્યું, ''શેઠ ! કહેવા કરતાં પ્રત્યક્ષ અનુભવ કરાવું જેથી કોઈ શંકા જ ન રહે.'' એમ કહી શ્રીહરિએ દેવા શેઠને સમાધિ કરાવી અક્ષરધામમાં મોકલ્યા. ત્યાં જઈ દેવા શેઠે અનંતાનંત મુક્તો અને અનંત મોટા મોટાઓને શ્રીહરિની સ્તુતિ-પ્રાર્થના કરતા જોયા. અનંતાનંત શ્રીહરિની મૂર્તિમાં લીન થાય, ફરીથી બહાર આવે પણ શ્રીહરિ કોઈમાં લીન થતા ન હતા. આ નિહાળી સમાધિ અવસ્થામાં રહેલ દેવા શેઠની આંખમાંથી સતત અશ્રુધારા વહે જતી હતી. તેમના મુખના ભાવો પરથી સૌ કોઈ કળી શકતા હતા કે દેવા શેઠને જરૂર દિવ્ય અનુભૂતિ થઈ રહી છે.

સમાધિમાંથી જાગ્રત થઈ દેવા શેઠ શ્રીહરિના ચરણોમાં ઢળી પડ્યા, ''મહારાજ, તમે જ સર્વેના કારણ છો. આપે કૃપા કરી મુને જેમ છે તેમ યથાર્થ વાસ્તવિકતાનાં દર્શન કરાવ્યાં, નહિ તો હું આખી જિંદગી આપની ભેળો રહીને પણ આપને ન ઓળખી શકત. ઘણી ખમ્મા મહારાજ... આપને ઘણી ખમ્મા...''

આ રીતે ધીરે ધીરે સદ્. રામાનંદ સ્વામીના નિષ્ઠાવાન શિષ્યોને શ્રીહરિ પરત્વેની નિષ્ઠા દઢ થતી જતી હતી.

## મોહનદાસ બન્યા વ્રજાનંદ

શ્રીહરિ સાથે વનવિચરણમાં અગિયાર વખત જેમનો ભેટો થયો હતો તેવા મોહનદાસ વિચરણ કરતાં કરતાં સોરઠ આવ્યા. ત્યાં સદ્. રામાનંદ સ્વામીનો પ્રૌઢ પ્રતાપ સાંભળી મોહનદાસ લોજ આવ્યા. ત્યારે શ્રી નીલકંઠ વર્ણીને સદ્. રામાનંદ સ્વામી સાથે બેઠેલા જોઈ તે તો આશ્ચર્ય પામી ગયા, ''अरे नीलकंठ, तुम यहां पे ? यहां पे कैसे पहुंचे ? वहां पे तुमने मुझे छोड़ दिया ना। आपका वियोग हुआ तब से मुझे आपकी माधुरी मूर्ति बहुत याद आती रहती, जब मैं आंखें बंद करता तब तुम्हारी मूर्ति ही मेरी आंखों में खड़ी हो जाती। बस आपको याद कर करके ही दिन का गुजारा कर लेता।''

નીલકંઠ વર્ણીએ સદ્. રામાનંદ સ્વામીને મોહનદાસની ઓળખાણ કરાવી. સ્વામીને ભલામણ કરી કે, ''આ મોહનદાસ ભલા-ભોળા, મુમુક્ષુ સંન્યાસી છે. પ્રભુ પામવા ભારતભરની યાત્રા કરી અહીં પહોંચ્યા છે. માટે આપણે એમને આશ્રમમાં સ્થાન આપીએ.'' મોહનદાસને અહીં નીલકંઠ વર્ણી સાથે આશ્રમમાં રહેવાનું થયું તેથી બહુ આનંદિત થઈ ગયા.

તેઓ આશ્રમમાં નીલકંઠ વર્ણી સિવાય કોઈને ઓળખતા નહિ તેથી વર્ણી સાથે જ આખો દિવસ રહી સેવાકાર્ય કરતા. વર્ણીરાજ સદ્. રામાનંદ સ્વામી સાથે દાસત્વભાવે વર્તતા. સ્વામીની આજ્ઞા-મરજી મુજબ રહેતા જોઈ મોહનદાસ પણ સદ્. રામાનંદ સ્વામીને ભગવાનનો અવતાર સમજી તેમનું ભજન કરવા લાગ્યા.

બે-ત્રણ માસ પર્યંત મોહનદાસ લોજ આશ્રમમાં રહ્યા બાદ એક દિવસ તેમણે સ્વામીને પ્રાર્થના કરી,

''स्वामीजी, मैंने पूरे भारत वर्ष की यात्रा की पर गुजरात के एक बड़े प्रसिद्ध तीर्थ क्षेत्र की यात्रा बाकी रह गई है। वह मुझे करने की इच्छा है। जो आप अनुमति दो तो वहां पे यात्रा करके जल्द ही वापस आ जाऊंगा।''

સદ્. રામાનંદ સ્વામી કંઈ પ્રતિ ઉત્તર કરે તે પૂર્વે નીલકંઠ વર્ણી બોલી ઊઠ્યા, ''मोहनदास, तीर्थयात्रा बाकी है मुझे पता है पर जिसके लिए तुमने यात्रा शुरू की थी वे सच्चे सद्गुरु तो मिल गए है। अब किस वास्ते तीर्थयात्रा करनी है।''

મોહનદાસ બોલ્યા, ''अरे नीलकंठजी, आपकी बात वैसे तो सही है पर मन में ऐसा रह जा रहा है कि, एक स्थान बाकी है। मेरे पे भरोसा रखो मैं जल्द ही वापस आ जाऊंगा।''

નીલકંઠ વર્ણીએ કહ્યું, ''जाओ, वैसे हम मना तो नहीं करते है पर आप जाओगे और पीछे से आपका एक बड़ा अवसर छूट जाएगा तो फिर आपके पास पछतावे के अलावा कुछ बाकी नहीं रहेगा।''

મોહનદાસે કહ્યું, ''पर यात्रा के बिना मेरा देह छूट जाएगा तो ? मुझे यात्रा पूर्ण करने के लिए फिर से आना पड़ेगा।''

નીલકંઠ વર્ણી બોલ્યા, ''आपका तो नहीं छूटेगा पर किसी और का छूट जाएगा तो ?''

નીલકંઠ વર્ણીએ મોહનદાસને ખૂબ સમજાવ્યા. વળી સદ્. રામાનંદ સ્વામીની અંતર્ધાન લીલાની અગમચેતી આપી પરંતુ મોહનદાસ સમજી ન શક્યા. બસ, તેમને તો તીર્થસ્થાનની યાત્રા કરવાની દૃઢપણે રઢ લાગી હતી એટલે સ્વામીની અનુમતિ લઈ યાત્રા કરવા નીકળી પડ્યા.

સંવત ૧૮૫૯માં શ્રીહરિ લોજમાં બિરાજતા હતા ત્યારે મોહનદાસ યાત્રા કરી લોજ આવ્યા. તેઓને ખબર પડી કે સદ્. રામાનંદ સ્વામી તો અંતર્ધાન થઈ ગયા છે. તેથી મોહનદાસ ખૂબ દુઃખી થઈ ગયા. તેમને વર્ણી યાત્રા કરવા જવાની મનાઈ કેમ કરતા હતા તે વાતની સ્મૃતિ થઈ આવી.

મોહનદાસે કહ્યું, ''वर्णी, मुझे स्वामी के अंतिम दर्शन न हुए उसका मुझे जीवनभर अफसोस रह जाएगा। आप मुझे बोल रहे थे कि पीछे बहुत पछताना पड़ेगा। बस वैसा ही हुआ।''

મોહનદાસે જોયું તો સદ્. રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને પોતાની ગાદીએ બેસાડ્યા છે. હવે સમગ્ર સમાજ માટે ગુરુસ્થાને નીલકંઠ વર્ણી જ છે પરંતુ મોહનદાસને સહજભાવે સ્વામી પ્રતિ જ ભગવાનપણાની પ્રતીતિ રહી જતી હતી છતાં તેમને શ્રીહરિનો પણ હૃદયપૂર્વક સ્વીકાર હતો.

શ્રીહરિએ તેઓને કહ્યું, ''मोहनदास, आप यहां संतों के साथ रहो। सभी के साथ रहकर स्वामी का भजन-स्मरण और ध्यान लगाते रहो। एक दिन स्वामी जरूर आपको दर्शन देंगे।''

મોહનદાસને થયું, 'ભલે સ્વામીનાં દર્શન થાય કે ન થાય પણ હવે પરિભ્રમણ બંધ કરી આ વર્ણી જોડે રહેવામાં જ મારું હિત છે.' એમ વિચારી તેઓ સંતો સાથે આશ્રમમાં રહેવા લાગ્યા. એક દિવસ શ્રીહરિએ મોહનદાસને સદ્. રામાનંદ

સ્વામીનાં દર્શન કરાવ્યાં. મોહનદાસને તો આનંદનો પાર ન રહ્યો. એ તો વારંવાર લળી લળી સ્વામીના ચરણે ઢળી પડ્યા.

"स्वामी, स्वामी... आज आपने बहुत कृपा करके मुझे दर्शन दिए। मैं अभागी वर्णीजी की मनाई के बा–वजूद तीर्थ स्थान में गया। पीछे से आपने ये लीला की। आज आपने बहुत कृपा करके मुझे दर्शन दिए। मैं बहुत भाग्यवान बन चुका।"

સદ્. રામાનંદ સ્વામીએ કહ્યું, "મોહનદાસ, ભાગ્યવાન તો ત્યારે જ બનશો જ્યારે તમે શ્રી નીલકંઠ વર્ણીના સ્વરૂપને યથાર્થ ઓળખશો. ખરેખર જેમની સાથે તમે વનવિચરણમાં ફર્યા છો એ નીલકંઠ વર્ણી અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ છે. અમે તો તેઓના દાસ, મુક્ત છીએ. અમે સૌ તેમનું ભજન કરીએ છીએ. અનંત મુક્તો અને મોટા મોટા જે કાંઈ મોટાઈ પામ્યા છે તે બધો આ સહજાનંદ સ્વામીનો જ પ્રતાપ છે. માટે તેમના સ્વરૂપને યથાર્થ ઓળખી લો."

સદ્. રામાનંદ સ્વામીના મુખે શ્રીહરિનો મહિમા સાંભળી મોહનદાસે શ્રીહરિ પ્રતિ પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય કરી લીધો. પછી તો મોહનદાસને ઉત્તમ મુમુક્ષુ જાણી શ્રીહરિએ તેઓને દીક્ષા આપી વ્રજાનંદ સ્વામી નામ આપ્યું.

"જેનું નામ મોહનદાસ એહ, તે તો વરજાનંદ સ્વામી તેહ;
સમજીને સંત ભેળા રહ્યા, તે તો મોટા વરજાનંદ કહ્યા."

એક વખત વ્રજાનંદ સ્વામી ધ્યાન કરવા બેઠા હતા. શ્રીહરિએ સ્વામીને પૂછ્યું, "મોહનદાસ, (શ્રીહરિ તેમને બહુધા આ નામથી જ બોલાવતા) તમે કોનું ધ્યાન કરો છો ?" ત્યારે સ્વામીએ કહ્યું,

"મોહનદાસ કહે માલિક મેરા, ધ્યાન ધરું મૈં કપટી તેરા;
હમ કું વ્હેલા તુમે કહ્યું ન કિયા, હમકું ભરમાવી ભુલાવી દિયા."

મંદ મંદ હાસ્ય કરતાં શ્રીહરિએ કહ્યું, "મોહનદાસ ! જો અમે તમને પહેલાં કહ્યું હોત તો તમને પૂરો વિશ્વાસ ન આવત. સદ્. રામાનંદ સ્વામીએ કહ્યું તે જ તમારા માટે યોગ્ય હતું."

આ વ્રજાનંદ સ્વામી માનસીપૂજા કરતા ત્યારે શ્રીહરિ સાથે એકતાર બની જતા. માનસીપૂજામાં શ્રીહરિની સુગંધીમાન પુષ્પ-ચંદનાદિકથી પૂજા કરતા ત્યારે તેની સુગંધ બહાર પણ સૌને અનુભવાતી. આ વ્રજાનંદ સ્વામીએ સત્સંગ વિકાસ તથા ગામડાઓમાં હરિમંદિરોના બાંધકામ કરાવી ખૂબ સેવા કરેલી.

આ વ્રજાનંદ સ્વામી શ્રીહરિની અંતર્ધાન લીલા બાદ સદ્. ગુણાતીતાનંદ સ્વામી

સાથે જૂનાગઢ રહેતા. તેઓ સંવત ૧૯૧૯, પોષ સુદ પૂનમે સવારે શ્રીહરિનું ધરાવેલું દૂધ ધરાવી સ્વતંત્ર થકા દેહ ત્યાગ કરી મૂર્તિસુખે સુખિયા થઈ ગયા હતા.

## લોભના પ્રભાવે અધોગતિ

શ્રીહરિ લોજપુરને વિષે બિરાજી સૌ સંતો-હરિભક્તોને સુખ આપતા હતા. એવામાં એક વૈરાગી શીતળદાસ સભામાં આવી શ્રીહરિ સન્મુખ ઊભા રહ્યા. શ્રીહરિએ તેઓને પૂછ્યું, ‘‘તમે શીતળદાસ કે ?’’ શીતળદાસે કહ્યું, ‘‘હાજી, સહજાનંદજી.’’

શ્રીહરિએ પૂછ્યું, ‘‘તમારા ગુરુ જાનકીદાસ ક્યાં છે ? અહીંથી નીકળ્યા ત્યારે તો તમે બંને સાથે હતા.’’

શીતળદાસે રડમસ અવાજે કહ્યું, ‘‘સહજાનંદજી, મારા ગુરુ તો સ્વધામ સિધાવી ગયા. સાંભળ્યું છે કે તમારા ગુરુ સદ્. રામાનંદ સ્વામી પણ...’’ શ્રીહરિએ કહ્યું, ‘‘હા, મારા ગુરુ પણ સ્વધામ સિધાવી ગયા. તેમણે અમોને આ સત્સંગનો વારસો સોંપ્યો છે.’’

વાત એમ હતી કે શીતળદાસ પોતાના ગુરુ જાનકીદાસ સાથે ભારતવર્ષની યાત્રા કરતાં કરતાં અહીં લોજપુર આવ્યા હતા. એ વખતે સદ્. રામાનંદ સ્વામી બિરાજતા હતા. બંને ગુરુ-શિષ્ય લોજ આશ્રમમાં એક મહિનો રહ્યા. ત્યારબાદ ગુજરાતના ચાર ધામની યાત્રા કરવા ગયા ત્યારે લોજ આશ્રમમાં તેમની પોથી મૂકીને ગયા હતા. યાત્રા દરમ્યાન શીતળદાસના ગુરુ જાનકીદાસ બીમાર પડ્યા, અંતે દેહ ત્યાગ કરી દીધો. શીતળદાસ પોતાના ગુરુનો અગ્નિ સંસ્કાર કરી ત્યાંથી નીકળી લોજ આવ્યા.

શ્રીહરિ સાથે ઉપરોક્ત વાર્તાલાપ કરી તેમણે શ્રીહરિ પાસે પોથી માગી. શ્રીહરિએ એક સંતને કહી પોથી મગાવી સભા વચ્ચે જ પાટ પર પોથી ખોલી. જેમાં એક ધર્મશાસ્ત્ર, કાતર, ચપ્પુ અને એક ડબ્બી હતી. જેમાં સોનામહોર તથા અડધો રૂપિયો મૂક્યો હતો. ડબ્બી ખોલીને જોયું તો અડધા રૂપિયાને સાપનો કણો વીંટાઈને બેઠો હતો. શીતળદાસે તે કણાને દૂર ફેંક્યો તો પાછો એ કણો રૂપિયાને વળગી પડ્યો. આવું પાંચ-સાત વખત બન્યું. આખી સભા આ જોઈ આશ્ચર્યમુગ્ધ બની ગઈ.

શીતળદાસ પણ આ જોઈને આભા જ રહી ગયા, ‘‘મહારાજ, આ શું ?’’

શ્રીહરિએ કહ્યું, ''શીતળદાસ, આ સાપનો કણો બીજું કોઈ નહિ, તમારા ગુરુ જાનકીદાસ જ છે.''

શીતળદાસને અત્યંત દુઃખ થયું, ''મહારાજ, મારા ગુરુ તો કેવા સારા હતા. મને અને મારા જેવા અનેકને ધર્મના માર્ગે વાળ્યા છતાં તેમની આવી અસદ્‌ગતિ થઈ તેનું કારણ શું ?''

શ્રીહરિએ કહ્યું, ''તમે યાદ કરો, જાનકીદાસનો અંત સમો હતો ત્યારે તેમણે તમને આ સોનામહોર વેચી તેમાંથી સાધુ-સંતોને જમાડવાનું કહ્યું હતું. પણ આ અડધો રૂપિયો ક્યાં વાપરવો તેનું કાંઈ કહ્યું ન હતું. તે અડધા રૂપિયામાં તમારા ગુરુને વાસના રહી ગઈ એટલે અસદ્‌ગતિને પામ્યા છે.''

શીતળદાસે શ્રીહરિને પ્રાર્થના કરી, ''હે મહારાજ, તમે સમર્થ છો. મારા ગુરુનો ઉદ્ધાર કરો.''

શ્રીહરિએ તરત જળ મગાવી સાપના કણા પર છાંટ્યું. શ્રીહરિના પ્રસાદીભૂત જળનો સ્પર્શ થતાં જ સાપનો કણો અર્થાત્ જાનકીદાસ તુરત દિવ્ય દેહ પામી ધામમાં પધારી ગયા.

''માગ્યું પોતાનું પુસ્તક જ્યારે, આપ્યું કોઠારીએ લાવી ત્યારે;
છોડી પુસ્તક જોયું તપાસી, દીઠી ડાબલી મૂકેલી વાસી.
સભા માંહી તે ઉઘાડી જ્યારે, દીઠું અદ્‌ભુત અચરજ ત્યારે;
માંહી અરધો રૂપૈયો દેખાણો, કણો સાપનો તેને વીંટાણો.
ગુરુની રહી વાસના એમાં, તેથી સર્પ થઈ બેઠો તેમાં;
જળ છાંટ્યું તેને મુનિ ભૂપે, તજી દેહ થયો દિવ્ય રૂપે.
પ્રભુને પાદ કીધો પ્રણામ, ઘણી વિનંતી કરી એહ ઠામ;
વળી ઉચાર્યું નિજ વૃત્તાંત, ભાંગી સર્વના મનની ભ્રાંત.''[૧૮]

શીતળદાસે આ આશ્ચર્ય નજરોનજર નિહાળ્યું. તથા પોતાના ગુરુની દશા પણ જોઈ તેથી તેમણે સોનામહોર તથા અડધો રૂપિયો શ્રીહરિના ચરણમાં મૂકી આગળ તીર્થયાત્રા કરવા વાટ પકડી. શીતળદાસના ગયા પછી શ્રીહરિએ સંતોને કહ્યું, ''સંતો, જોયું ? ત્યાગી થઈ ધનની સંગ્રહવૃત્તિ અને તેમાં અટકેલી વૃત્તિ એ કેવી અધોગતિ કરાવે છે ! ગમે તેવા સારા વૈરાગી હોય પણ ધન અને સ્ત્રીનો પ્રસંગ કલ્યાણના માર્ગમાં પરમ વિઘ્નરૂપ છે. સંતો, 'કનક, કાંતા, સુત્રેણ વેષ્ટિત જગત.'

---

૧૮. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૧

સ્ત્રી અને દ્રવ્યરૂપી ધાગાથી જ આ આખું જગત વીંટળાયેલું છે. એ પામવા જ જગતના દરેક જીવ રાત્રિ-દિવસ પ્રયત્નો કરે છે. ત્યાગનો માર્ગ અપનાવી જો આપણે સ્ત્રી-ધનનો ત્યાગ ન કર્યો તો આપણે ત્યાગ્યું શું ?''

શ્રીહરિની વાણી સુણતાં સૌ કોઈને પ્રતીત થતું હતું કે, મહારાજ સ્ત્રી અને દ્રવ્યના સંપૂર્ણ ત્યાગવાળા ત્યાગી સમાજની વિશિષ્ટ પ્રણાલી જરૂર સ્થાપશે. આવા જ ત્યાગી સહુ જીવો માટે કલ્યાણના દાતા બની રહેશે.

પછી તો શ્રીહરિએ સોનામહોરને કોઠારમાં આપી દીધી અને અડધા રૂપિયાનું ગરીબોને દાન કરી દીધું.

## નૃસિંહાનંદ સ્વામીનું દીક્ષાસ્થાન લોજ

ઉત્તર હિંદ બાજુ મંડલેશ્વર ગામમાં બ્રાહ્મણ ભક્ત ભાનુ શર્માનું પ્રાગટ્ય થયું. તેઓ નાનપણથી જ વૈરાગ્યવૃત્તિ રાખતા. ભાનુ શર્માની ઉંમર થતાં પિતા વિષ્ણુ શર્માએ તેઓ આગળ લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો. ભાનુ શર્માને થયું, 'લગ્ન કરી આખી જિંદગી આ ભવસાગરમાં ડૂબકા ખાવા તે કરતાં ભગવાન ભજી જીવનું કલ્યાણ કરી લેવું.' આમ વિચારી ઘરમાં માતાપિતાને કહ્યા વિના તીર્થસ્થાનોમાં ફરવા નીકળી પડ્યા.

ભાનુ શર્મા તીર્થસ્થાનોમાં ફરતાં ફરતાં ભગવાનનો ભેટો કરાવે તેવા સાચા સંતની શોધમાં હતા પણ કોઈનાં દર્શનથી તેમનું મન ઠરતું ન હતું. ફરતાં ફરતાં દક્ષિણ ભારતના એક પ્રખ્યાત તીર્થસ્થાનને વિષે આવ્યા. ત્યાં તેઓ જાતે સંન્યાસી થયા. દરરોજ તેઓ ભગવાનનું ધ્યાન-ભજન કરતા અને ત્યાં રહેતા સંતોનો સમાગમ કરતા. દિવસમાં એક વાર ભિક્ષાવૃત્તિ કરી જીવનનિર્વાહ કરી લેતા. જેમ ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રના જળને ઇચ્છે તેમ ભાનુ શર્માનું અંતર પ્રભુમિલન માટે અતિ ઉત્સુક હતું.

ભાનુ શર્માનો નિર્મળ ભક્તિભાવ જોઈ તે મંદિરના કોઠારી, મહંતોએ તેમને મંદિરના પૂજારી તરીકે રાખી લીધા. એક વખત એક-બે સંન્યાસી ગુજરાતની તીર્થયાત્રા કરી અહીં મંદિરમાં આવ્યા ત્યારે પૂજારી ભાનુ શર્માને કહેતા હતા, ''પૂજારી, અત્યારે સૌરાષ્ટ્રમાં (કાઠિયાવાડમાં) પ્રગટ ભગવાન સ્વામિનારાયણ વિચરી રહ્યા છે, લોકોને સદ્‌ઉપદેશ આપી અનેકનાં જીવન પરિવર્તન કરી રહ્યા છે.''

સંન્યાસીના મુખે સ્વામિનારાયણ શબ્દ બોલાતાં જ આખા મંદિરમાં પ્રકાશ પ્રકાશ પથરાઈ જતો. ભાનુ શર્માને વિચાર થયો કે, 'જેમના નામમાત્રમાં આટલો પ્રભાવ છે તો એ પ્રગટ ભગવાન સ્વયં કેવા હશે !' ક્ષણનોય વિલંબ કર્યા વિના ભાનુ શર્મા મંદિરના મહંતોની રજા લઈ ગુજરાત તરફ ચાલ્યા.

કેટલાક દિવસો બાદ તેઓ લોજ આવ્યા. પ્રગટ શ્રીહરિનો મેળાપ થયો. શ્રીહરિનાં પ્રથમ દર્શનથી જ ભાનુ શર્માને કદી ન અનુભવેલ દિવ્યાનંદની અનુભૂતિ થતાં તેઓ અત્યંત ગદ્‌ગદિત થઈ ગયા. નેત્રોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં, 'જેનાં દર્શનમાત્રથી અંતરના ઘાટ સમી જઈ અલૌકિકતાનો દિવ્ય અહેસાસ થવા લાગ્યો; એ કેવા દિવ્ય સ્વરૂપ હશે ! જેમને મેળવવા મેં ઘર, સંસાર, કુટુંબ, માબાપ છોડ્યાં તે જ આ શ્રીહરિ મને પ્રત્યક્ષ મળી ગયા. મારો મનુષ્યજન્મ સાર્થક થયો.' શ્રીહરિએ ભાનુ શર્માના મુખે તેમનું જીવનવૃત્તાંત સાંભળ્યું. તેમનો ભક્તિભાવ, મુમુક્ષુતા તથા પ્રભુપ્રાપ્તિની અદમ્ય ઝંખના જોઈ શ્રીહરિએ તેઓને દીક્ષા આપી 'નૃસિંહાનંદ સ્વામી' નામ આપ્યું.★[૧]

## મેઘપુરથી શ્રીહરિએ વિવેક પત્ર લખાવ્યો

લોજથી કાલવાણી જવા તત્પર શ્રીહરિ રસ્તામાં મેઘપુર ગામે પધાર્યા. મેઘપુરના હરિભક્તો તથા દરબાર અમરસિંહ ભાટ શ્રીહરિને વધાવવા ગામના ઝાંપા સુધી આવ્યા.

સૌએ શ્રીહરિ તથા સંતોને હાર પહેરાવી, પુષ્પવૃષ્ટિ કરી વધાવ્યા. શ્રીહરિનો ઉતારો મેઘપુરમાં નારાયણ સોનીના ઘરે હતો. સંધ્યા આરતી બાદ શ્રીહરિએ પ્રારંભ કરેલી કથાવાર્તા છેક મધ્ય રાત્રિ સુધી વણથંભી વહેતી રહેતી. શ્રીહરિના મુખથી ઝરતી અમૃતવાણીથી ગામધણી અમરસિંહ ભાટ કુટુંબે સહિત સત્સંગના રંગે રંગાઈ ગયા. તેઓ શ્રીહરિના હસ્તે કંઠી બાંધી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત થયા. બીજે દિવસે અમરસિંહ ભાટે શ્રીહરિ તથા સંતો-ભક્તોને રસોઈ આપી. શ્રીહરિ થાળ જમી રહ્યા પછી અમરસિંહને પ્રસાદી આપી.

ગામના કેટલાક વૈરાગીઓને સમાચાર મળ્યા કે, દરબાર અમરસિંહે સ્વામિનારાયણનો પંથ સ્વીકારી લીધો છે. વૈરાગીઓ દરબાર પાસે દોડી આવ્યા.

---

★[૧] આ નૃસિંહાનંદ સ્વામી 'નાના નૃસિંહાનંદ' તરીકે સત્સંગમાં પ્રચલિત હતા. તેઓ શ્રીહરિના જોગ-સમાગમથી સ્થિતિ પામેલા હતા. વળી, શ્રીહરિની આજ્ઞાથી તેમણે વિદ્યાભ્યાસ કર્યો હતો.

આવીને વઢવા લાગ્યા, ''તમે અમારા થઈ બીજાને ગુરુ કેમ કર્યા ? તમારા લીધે તો અમે આ ગામમાં રહ્યા છીએ. તમે અમારી શરમ રાખી નહિ એ અમને શીખ (વિદાય) આપવાનો જ આ ઉપાય રચ્યો ને. એક મ્યાનમાં બે તલવાર ન રહે, કાં તો અમે કાં તો સ્વામિનારાયણ. તમે ચોખ્ખી વાત કરો પછી જ અમે ભગવાનને ભોગ ધરાવીશું.'' દરબારને મોટું ધર્મસંકટ આવ્યું. તાજો સત્સંગ ગ્રહણ કર્યો હતો એટલે હજુ સત્સંગની એટલી દૃઢતા ન હતી. વળી, હૃદયમાં મોક્ષનો અંકુર ન હતો. તેમને તો જ્યાંથી માન મળે તે બાજુ ઢળી પડે. દરબારે તેઓને કહ્યું, ''તમે ગભરાશો નહીં. હું તો તમારા વિના કોઈને માનતો નથી. આ તો અમે ગામધણી કહેવાઈએ એટલે બધાનું સન્માન કરવું પડે. એ મારો વ્યવહાર સમજો. તમે સુખે ગામમાં રહો, તમારું કોઈ અપમાન નહિ કરી શકે. જો કોઈ કાંઈ કહેશે તો તમ માટે હું મારા પ્રાણ આપી દઈશ.''

દરબાર પોતાના પક્ષમાં છે એમ જાણી વૈરાગીઓને વધુ જોર ચડ્યું. તેઓ શ્રીહરિના આશ્રિત સંતો-ભક્તોને રંજાડવા લાગ્યા. હરિભક્તોએ શ્રીહરિને આ બધી વાત કરી ત્યારે શ્રીહરિએ એક સંતને બોલાવી એક પત્ર લખાવ્યો, ''હે સંતો ! હે ભક્તો ! તમે સૌ અમારા આશ્રિત છો. તો આપણને પોતાને કોઈ ગાળ દે કે તાડન કરે તો તેને સહન કરવું પણ તેનું ભૂંડું થાય તેવો સંકલ્પ પણ કરવો નહીં. વળી, સહુએ પોતાની શક્તિ પ્રમાણે સ્થિર આસન કરી ભગવાનની ધ્યાન-ધારણા તથા ભજન-સ્મરણ કરતા રહેવું. દેહનો સંબંધ કાચો જાણવો. કોઈ પણ સત્સંગીએ સત્સંગ કે વ્યવહાર નિમિત્તે કોઈની સાથે વેર કરવું નહીં. જેના મનમાં પોતાનો સ્વાર્થ લેશમાત્ર ન હોય, જેને સાંભળવાથી ક્લેશ ન થાય પણ અંતરમાં શાંતિનો અનુભવ થાય તેવા સંતનો ઉપદેશ લેવો, તે કહે તેમ કરવું.''

વળી પત્રમાં લખ્યું કે, ''અમોએ આ પત્રમાં લખ્યું તે પ્રમાણે સૌએ વર્તવું, જે આ પ્રમાણે વર્તશે તે જ અમારા બધા સત્સંગીઓને અમે અમારું અંગ માન્યું છે. માટે કોઈએ અમારા વચનને લોપવું નહીં. જે વચનને લોપશે તેને અવશ્ય દુઃખ આવશે. માટે હું તાળી પાડીને કહું છું કે વચન લોપનાર મૃત્યુ પછી જરૂર જમપુરીમાં જાશે. તે સત્સંગનો દ્રોહી કહેવાશે માટે સૌએ વચનમાં ખબડદાર રહેવું.''

આ રીતે શ્રીહરિએ મેઘપુરથી પત્ર લખાવી ગામોગામ હરિભક્તો સુધી પહોંચાડ્યા. શ્રીહરિને પોતાના આશ્રિતમાત્રને ક્ષમાશીલ અને ઉદારવાન કરવાનો આ એકમાત્ર આશય હતો.

## ‘જય સદ્‌ગુરુ સ્વામી’ આરતીનો પ્રાદુર્ભાવ

મેઘપુરમાં શ્રીહરિ અનંત મુમુક્ષુઓને સુખિયા કરી રહ્યા હતા. પ્રથમથી જ કાલવાણીમાં પ્રબોધિની ઉત્સવ કરવાનું નક્કી હતું. તેથી ગામોગામ કાગળો લખાવી દીધા હતા. તેથી ઝાલાવાડ, ગુજરાત તથા કચ્છથી પણ સત્સંગી હરિભક્તો કાલવાણી આવવા લાગ્યા.

સદ્. મુક્તાનંદ સ્વામી સંતો તથા કચ્છના ભક્તો સાથે કાલવાણી આવવા નીકળ્યા હતા. તેઓને મનમાં શ્રીહરિને મળવાનો આનંદ ઓસરી ગયો હતો. કારણ, મયારામ ભટ્ટે શ્રીહરિ માટે આપેલા સમાચાર. તેથી તેઓનું મન ઉદ્વિગ્ન બન્યું હતું. આખા રસ્તે બસ વિચારોના સમરાંગણમાં રાચતા સદ્. મુક્તાનંદ સ્વામીને થતું હતું, ‘વર્ણી નાના છે, બિનઅનુભવી છે. તેમને ગુરુએ ગાદી સોંપી દીધી એટલે જ્ઞાનમાર્ગ છોડી ઐશ્વર્યનો માર્ગ અપનાવ્યો ? આ માર્ગે તો જીવનું કલ્યાણ ન થાય. જીવ ભ્રમી જાય, ખોટા રસ્તે ચડી જાય. ગમે તેમ થાય પણ મારે વર્ણીને ઠપકો આપવો જ રહ્યો. ભલે ગાદીના વારસદાર વર્ણી છે. પણ આવો સત્સંગમાં બગાડ થાય છે તે કેમ ચલવી લેવાય ? સ્વામીએ ખીલવેલો સત્સંગ આમ ભેળાઈ જાય તો કેમ ચાલે ?’

શ્રીહરિ મેઘપુર મધ્યે સભામાં બિરાજમાન હતા. સંતો-હરિભક્તોનાં વૃંદ શ્રીહરિને વીંટળાઈને શ્રીહરિના મુખ થકી અમૃતપાન કરી રહ્યા હતા. એવામાં એક હરિભક્તે હાંફતાં હાંફતાં આવી સમાચાર આપ્યા, ‘‘મહારાજ... મહારાજ... સદ્. મુક્તાનંદ સ્વામી આવી રહ્યા છે. બસ મેઘપુરના ઝાંપે પહોંચ્યા જ સમજો.’’

સમાચાર સાંભળતાં જ શ્રીહરિ તત્કાળ સિંહાસન પરથી ઊભા થઈ સંતો-ભક્તોને સાથે લઈ સદ્. મુક્તાનંદ સ્વામીના આગમન માટે સામે પધાર્યા. દૂરથી સ્વામીને જોઈ શ્રીહરિ દંડવત કરવા લાગ્યા. સ્વયં અનંતકોટિ બ્રહ્માંડના નાથ હોવા છતાં અવરભાવની રીતે પોતાથી વડીલને આદર-સન્માન આપવાની શ્રીહરિની આગવી રીત હતી. સદ્. મુક્તાનંદ સ્વામીએ પણ ઝડપથી નજીક આવી શ્રીહરિને હસ્ત પકડી તત્કાળ ઊભા કરી દીધા. બંને એકબીજાને ભેટી પડ્યા. શ્રીહરિને મળતાં જ સદ્. મુક્તાનંદ સ્વામીની અંતરની પીડા શમવા લાગી. વિચારોમાં પરિવર્તન થવા લાગ્યું. શ્રીહરિએ સ્વામી સાથે આવેલા સંતોને પણ નીચે નમી ચરણસ્પર્શ કરી હેતપૂર્વક જય સ્વામિનારાયણ પાઠવ્યા. શ્રીહરિ

તથા તેઓના સત્પુરુષોની દાસત્વભાવે વર્તવાની પ્રણાલી અદ્યાપિ ચાલી આવી છે. જેમ કેરી આવે તેમ આંબો નમતો જાય એ રીતે મુમુક્ષુમાત્રમાં જેમ જેમ શ્રીહરિનો, તેઓના કલ્યાણકારી ગુણોનો આવિર્ભાવ થતો જાય તેમ તેમ દાસત્વભાવ સૂધો દૃઢ થતો જાય.

શ્રીહરિ સભામાં જે સિંહાસન પર બિરાજ્યા હતા તેના પર સદ્. મુક્તાનંદ સ્વામીને હેતથી બેસાડ્યા. પોતે સ્વામી સન્મુખ નીચે બેઠા. આટલું બધું સન્માન મળતું જોઈ સ્વામીને અંતરમાં ઉદ્વેગ થવા લાગ્યો. વળી, શ્રીહરિને આટલા દાસ અને નિર્માની જોઈ સ્વામીને થયું, 'મેં જેવું વિચાર્યું છે તેવા વર્ણી થયા નથી. તેમને જેમ વાળીશું તેમ વળી જશે ખરા.'

જમવાનો સમય થયો એટલે મુકુંદાનંદ બ્રહ્મચારી શ્રીહરિને જમાડવા બોલાવવા આવ્યા. શ્રીહરિએ સદ્. મુક્તાનંદ સ્વામીને પણ સાથે લીધા. સદ્. મુક્તાનંદ સ્વામી શ્રીહરિને સંગે ચાલતાં ચાલતાં વિચારતા હતા, 'વર્ણીને હું ક્યારે હિતનાં વચન કહું ? સરખો સમય જોઈને કહેવું પડશે.' વિચારોમાં ક્યારે ભંડાર આવી ગયો તે સ્વામીને ખબર ન રહી.

શ્રીહરિએ સદ્. મુક્તાનંદ સ્વામીની વિચારનિદ્રાને તોડતાં કહ્યું, "સ્વામી, આપ આ બાજોઠ પર બેસો. હું બીજા બાજોઠ પર બેસીશ." સદ્. મુક્તાનંદ સ્વામી દરેક બાબતમાં શ્રીહરિનું અત્યંત નિર્માનીપણું દેખી વધુ ને વધુ દ્વિધા અનુભવવા લાગ્યા. પત્તર પીરસાયા બાદ શ્રીહરિએ સ્વામીને જમવા પ્રાર્થના કરી. બંનેએ સાથે જમવાનું શરૂ કર્યું.

જમતાં જમતાં શ્રીહરિએ પ્રથમ સ્વામીને કુશળ સમાચાર પૂછ્યા. પછી કચ્છ દેશના હરિભક્તોના સત્સંગ વિષે કુશળ સમાચાર પૂછ્યા. વારંવાર વિચારોમાં ખોવાઈ જતા સદ્. મુક્તાનંદ સ્વામી શ્રીહરિના પૂછેલા પ્રશ્નોના ઠીક ઠીક ઉત્તર આપતા હતા. બંનેએ ભોજન ગ્રહણ કર્યું. પછી ચળું કરતાં હિંમત કરી સદ્. મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, "નારાયણ મુનિ, મારે તમને ઉતારે એકલા મળવું છે." અંતર્યામી શ્રીહરિ સદ્. મુક્તાનંદ સ્વામીની મનોદશા જાણતા જ હતા છતાં અજાણતા થઈ પૂછ્યું, "સ્વામી, અગત્યનું કામ છે ? તો ચાલો, અત્યારે જ મળીએ."

શ્રીહરિ તથા સદ્. મુક્તાનંદ સ્વામી ઉતારે પધાર્યા. શ્રીહરિ સ્વામીને યોગ્ય સ્થાન આપી તેઓની પાસે બેઠા. સદ્. મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને ઠપકો

આપવા માંડ્યો, ''મહારાજ, આ દુનિયામાં રામાનંદ સ્વામી જેવા બીજા કોઈ આજ સુધી થયા નથી અને થશેય નહીં. તમે એમની ગાદીએ બેસી જ્ઞાનનો માર્ગ છોડી આ ઐશ્વર્ય-પરચાનો માર્ગ શા માટે વહેતો કર્યો ? કોઈ પણ સાધનિકને અષ્ટાંગયોગ સાધ્યા બાદ ક્ષણ વાર પૂરતો સવિકલ્પ સમાધિનો અનુભવ થાય તે તમે આ સમાધિનું નામ આપી શું ચમત્કારો શરૂ કર્યા છે ? તમારી ઉંમર નાની અને સત્સંગમાં બિનઅનુભવી. આ બધા ફેલથી રામાનંદ સ્વામીના ફેલાવેલા સત્સંગના શા હાલ થશે એ તમોએ વિચાર્યું છે ? રામાનંદ સ્વામીએ કદી આવું પ્રકરણ અપનાવ્યું નથી. આગળ મોટા મોટાએ આવું પ્રકરણ ચલાવ્યું નથી. તે એ બધાથી આપ મોટા થઈ ગયા કે શું ? રામાનંદ સ્વામીએ જે માર્ગે ચાલવાનું કહ્યું છે તેમ તમે, અમે સૌ ચાલીશું તો જ શાંતિ રહેશે. નહિ તો સત્સંગમાં બહુ ઉત્પાત મચી જશે. મહારાજ, આ સમાધિ પ્રકરણની લીલા બંધ કરી દો. તેમાં સ્વામી અને અમે રાજી થઈશું.''

સદ્. મુક્તાનંદ સ્વામીની દરેક વાતમાં અંતરની મનોવ્યથા તથા શ્રીહરિ પરત્વેનાં રોષનાં દર્શન થતાં હતાં. તેઓ સ્વયં શ્રીહરિના અનાદિમુક્ત જ હતા પરંતુ સ્વામીનું આ મનુષ્યચરિત્ર હતું. સદ્. મુક્તાનંદ સ્વામીની વાત શ્રીહરિ ખૂબ ધ્યાન દઈને સાંભળતા હતા. પોતે જાણે દોષિત હોય તેમ શ્રીહરિ સ્વામીની વાતોને સ્વીકારતા હતા. અંતે શ્રીહરિએ બે હસ્ત જોડી કહ્યું, ''સ્વામી, સદ્. રામાનંદ સ્વામી પછી આપ મારા ગુરુસ્થાને છો. તેથી આપની આજ્ઞા હોય તો હું આ અંગે આપને કંઈક કહેવા માગું છું.''

શ્રીહરિની અતિ નમ્રવાણી સાંભળી સદ્. મુક્તાનંદ સ્વામીને પોતે ઉચ્ચારેલ ઉગ્રભરી વાણી પરત્વે પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેઓએ કહ્યું, ''મહારાજ, તમારે દિલ ખોલીને જે વાત કરવી હોય તે વિના સંકોચે કહો. પટોળા ઉપર ભાત પડે; એ સિવાય સામાન્ય વસ્ત્ર પર રંગ જામે નહીં. તેમ યોગ્ય પાત્ર સિવાય પદ શોભે નહીં.'' શ્રીહરિએ કહ્યું, ''સ્વામી, આપના સિવાય અમે અત્યાર સુધી સત્સંગમાં કોઈને યોગ્ય પાત્ર તરીકે જોયા નથી. આપના એકના કારણે જ અમે અત્યારે અહીંયાં સત્સંગમાં ટક્યા છીએ. આપ મુમુક્ષુઓ મધ્યે પણ શ્રેષ્ઠ છો. સ્વામી, ખરેખર આ સમાધિ પ્રકરણમાં અમે તો કાંઈ કરતા નથી. જે ભક્તો રામાનંદ સ્વામીનું ભજન કરે છે તેમને સમાધિ થાય છે. સમાધિમાં સ્વામી સહુને દર્શન આપે છે.'' સદ્. મુક્તાનંદ સ્વામી વધુ મૂંઝવણમાં પડ્યા.

શ્રીહરિએ આગળ વાત કરતાં કહ્યું, “દયાળુ, આ સંતદાસ બહાર બેઠા છે. તેમને આપ બોલાવી સમાધિ અંગે પૂછી શકો છો.” સદ્. મુક્તાનંદ સ્વામીએ સંતદાસજીને બોલાવી પૂછ્યું, “તમને આ સહજાનંદ સ્વામી સમાધિ કરાવે છે તેમાં આપણા ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન થયાં કે ?” સંતદાસજીએ કહ્યું, “સ્વામી, આપ ખોટી ભ્રમણામાં ન પડો. આ સહજાનંદ સ્વામી ખરેખર સાક્ષાત્ ભગવાન છે. આપણા ગુરુ સદ્. રામાનંદ સ્વામી તો સહજાનંદ સ્વામીના દાસ, શિષ્ય અને મુક્ત છે. અમે બધા સમાધિમાં જઈને જોઈએ છીએ. ત્યાં અક્ષરધામમાં આ સહજાનંદ સ્વામી તખત પર બિરાજે છે. શું એ ધામની શોભા !! અવર્ણનીય અને અકલ્પનીય છે. સદ્. રામાનંદ સ્વામી અમને સૌને શ્રીહરિનો ખૂબ મહિમા કહે છે. સ્વામી, રામાનંદ સ્વામી આ લોકમાં બિરાજતા હતા ત્યારે આપણને વર્ણીરાજનો ખૂબ મહિમા કહ્યો હતો તે શબ્દો તમે ભૂલી ગયા ?”

સદ્. મુક્તાનંદ સ્વામીને સંતદાસજીની વાત સાંભળી કંઈક ભૂલ સમજાઈ પણ હજુ અંતરની ઉદાસીનતા ટળતી ન હતી. વળી, સમાધિ પ્રકરણની લીલા હજુ સ્વામીને ગળે ઊતરતી ન હતી. એટલામાં સ્વામીના બે શિષ્યો માધવદાસ અને જેઠા ભગતે સ્વામી પાસે આવીને કહ્યું, “સ્વામી, સહજાનંદ સ્વામી જે સમાધિ કરાવે છે તે કોઈ પરચો કે ઐશ્વર્ય નથી; ખરેખર સમાધિ જ છે. અમે પણ તેનો અનુભવ કર્યો છે.”

બપોરે સ્વામી પોતાના ઉતારે આડે પડખે થયા પણ કેમેય કરીને સ્વામીને નિદ્રા ન આવે. વિચારોના વમળોમાં ફસાયેલા સ્વામીને સમય ક્યાં પસાર થઈ ગયો તેની ખબર રહી નહીં. સાંજે શ્રીહરિ સદ્. મુક્તાનંદ સ્વામી તથા સંતો-હરિભક્તો સહિત મેઘપુરથી કાલવાણી પધારતા હતા. સ્વામી પર્વતભાઈ સાથે ધીરે ધીરે ચાલતા હતા. શ્રીહરિ સંતો સાથે ઘણા આગળ નીકળી ગયા હતા. શ્રીહરિને ખબર પડી કે, સદ્. મુક્તાનંદ સ્વામી પાછળ રહી ગયા છે તો પોતે તેમની રાહ જોતા ઊભા રહી ગયા. સ્વામી આવ્યા ત્યારે શ્રીહરિ ચાલ્યા. કાલવાણી જતાં રસ્તામાં નદી આવી. શ્રીહરિ તથા સંતોને સ્નાન કરવાની ઇચ્છા થઈ આવી. શ્રીહરિ તથા સંતો બહિર્ભૂમિ માટે પધાર્યા. જ્યારે સદ્. મુક્તાનંદ સ્વામી પર્વતભાઈ સાથે નદીના આરે બેસી રહ્યા. એ વખતે સત્સંગીના દીકરાઓ નદીમાં સ્નાન કરવા ઊતર્યા.

તેમાંના બે દીકરા વાલજી તથા લખમણ શ્રીહરિનું ધ્યાન કરતા હતા. ધ્યાન

કરતાં તે બંનેને સમાધિ થઈ ગઈ. શરીર શિથિલ થઈ ગયું. નદીમાં જ ઢળી પડ્યા. સદ્. મુક્તાનંદ સ્વામીએ નદીને કાંઠે બેઠા થકા આ જોયું. તેમને ઘણું આશ્ચર્ય થયું. તેઓ ઊભા થઈ નદીમાં ગયા. બંને દીકરાની નાડી પકડીને જોઈ તો નાડી ચાલતી હતી. શરીર અચેતન હતું. એટલામાં શ્રીહરિ પધાર્યા. શ્રીહરિએ સદ્. મુક્તાનંદ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી, આપને યોગ્ય લાગે તો આ બંને દીકરાઓને જગાડો. અમે સંતો સાથે પેલી બાજુ સ્નાન કરવા જઈએ છીએ.’’ સદ્. મુક્તાનંદ સ્વામીએ બંને બાળકોને પાણીમાંથી બહાર કાઢ્યા. બંનેને હલાવીને જગાડવા ઘણા પ્રયત્નો કર્યા. કાનમાં પણ મોટે મોટેથી બૂમો પાડી જગાડવા પ્રયત્ન કરવા લાગ્યા પણ પેલા બંને સમાધિમાંથી જાગૃત ન થયા. શ્રીહરિ સ્નાન કરી આવ્યા ત્યારે સ્વામીને કહ્યું, ‘‘આપ કહો તો બંને બાળકોને સમાધિમાંથી જગાડીએ ?’’ સ્વામીની મૂક અનુમતિ મળતાં શ્રીહરિએ બંને બાળકોને સહેજ હલાવ્યા કે તરત બંને જાગી ગયા.

શ્રીહરિએ બંનેને પૂછ્યું, ‘‘મુક્તાનંદ સ્વામીએ તમને જગાડ્યા ત્યારે તમે કેમ જાગ્યા નહીં ?’’ ત્યારે તેઓ બોલ્યા, ‘‘અમે તો તમારા અક્ષરધામમાં ગયા હતા. મુક્તાનંદ સ્વામી તો અમને બોલાવવા આવ્યા જ ન હતા. તમો આવ્યા અને ઉઠાડ્યા એટલે અમે તરત જાગી ગયા.’’ આ બધું જોઈ સદ્. મુક્તાનંદ સ્વામીના અંતરમાં વધુ ને વધુ દ્વિધા ઉત્પન્ન થવા લાગી. ચિત્તવૃત્તિ અતિ અશાંત અને ભ્રામક થવા લાગી.

શ્રીહરિને કશું કહ્યા વિના સ્વામી હાથમાં લોટો લઈ દિશાએ જવા નીકળ્યા. દૂર દૂર બહિર્ભૂમિ જઈ, હાથ ધોઈ એક ઝાડ નીચે સદ્. રામાનંદ સ્વામીનું ધ્યાન કરવા બેઠા. ત્યાં તો સામેથી સદ્. રામાનંદ સ્વામી ચાલતા આવતા હતા. સદ્. મુક્તાનંદ સ્વામી તરત ધ્યાનમાંથી જાગૃત થઈ સદ્. રામાનંદ સ્વામીનાં દર્શન થતાં દંડવત કરવા લાગ્યા. સદ્. રામાનંદ સ્વામીએ સદ્. મુક્તાનંદ સ્વામીને કહ્યું, ‘‘તમને અમારો લેશમાત્ર વિશ્વાસ જ ક્યાં છે ? અમે અનેક વખત કહ્યું હતું કે અમે તો ડુગડુગી વગાડનારા છીએ. ખરા ખેલના ભજવનારા આવશે. તે આ ખરા ખેલના ભજવનાર શ્રીહરિ જ છે. આ સહજાનંદ સ્વામી જ સર્વોપરી નારાયણ છે. તમને શ્રીહરિએ અનેક પ્રતાપ જણાવ્યા તોપણ હજુ તમને સમજાતું નથી ? તેઓ તમારી પાસે શિષ્ય થઈને રહે છે પણ વાસ્તવમાં શ્રીહરિની સેવા તો અતિ દુર્લભ છે. જે તમને સહેજે મળી છે. માટે મન, કર્મ, વચને એમની સેવા કરી

લ્યો. એમને રાજી કરી લ્યો. એમની કોઈ ક્રિયા, વ્યવહાર કે લીલામાં સંશય કરશો નહીં.''

**"પ્રગટ પ્રમાન રામાનંદ સ્વામી, આગે આયે ઊભે અંતરજામી ।**
**ચંદન ચર્ચિત ગૌર શરીરા, બોલે મૂનિ સે હરન કુ પીરા ॥**
**હમેરી પ્રતિત તુમકુ નહિ લેશા, બાલક જ્યું કરત મન ક્લેશા ।**
**હમાર સ્વામી કે સ્વામી હે એહૂ, સત્ય કરિકે માનો તુમ તેહૂ ॥**
**અનંત પ્રતાપ હરિ દેખાયે, તોઉ અબે મન મેં ન લાયે ।**
**તુમારે ભયે શિષ્ય હિ આઈ, તોઉ તુમ હિ પ્રતિત ન લાઈ ॥**
**ઈનકિ સેવા દુર્લભ હમારે, સો સહજ મિલિ હે તુમારે ।**
**અબ મન કર્મ બચન હિ હોઈ, યામેં સંશે ન કરના કોઈ ॥"**[૧૯]

"વળી આ મયારામ ભટ્ટને કહેજો કે, પોતાની સંશયવૃત્તિ ટાળી સહજાનંદ સ્વામી વિષે પ્રભુપણાનો ભાવ દૃઢ કરે. તેઓ (શ્રીહરિ) તો તમને અમારા જૂના શિષ્યો જાણી તમારી માન-મર્યાદા જાળવશે પણ તમે હવે શ્રીહરિને યથાર્થ ઓળખી તેમની મન-કર્મ-વચને સેવા કરી લેજો." આટલું કહી રામાનંદ સ્વામી અદૃશ્ય થઈ ગયા.

સદ્. મુક્તાનંદ સ્વામી તો ગુરુના વચનોનું અમૃતની પેઠે પાન કરી રહ્યા હતા. ગુરુના શબ્દે શબ્દે સ્વામીનું અંતર વીંધાતું હતું. શ્રીહરિના ચરિત્રને વિષે કરેલો સંશય અને ગુરુ રામાનંદ સ્વામીને કરાવેલો દાખડો વિચારી તેમનું અંતર દ્રવી ઊઠ્યું. છતાં ઘણા સમયની દ્વિધા તથા મૂંઝવણોનો ઉકેલ સ્વયં ગુરુ થકી મળતાં સ્વામીનું અંતર આનંદથી ભરાઈ ઊઠ્યું.

સદ્. મુક્તાનંદ સ્વામીના અંતરની મનોવ્યથા સંપૂર્ણતઃ દૂર થઈ. તેમના મુખ પરની અજબની લાલી જોઈ પર્વતભાઈએ પૂછી લીધું, "સ્વામી ! કેમ અચાનક આટલા આનંદમાં આવી ગયા ?" સ્વામીએ હસતાં હસતાં એટલું જ કહ્યું, "આપણા ગુરુનો ઉપદેશ." સદ્. મુક્તાનંદ સ્વામીએ નદીમાં સ્નાન કર્યું. કાલવાણી જતાં રસ્તામાં આવતી ફૂલવાડીમાંથી ફૂલો ચૂંટ્યાં.

કાલવાણી પહોંચી સ્વામી ચૂંટેલા ફૂલોનો હાર બનાવવા બેઠા. હાર બનાવતાં બનાવતાં સ્વામીએ નૂતન આરતી તથા શ્રીહરિ મહાત્મ્ય તથા પ્રાપ્તિના આનંદથી ભરી દે એવા 'જનમ સુધાર્યો રે હો...'કીર્તનના ચાર પદોની રચના કરી. સંધ્યાટાણું થતાં સ્વામીએ ઊભા થઈ એક પલંગ પર ગુરુ રામાનંદ સ્વામીનાં પ્રસાદીનાં

---

**૧૯**. શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૩, તરંગ-૩૩

ગાદી-તકિયા બિછાવી દીધાં. પછી શ્રીહરિને પ્રાર્થના કરી, "દયાળુ, આપ આ પલંગ પર બિરાજો." શ્રીહરિ દાસત્વભાવે બોલ્યા, "સ્વામી ! આ પલંગ પર તો આપ જ શોભો." "મહારાજ, આજ સુધી ઘણો છેતરાયો છું પણ હવે રામાનંદ સ્વામીની કૃપાથી મારા બધા જ ભ્રમ ટળી ગયા છે. તમે જ સાક્ષાત્ સર્વોપરી પુરુષોત્તમનારાયણ છો. દયાળુ, હવે દાસ થવાની લીલાને બંધ કરી પલંગ પર બિરાજો." એમ સ્વામીએ અતિ વિનંતી કરી શ્રીહરિને હસ્ત પકડી પલંગ પર બિરાજમાન કર્યા. સ્વામીએ બનાવેલા હાર, તોરા, બાજુબંધ શ્રીહરિને સ્વહસ્તે ધારણ કરાવ્યા. પછી પૂજારી જોડેથી આરતીની દીવી લઈ સદ્. મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિની આરતી ઉતારી.

'જય સદ્‌ગુરુ સ્વામી...'

આજના મંગલકારી દિને સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતમાત્રના મુખે ગવાતી આ પ્રચલિત આરતીનો અભૂતપૂર્વ ઈતિહાસ રચાઈ ગયો. સદ્. મુક્તાનંદ સ્વામીને શ્રીહરિની આરતી ઉતારતા જોઈ મયારામ ભટ્ટને થયું કે, 'સ્વામી પણ રામાનંદ સ્વામીના નિશ્ચયથી ડગી ગયા.' આરતી પૂર્ણ કરી સ્વામીએ શ્રીહરિને દંડવત કર્યા. પછી તો પગમાં ઘૂઘરું બાંધી, હાથમાં કરતાલ લઈ સદ્. મુક્તાનંદ સ્વામીએ સ્વરચિત પ્રાપ્તિના કેફનાં પદો 'જનમ સુધાર્યો રે હો મારો...' શ્રીહરિ સન્મુખ નૃત્ય કરતાં કરતાં ગાયાં.

કીર્તનગાન પૂર્ણ કરી સ્વામી પોતાના આસને બેઠા તે વખતે મયારામ ભટ્ટ સદ્. મુક્તાનંદ સ્વામીની નજીક જઈ પૂછવા લાગ્યા, "સ્વામી, તમને સમાધિ થઈ કે શું ?" ત્યારે સ્વામીએ થોડા આકરા થઈ કહ્યું, "શું સમાધિ થાય ? રામાનંદ સ્વામીએ મને જ્ઞાન સમાધિ કરાવી. સ્વામીએ મને વખતોવખત જાહેરમાં તથા એકાંતમાં આ સહજાનંદ સ્વામીનો ખૂબ મહિમા કહ્યો હતો. મને તેમના સ્વરૂપની ઓળખ કરાવી હતી. પણ સમયે તમારા શબ્દોમાં હું આવી ગયો. સ્વામીએ ખાસ તમારા માટે કહ્યું છે કે, સંશય બુદ્ધિને ટાળી શ્રીહરિને વિષે પુરુષોત્તમપણાનો ભાવ દૃઢ કરજો એમાં જ અમો રાજી છીએ."

## હરબાઈ-વાલબાઈ વિમુખ થયાં

પ્રબોધિની એકાદશીનો ઉત્સવ શ્રીહરિ સંગે ઊજવવા દેશોદેશથી હરિભક્તો કાલવાણી ખાતે આવી ગયા હતા. એકાદશીના મંગળ પ્રભાતે સંતો-હરિભક્તોના

બહુ મોટા સમૂહની વચ્ચે શ્રીહરિ બિરાજ્યા હતા. શ્રીહરિ સભામાં સૌને જ્ઞાનામૃતનું આચમન કરાવી રહ્યા હતા. એટલામાં લજ્જાહીન બનેલાં હરબાઈ અને વાલબાઈ પોતાનાં શિષ્ય મંડળ સાથે સભાને વીંધતાં છેક આગળ બેઠેલા સંતોના આસન સુધી પહોંચી ગયાં.

મહિલાઓને નજીક આવતાં જોઈ શ્રીહરિના ધર્મિષ્ઠ સંતો પોતાનું અષ્ટપ્રકારે વર્તમાન સાચવવા સભામાંથી જતા રહ્યા. સંતોનાં આસન ખાલી પડતાં સન્માનની ભૂખ સંતોષવા બંને બાઈઓ પોતાનાં શિષ્ય મંડળ સાથે એ આસન પર બેસી ગયાં. શ્રીહરિ તો આ બધું આશ્ચર્યવત્ જોઈ રહ્યા. સભા આખી વેરવિખેર થવા લાગી.

શ્રીહરિએ બંને બાઈઓને જરા કડક શબ્દોમાં કહ્યું, ''આપણા સત્સંગના નિયમ મુજબ સ્ત્રી-પુરુષોનાં સભાસ્થાન જુદાં હોય છે. આપ બંને પોતાની મેળે દીક્ષા ગ્રહણ કરીને આ રીતે ત્યાગીનો વેષ લઈ સંતો-હરિભક્તોની સભામાં આવીને બેસો છો તે યોગ્ય થતું નથી. સત્સંગમાં રહેવું હશે તો તમારે આપણા સત્સંગના નિયમો પ્રમાણે વર્તવું જ પડશે.''

શ્રીહરિનો ઠપકો સાંભળી બંને ઉશ્કેરાયાં. હરબાઈ બોલ્યાં, ''અમે તો તમારા ગુરુ રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામીની શિષ્યાઓ છીએ. અમારા ગુરુએ કે તમારા ગુરુએ અમને કદી રોક્યા નથી તો તમે કોણ રોકનાર ? નાની ઉંમરે ગુરુની ગાદી મળી ગઈ એટલે નિયમ-ધર્મની મોટી મોટી વાતો કરી જૂના શિષ્યોની રીતિ-નીતિ બદલી નાખો છો તે તમને શોભતું નથી.''

હરબાઈ અને વાલબાઈ બંને સદ્. આત્માનંદ સ્વામીની શિષ્યાઓ હતાં. જાતે દીક્ષા ગ્રહણ કરી, ભગવાં વસ્ત્રો પહેરી સદ્. આત્માનંદ સ્વામીના મંડળમાં ફરતાં. સ્વામી ધામમાં ગયા બાદ બંનેએ અદ્વૈત મત છોડી દ્વૈત મત સ્વીકાર્યો હતો એટલે સદ્. આત્માનંદ સ્વામીની ભલામણથી સદ્. રામાનંદ સ્વામીએ બંનેને સ્વીકારેલાં.

બ્રહ્મજ્ઞાનના નેજા હેઠળ બંને અહંકારને યોગે ખૂબ ઉદ્ધતાઈભર્યું વર્તન કરતાં છતાં કોઈ તેમને કહી શકતું ન હતું. પણ આજે શ્રીહરિએ સ્થાપેલા ધર્મના સેતુને તેઓ ઉત્થાપવા જતાં હતાં એટલે શ્રીહરિએ તેઓને ભરસભામાં ટોક્યાં.

શ્રીહરિએ સામે કશો ઉત્તર ન કર્યો એટલે વાલબાઈ વધુ ઉશ્કેરાયાં, ''વર્ણી, સ્ત્રી-પુરુષનો ભેદ તો તમને છે. અમે તો શુદ્ધ બ્રહ્મચારી છીએ. અમારે એંસી પૂરાં થયાં. માથે ધોળા આવી ગયા. બધાની વચ્ચે રહેવા છતાં હજુ સુધી ઇન્દ્રિયોના

દોરાયા દોરવાયા નથી તો હવે શું ભ્રષ્ટ થવાશે ? અમે તો બધાને માંસના લોચા જ સમજીએ છીએ.'' તેમની ઉદ્ધતાઈ વધતી જણાઈ; સામે શ્રીહરિ વધુ ધીરજવાન બનતા જતા હતા.

શ્રીહરિ તેઓને શાંત ચિત્તે સત્સંગની ધર્મ-મર્યાદા સમજાવવા લાગ્યા, ''જુઓ, આ અધ્યાત્મ માર્ગ છે. આ માર્ગમાં સ્ત્રી-પુરુષના પ્રસંગનો ધર્મશાસ્ત્રોએ પણ નિષેધ કર્યો છે. ભલભલા ઋષિમુનિઓ પણ આ બાબતમાં થાપ ખાઈ ગયા છે. ભલે તમે બધા વચ્ચે રહેવા છતાં પણ શુદ્ધ અને પવિત્ર છો અને રહેશો પણ સત્સંગની શોભા માટે તથા બીજાના ઉપદેશ માટે પણ તમારે અમોએ સ્થાપેલી મર્યાદામાં રહેવું જ પડશે. આ મુક્તાનંદ સ્વામી તથા ભાઈરામદાસ પણ શુદ્ધ નિષ્કામી હોવા છતાં અમારી આજ્ઞાએ ધર્મ-મર્યાદામાં રહે છે. માટે તમારે પણ આ સત્સંગમાં રહેવું હશે તો મર્યાદામાં રહેવું જ પડશે.''

બંને બાઈઓ પર કે તેમનાં શિષ્ય મંડળ પર શ્રીહરિની વાતની કોઈ અસર પડી નહીં. આજ સુધી ગુરુપદમાં રાચતા બંને બાઈઓને સત્સંગમાં રહેવા શ્રીહરિના આશ્રિત થવું પડે અને શ્રીહરિએ બાંધેલી ધર્મ-મર્યાદામાં પણ રહેવું પડે જે બંનેમાંથી કોઈને રુચે તેમ ન હતું. હરબાઈ તો ઊભાં થઈ બોલવાં લાગ્યાં, ''હે સહજાનંદ, સાંભળી લો. તમારા ધર્મમાં, તમારા નવા નિયમોમાં વર્તવા અમે રાજી નથી. જો તમે અમને રજા આપશો તો અમે જુદો પંથ ચલાવીશું. કલ્યાણ કાંઈ તમારી જોડે જ નથી.''

શ્રીહરિએ તરત સભામાંથી ઊભા થઈ સદ્. મુક્તાનંદ સ્વામીને ઈશારાથી પોતાને ઉતારે કંઈક મસલત કરવા બોલાવ્યા. શ્રીહરિએ સ્વામીને પૂછ્યું, ''સ્વામી, હવે આ બે બાઈઓનું શું કરીશું ? સત્સંગના નિયમો પાળવા તેઓ તૈયાર નથી. સત્સંગમાં તેઓને રાખીશું તો અમારે જે શુદ્ધ નિયમ-ધર્મે યુક્ત ત્યાગી સમાજની રચના કરવી છે તે થશે નહીં.''

સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ, અંતે તો હરબાઈ, વાલબાઈ કે રઘુનાથદાસ સત્સંગમાં રહેવાનાં જ નથી. જ્યાં સુધી રહેશે ત્યાં સુધી બધાને ભરમાવશે માટે તેમને વિમુખ કર્યે જ છૂટકો; તો જ આપનો હેતુ પાર પડશે.''

સ્વયં અનંત બ્રહ્માંડોના સત્તાધીશ હોવા છતાં આ લોકની રીતે સત્સંગના આવા મહત્ત્વના નિર્ણયોમાં શ્રીહરિ પોતાથી વડીલ સંતોને ભેગા ભેળવતા. સદ્. મુક્તાનંદ સ્વામીનો નિર્ણય જાણી શ્રીહરિ નિશ્ચિંત થઈ ગયા. સભામાં આવી શ્રીહરિ પોતાના આસને બિરાજ્યા. બંને બાઈઓને ફરીથી શાંત ચિત્તે ખૂબ

સમજાવ્યા પરંતુ દેહાભિમાનનો પારો આસમાને પહોંચે ત્યારે જીવની પાત્રતા એટલી ઘટી જાય છે કે પરમાત્મા સ્વરૂપની વાત સાંભળવા કે સમજવા પણ અસક્ષમ બની જાય છે. બંને બાઈઓએ સ્પષ્ટ કહી દીધું, ''અમે કોઈના બંધનમાં રહ્યાં નથી અને હવે રહીશું પણ નહીં. માટે અમે આજથી અમારાં શિષ્ય મંડળ સાથે તમારાથી જુદાં પડીએ છીએ.'' આટલું બોલી બંને બાઈઓ ઊઠ્યાં. તેમનું અબુધ શિષ્ય મંડળ પણ તેમની સાથે ઊઠી તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યું.

શ્રીહરિ તથા સમગ્ર સભાજનો આ જોઈ સ્વતઃ બોલી ઊઠ્યા, 'આ બંને બાઈઓના દેહાભિમાને તો પોતાના આત્માના કલ્યાણને માર્ગે ખંભાતી તાળું મારી દીધું. પણ શિષ્ય મંડળ કેવું ? સત્સંગમાં આવ્યા'તા મોક્ષ પામવા પણ ખોટા ગુરુમાં બંધાઈ તેઓ પણ મોક્ષ માર્ગેથી ચલિત થઈ ગયા.'★[૨]

## વ્યાપકાનંદ સ્વામીને શ્રીહરિએ ભૂમાપુરુષના લોકમાં મોકલ્યા

કાલવાણીમાં શ્રીહરિ સૌને કથારસનું પાન કરાવતા હતા. એ વખતે વ્યાપકાનંદ સ્વામી સભામાં આવ્યા. શ્રીહરિએ તેઓને કહ્યું, ''સ્વામી ! અમારી આજ્ઞા માનશો ?'' સ્વામીએ કહ્યું, ''જરૂર મહારાજ, આપ જેમ કહો તેમ કરીશ.'' શ્રીહરિએ તેઓને આજ્ઞા કરી, ''તમે ભૂમાપુરુષના લોકમાં જાઓ.''

''મહારાજ, ત્યાં તો કેવી રીતે જવાય ?'' સ્વામીએ દ્વિધા રજૂ કરી. મહારાજે ચપટી વગાડી, ''અરે સ્વામી, આમ ચપટીમાં જવાય.'' સ્વામીને તરત સમાધિ થઈ ગઈ. સમાધિમાં સ્વામી શ્રીહરિની કૃપાથી ભૂમાપુરુષના લોકમાં જવાના માર્ગે ચાલ્યા. રસ્તામાં એક હજાર માથાવાળો દૈત્ય મળ્યો. સ્વામી ડરી ગયા. આ દૈત્ય આગળ માર્ગ આપતો ન હતો. સ્વામીએ પાછા આવી શ્રીહરિને પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમને હિંમત આપી, ''દૈત્ય કરતાં હજારગણી શક્તિ તમારામાં છે તો શા માટે બીક રાખો છો ?'' શ્રીહરિના હિંમતભર્યા વચનોથી સ્વામી દૈત્યને હરાવી ભૂમાપુરુષના લોકમાં આવ્યા.

''વળી આજ્ઞા કરી અવિનાશ, જાઓ ભૂમાપુરુષની પાસ;
સમાધિ કરી ત્યાંય સિધાવ્યા, થોડી વાર પછી પાછા આવ્યા.

★[૨] આ હરબાઈ અને વાલબાઈ સ્વામિનારાયણ સંપ્રદાયથી છૂટા પડી ત્રંબા ગામે ગયાં. ત્યાં તેમણે પોતાની ગાદી સ્થાપી. બ્રહ્મજ્ઞાનના નેજા હેઠળ અનેક મુમુક્ષુઓને ભરમાવ્યા. સૂર્ય સમાન શ્રીહરિની સામે ધૂળ ઉડાડનાર આ અહંકારી બાઈઓના પંથનું આજે કોઈ નામોનિશાન રહ્યું નથી. જ્યારે સ્વામિનારાયણ સંપ્રદાય વિશ્વના ફલક પર વિજયપતાકા લહેરાવી રહ્યો છે.

કહ્યું દૈત્ય છે રસ્તા મોઝાર, મોટી કાયા ને માથાં હજાર;
જવા દેતો નથી મને ત્યાંય, માટે શી રીતે મુજથી જવાય ?
કહે હરિકૃષ્ણ નહિ મન હારો, કાયા તેના થકી મોટી ધારો;
જુદ્ધે જીતીને રસ્તે સિધાવો, ભૂમાપુરુષ કને જઈ આવો.''[૨૦]

મનુષ્યમાત્રની જ્યાં ગતિ નથી એવા ભૂમાપુરુષના લોકમાં સ્વામી આવ્યા; તે જોઈ ભૂમાપુરુષ તથા તેમના સર્વે મુક્તો અતિ આશ્ચર્ય પામ્યા. ભૂમાપુરુષને શ્રીહરિના આપેલા વચનની સ્મૃતિ થઈ આવી. શ્રીહરિ જ્યારે વનવિચરણ કરી રહ્યા હતા ત્યારે તેઓએ શ્રીહરિને પોતાના ધામમાં પધારી પોતાને તથા પોતાના મુક્તોને પાવન કરવાનું વચન માગ્યું હતું. તદુપરાંત અક્ષરધામની પ્રાપ્તિ કરાવવાનું વચન માગેલું. ત્યારે શ્રીહરિએ કહ્યું હતું, ''અમો તમારા પર રાજી છીએ. જાઓ, જ્યારે અમે સત્સંગમાં વિચરશું ત્યારે તમારા લોકમાં અમારા મુક્ત મોકલીશું જે જરૂર તમારો ઉદ્ધાર કરશે.''

ભૂમાપુરુષે સ્વામીને કહ્યું, ''આપ પૂર્ણ પુરુષોત્તમનારાયણના મુક્ત જ છો ને ?'' વ્યાપકાનંદ સ્વામીએ કહ્યું, ''હા, અમને શ્રીહરિએ જ તમારા ધામમાં મોકલ્યા છે.''

ભૂમાપુરુષ અત્યંત રાજી થઈ ગયા. પોતાના સિંહાસન પર સ્વામીને બેસાડ્યા. સ્વામીનું વિવિધ ઉપચારોથી પૂજન કર્યું. સ્વામીએ પણ ભૂમાપુરુષ અને તેમના મુક્તોને શ્રીહરિનો અપરંપાર મહિમા કહ્યો. ભૂમાપુરુષ બોલ્યા, ''આજે પૂર્ણ પુરુષોત્તમનારાયણે અમને કૃપાવંત કર્યા !! તેમણે આપેલું વચન પાળ્યું ખરા.''

પછી વ્યાપકાનંદ સ્વામીએ સર્વેને સામે બેસાડી સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરાવ્યું. શ્રીહરિની કૃપાથી સર્વેને અક્ષરધામની પ્રાપ્તિ થઈ. વ્યાપકાનંદ સ્વામીએ સમાધિમાંથી જાગૃત થઈ બધી વાત કરી ત્યારે સભામાં ઉપસ્થિત સંતો-હરિભક્તોને અહોભાવ થયો કે, આવો અદ્‌ભુત પ્રતાપ સર્વોપરી શ્રીહરિ વિના કોણ જણાવી શકે !

## શ્રીહરિની કૃપાએ નરકના કુંડો ખાલી થયા

શ્રીહરિ સભામાં બિરાજ્યા હતા. ત્યારે સત્સંગી ભક્ત ભીમભાઈએ ઊભા થઈ શ્રીહરિને પ્રાર્થના કરી, ''હે દયાળુ ! જ્યારે કોઈ રાજાનો પટ્ટાભિષેક થાય

---

૨૦. શ્રી હરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૬

ત્યારે તેના આનંદમાં એ રાજ્યના કેદીઓને મુક્ત કરી દેવામાં આવે છે. આપ તો દયાળુ રાજાધિરાજ છો. સદ્. રામાનંદ સ્વામીએ આપને જેતપુરને વિષે પટ્ટાભિષેક કરી ધર્મની ગાદી પર બેસાડ્યા છે તો તેના આનંદમાં આ નરકયાતના ભોગવતા જીવો પર કંઈક કૃપા કરો ને...''

શ્રીહરિએ કહ્યું, ''ભીમા ભગત, તમારે નરકના કુંડો જ ખાલી કરાવવા છે ને !''

''હા દયાળુ, છતાં આપની જેમ મરજી હોય તેમ.''

શ્રીહરિએ સભામાં બેઠેલા મુક્તસ્થિતિને પામેલા સદ્. સ્વરૂપાનંદ સ્વામી સામું દૃષ્ટિ કરી. શ્રીહરિની અનુવૃત્તિ જાણી સ્વામી તુરત ઊભા થઈ ગયા. શ્રીહરિએ કહ્યું, ''તમો યમપુરીમાં જાઓ. ત્યાં ધર્મરાજાને કહો કે, શ્રીહરિની ઇચ્છા છે સર્વે યમયાતના ભોગવતા જીવોને છોડી મૂકે. એ સર્વેને તમો સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરાવી ભૂમાપુરુષનું ધામ પમાડો.''

શ્રીહરિનું પૂર્વાપર આયોજન કેવું ? આ યમયાતના ભોગવતા જીવોને ભૂમાપુરુષનું ધામ આપતા પૂર્વે એ ધામના મુક્તો અને ધામના પતિને કેવળ ફદલમાં ફવડાવી પોતાના ધામની પ્રાપ્તિ કરાવી તેમનું ધામ ખાલી કરાવી દીધું.

શ્રીહરિની ઇચ્છાથી સદ્. સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાં યમપુરીમાં ગયા. ત્યાં યમયાતના ભોગવતા જીવોને જોઈ સ્વામીનું હૃદય દ્રવી ઊઠ્યું. સ્વામીએ તુરત જ સ્વામિનારાયણ મહામંત્રનો ઉદ્‌ઘોષ શરૂ કર્યો. ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ મહામંત્રના ગુંજારવથી યમરાજા, યમના દૂતો તેઓનાં દર્શને દોડી આવ્યા.

યમરાજાએ પૂછ્યું, ''હે યોગી ! તમે કોણ છો ? અહીં કેમ પધાર્યા છો ?'' ત્યારે તેઓને સ્વામીએ કહ્યું, ''અમો શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. વર્તમાનકાળે અનંત જીવોનાં આત્યંતિક કલ્યાણ હેતુક પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પૃથ્વી પર પ્રગટ થયા છે. તેઓશ્રીની આજ્ઞાથી અમો અહીં આવ્યા છીએ. તેઓની આજ્ઞા છે કે આ યમયાતના ભોગવતા અનંત જીવોને અહીંથી મુક્ત કરી ભૂમાપુરુષના લોકમાં મોકલવા. આપ તેમાં સંમત છો ?''

યમરાજાએ કહ્યું, ''જેમ પ્રભુની મરજી હોય તેમ જ અમારે કરવાનું હોય.''

પછી તો શ્રીહરિની મૂર્તિ ધારી સદ્. સ્વરૂપાનંદ સ્વામીએ દરેક કુંડ પાસે જઈ ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ મહામંત્રનો ઉદ્‌ઘોષ કરવાનું શરૂ કર્યું. સ્વામિનારાયણ મહામંત્રની ભણક નારકી જીવોના કાને પડતાં તેમની પીડા શમી જતી હતી. નરકમાં હોવા છતાં મહામંત્રના પ્રતાપે સર્વેને અલૌકિક અનુભૂતિ થતી હતી.

સ્વામીની સાથે તે જીવો પણ સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવા લાગ્યા. થોડી વારમાં તો નારકી જીવો નરકના કુંડોમાંથી ઊઠી ઊઠી ભૂમાપુરુષના લોક તરફ પ્રયાણ કરવા લાગ્યા. યમરાજા તથા યમના દૂતો આ બધું આશ્ચર્યવત્ જોઈ રહ્યા. સ્વામીએ સર્વે નરકના કુંડો ખાલી થયા ત્યાં સુધી મહામંત્રનો ઘોષ કર્યો. પછી શ્રીહરિની ઇચ્છાથી સ્વામી સમાધિમાંથી જાગ્યા.

સભામાં બેઠેલા સર્વે સંતો-ભક્તો સ્વામીની યમપુરીની યાત્રા સાંભળવા તત્પર હતા. સ્વામીએ શ્રીહરિ તથા સર્વે સભાજનોને યમપુરીનું તથા ત્યાંના જીવો કેવી રીતે યાતના ભોગવે છે તેનું યથાર્થ વર્ણન કર્યું. દયાળુમૂર્તિ શ્રીહરિએ સૌને કહ્યું, “અમારું આ બ્રહ્માંડને વિષે આવવાનું પ્રયોજન એટલું જ છે કે અમારે પાત્ર-કુપાત્ર સર્વેનો ઉદ્ધાર કરી તેમનું આત્યંતિક કલ્યાણ કરવું છે.”

“વળી બોલિયા જગદાધાર, અમારે ધરી આ અવતાર;
જીવ ઉદ્ધારવા છે અનંત, હોય પાપી તથા પુણ્યવંત.
મારે સંકલ્પે ઉદ્ધરે સહુ, કાયા ધરવાનું કારણ કહું;
ભક્તજનને ભલાં સુખ દેવા, ઇચ્છા કીધી મેં અવતાર લેવા.”[૨૧]

પછી શ્રીહરિએ રાજીપા રૂપે સ્વામીને છાતીમાં પોતાનાં પ્રસાદીરૂપ ચરણારવિંદ આપ્યાં. આમ, દયાળુમૂર્તિ શ્રીહરિએ ક્રૂર, ઘાતકી, પાપી, અધર્મી જેનો કદી યમપુરીમાંથી છુટકારો ન થાય તેવા જીવો પર પણ કરુણા વાપરી ફદલમાં તેમનું યમપુરીનું દુઃખ ટાળ્યું. જે શ્રીહરિની જીવ જીવ પ્રત્યે રહેલી અપાર દયાનું પ્રતીક હતું.

---

**૨૧.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૬

# ૪

# શ્રીહરિનું સોરઠ વિચરણ

**(આ.સં. - ૧૮૫૯, ઈ.સ. ૧૮૦૩)**

## શ્રીહરિ અગત્રાઈમાં

કાલવાણીના ભક્તોને સુખ પમાડી શ્રીહરિ અગત્રાઈ પધાર્યા. અગત્રાઈમાં શ્રીહરિનો ઉતારો મુક્તરાજ પર્વતભાઈના ઘરે હતો. પર્વતભાઈને આનંદનો પાર ન હતો.

શ્રીહરિ જ્યાં પધારતા ત્યાં આપમેળે સમૈયો થઈ જતો અને જેમના ઘરે ઉતારો હોય તેમના ઘરે તો જાણે મોટો પ્રસંગ જ જોઈ લ્યો. એક દિવસ શ્રીહરિ સંતો-હરિભક્તોની સભા ભરી બિરાજમાન હતા. શ્રીહરિની સભામાં ભીમભાઈ બેઠા હતા. શ્રીહરિ સ્વયંના પુરુષોત્તમપણાનો મહિમા પરોક્ષપણે કહેતા હતા. ભીમભાઈ આ વાતો સાંભળી ખૂબ મહિમાસભર થઈ ગયા.

સભા પૂર્ણ થયા બાદ ભીમભાઈ ખેતરે ગયા. ખેતરના એક શેઢામાંથી ઘણી કીડીઓ બહાર નીકળી. એ બધાને જોઈ ભીમભાઈને અંતરમાં દયા ઊપજી. તેઓને થયું, ‘આ બધા જીવોનો મોક્ષ ક્યારે થશે ? જો મારામાં સામર્થ્ય હોત તો બધી કીડીઓને વિમાનમાં બેસાડી ધામમાં પહોંચાડું.’ ભીમભાઈ સંકલ્પ કરે છે ત્યાં જ આકાશમાંથી અનંત વિમાનો તેમના ખેતરમાં ઊતર્યાં. કીડીઓ દિવ્ય દેહ ધરી એક એક વિમાનમાં એક એક કીડી બેસી ધામને વિષે જવા લાગી. ભીમભાઈ તો આ બધું જોતાં આશ્ચર્યચકિત થઈ ગયા.

"પછી પ્રભુપદ કરીને પ્રણામ, ગયા ખેતરે કરવાને કામ;
ત્યાં તો અવની થકી એક ઠાર, લાખો કીડિયો નીકળી બહાર.
તેને દેખી દયા દિલે ધારી, કર્યો સંકલ્પ હરિકૃષ્ણ સંભારી;
અહો ભક્તિતનુજ ભગવાન, દીનબંધુ દયાના નિધાન.
આવા પ્રાણીની શી ગતિ થાશે ? વળી વૈકુંઠમાં ક્યારે જાશે ?
કશું સામર્થ્ય જો હોય મારું, બધિયોને વિમાને બેસારું.
સૌને વૈકુંઠમાંહી વસાવું, એનું સંકટ સર્વ નસાવું;
એવો ચિત્તમાં કીધો વિચાર, ત્યાં તો આવ્યાં વિમાન અપાર.
કીડીયોએ તજી નિજ કાયા, દિવ્ય દેહ તે સૌના દેખાયા;
રૂડાં દિસે ચતુર્ભુજ રૂપ, બેઠા વિમાનમાં સુખરૂપ,
વસ્યા જૈને તે વૈકુંઠ વાસ, ભીમભાઈ આવ્યા પ્રભુ પાસ."[૨૨]

ભીમભાઈ ખેતરેથી સીધા શ્રીહરિ પાસે આવ્યા. શ્રીહરિને ખેતરમાં બનેલી સર્વે ઘટના કહી. શ્રીહરિએ કહ્યું, "ભક્તરાજ, અવતાર અને અવતારીમાં આટલો ભેદ છે. જ્યારે ભગવાનના અવતાર આ પૃથ્વીને વિષે પધારે ત્યારે માત્ર તેમના આશ્રિત ભક્તો જ ભવપાર થાય છે. જ્યારે અવતારી પુરુષોત્તમનારાયણ પધારે ત્યારે તેમના આશ્રિતોના પણ જીવોના મોક્ષ માટેના સંકલ્પ સાકાર થાય છે."

"તેના સેવક સંકલ્પ કરે, એથી પણ બહુ જીવ ઉદ્ધરે;
અવતાર અને અવતારી, એની એટલી રીત છે ન્યારી."[૨૩]

અગત્રાઈમાં ભક્તોને સુખ પમાડી શ્રીહરિ આખા-પીપલાણા થઈ માણાવદર પધાર્યા.

## ગુરુની સ્મૃતિ કરતાં ગદ્ગદભાવ

ભક્તોના આત્મિક શ્રેય કાજે સતત વિચરણ કરતાં શ્રીહરિ માણાવદર મયારામ ભટ્ટના ઘરે પધાર્યા. મયારામ ભટ્ટના અંતરમાં અનેરો આનંદ હતો. કારણ, સદ્. રામાનંદ સ્વામીએ સદ્. મુક્તાનંદ સ્વામી દ્વારા તેઓને શ્રીહરિના સ્વરૂપનો પાકો નિશ્ચય કરાવી દીધો હતો.

એક સમયે શ્રીહરિએ મયારામ ભટ્ટને કહ્યું, "ભટ્ટજી ! રામાનંદ સ્વામી અહીં માણાવદરમાં ઘણું પધારતા. તમે પણ સ્વામીની સાથે ઘણું રહ્યા છો. અમને

---

**૨૨, ૨૩.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૬

સ્વામીના વખતના પ્રસંગોની વાતો કરો તો સ્વામીની સ્મૃતિ તાજી થાય.''

શ્રીહરિ સ્વયં પરભાવી સ્વરૂપ હતા. સદ્. રામાનંદ સ્વામી જેવા અનંત મુક્તોના સ્વામી હોવા છતાં અવરભાવમાં શિષ્યને ગુરુ પ્રતિ કેવો દિવ્યભાવ હોવો જોઈએ ?? તે રીતનાં દર્શન શ્રીહરિ સ્વયંના જીવન દ્વારા ઘણી વખત કરાવતા. શ્રીહરિની વાત સાંભળી મયારામ ભટ્ટનું મુખ મલકાયું. તેમણે કહ્યું, ''મહારાજ ! સ્વામીએ તો મને બહુ સુખિયો કરી દીધો.

મહારાજ, હું પ્રભુઈચ્છાથી જ નાની ઉંમરમાં ઘરભંગ થયેલો. સગાંસંબંધીઓ મને ફરીથી પરણાવવા આગ્રહ કરવા લાગ્યા. મને વિચાર થયો કે હું સદ્. રામાનંદ સ્વામીની આજ્ઞા લઈ આવું. સ્વામી લોજમાં બિરાજતા હતા. ત્યાં હું પહોંચ્યો. સ્વામી સભામાં વાતો કરી રહ્યા હતા એટલે હું પાછળથી જ દંડવત કરી સભામાં બેસી ગયો.

સદ્. રામાનંદ સ્વામી અંતર્યામીપણે મારો સંકલ્પ જાણી કથાવાર્તામાં બોલ્યા, 'અમારી તો રુચિ એવી છે કે કોઈ મુમુક્ષુ હોય જેને ભગવાન જ ભજવા હોય તે પોતાના લગ્નપ્રસંગે ત્રણ ફેરા ફર્યો હોય છતાં મને પૂછવા આવે તો હું ચોથો ફેરો ફરવા જ ન દઉં.' મને તરત થયું કે, 'મારા ગુરુની આવી રુચિ છે તો હવે મારે ફરીથી આ બાબતે પૂછવાનું રહેતું જ નથી.'

પછી બે દિવસ સ્વામીની વાતો સાંભળી જીવનભર બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લઈ હું માણાવદર આવ્યો.

ગુરુના સાંનિધ્યમાં તો બળ વર્તતું પણ ઘરે તો સાંસારિક વાતાવરણ. સંકલ્પ-વિકલ્પના બળ સામે મારું બ્રહ્મચર્ય પાળવાનું બળ ઢીલું પડી જતું. એક વખત ગુરુ રામાનંદ સ્વામી માણાવદર પધાર્યા. શ્રાવણ સુદ પૂર્ણિમા એટલે બળેવનો દિવસ. અમે ભૂદેવો આખા ગામમાં બધાને રાખડી બાંધવા જઈએ. એ દિવસે મેં સ્વામીને પણ રાખડી બાંધી. સ્વામીએ કહ્યું, 'ભટ્ટજી, તમે રાખડી બાંધી; બદલામાં અમારે તમને દક્ષિણા આપવી પડે.' તરત જ મારાથી સ્વામીને પ્રાર્થના થઈ ગઈ, 'ગુરુદેવ, આપની દક્ષિણા બધા જેવી ના હોય. જો આપ મુજ પર રાજી હોવ તો મને સંસારની વાસનાથી મુક્ત કરી આપના જેવો નિર્દોષ અને નિર્વાસનિક કરી દો.'

સ્વામી પ્રાર્થના સાંભળી અત્યંત રાજી થયા. મને ભેટી પડ્યા અને બોલ્યા, 'મયારામ, જાઓ આજથી આ રામાનંદમાં વાસના હોય તો તમારામાં હોય.'

બસ, ગુરુજીના એ દિવસના આશીર્વાદથી મારા અંતરની મલિન વાસનાઓ નિર્મૂળ થઈ ગઈ અને અંતરમાં પરમ શાંતિ સ્થપાઈ ગઈ.''★૩

શ્રીહરિ મયારામ ભટ્ટના મુખેથી વહેતી સદ્. રામાનંદ સ્વામીના મહિમાની વાતો સાંભળી રહ્યા હતા. સાંભળતાં સાંભળતાં શ્રીહરિ વારંવાર ગદ્ગદિત થઈ જતા. જે તેઓનો સદ્. રામાનંદ સ્વામી પ્રત્યેનો મહિમા અને અપ્રતિમ પ્રીતિનું માપદંડ હતું.

## આલશી ઘાંચીને નિશ્ચય

સંવત ૧૮૫૩માં એક સમે સદ્. રામાનંદ સ્વામી સભામાં બિરાજ્યા હતા. તે વખતે શામજી જાટકિયાએ સ્વામીને પ્રશ્ન પૂછ્યો, ''સ્વામી, તમારા ઉપર કોઈ મોટા છે ?'' ત્યારે સ્વામી બોલ્યા, ''હા, અમે તો ડુગડુગી વગાડનારા છીએ. ખરા ખેલના ભજવનારા તો વનમાંથી ચાલ્યા આવે છે, તે આવશે ત્યારે તમને દર્શન કરાવીશું.''

ત્યારે શામજીએ પૂછ્યું, ''હે સ્વામી ! એ કેવું સામર્થ્ય જણાવશે ?'' ત્યારે સ્વામીએ કહ્યું, ''તે સહજાનંદ સ્વામીના નામથી પ્રગટ થાશે ત્યારે પોતાના પ્રૌઢ પ્રતાપે પાંચસો પરમહંસ કરશે. ધર્મ-મર્યાદાની સુદૃઢ પાળ બાંધશે તથા કાઠીના ઘોડા ભેગા ચાલશે. અનંત આશ્ચર્યનાં દર્શન કરાવશે, જે તમે કદી દીઠાં ન હોય.''

તરત આલશી ઘાંચી ઉતાવળે ઊભા થઈ બોલ્યા, ''તે અમારે તેમને કેવી રીતે ઓળખવા ?'' સ્વામીએ કહ્યું, ''અમે તમને એક કીર્તન શીખવીએ. તેનો અર્થ તમે એમને પૂછજો. જો તે અમારા જેવો અર્થ કરે ને તમને બરોબર સમજાય ત્યારે તમે એમને ભગવાન માનજો.'' એમ કહી સ્વામીએ તેમને કીર્તન શીખવ્યું. આલશી ઘાંચીએ આ વાત બરાબર યાદ રાખી.

શ્રીહરિ સંવત ૧૮૫૯માં માણાવદર પધાર્યા ત્યારે મયારામ ભટ્ટના ચોકમાં વિશાળ સભા કરી બિરાજ્યા હતા. તે વખતે આલશી ઘાંચી આવી શ્રીહરિને પ્રણામ કરી બોલ્યા, ''મહારાજ, તમો ભગવાન છો ?'' ત્યારે શ્રીહરિએ કહ્યું, ''સૌ અમને એ જ રીતે ભજે છે.'' ત્યારે આલશી ભક્તે કહ્યું, ''જો હું એક કીર્તન

---

★૩ હરિચરિત્ર ચિંતામણિમાં આ જ પ્રસંગ જુદી રીતે વર્ણવાયો છે પણ અહીં આપણે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જે રીતે પ્રસંગ વર્ણવે છે અને આદર્શ ભક્તગાથામાં જે મુજબ છે તે રીતે વર્ણવ્યો છે.

બોલું તેનો અર્થ કરો. રામાનંદ સ્વામી કરતા તેમ જ; તો હું તમને ભગવાન માનું.'' શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું, ''તમારા કીર્તનના અર્થ કરવા-ન કરવાથી અમારું પ્રભુપદ જવાનું નથી. છતાં તમે કીર્તન બોલો.'' આલશી ભક્ત કીર્તનનું પ્રથમ ચરણ બોલ્યા. શ્રીહરિએ તે જ વખતે તેનો યથાર્થ ઉત્તર કર્યો. બીજે દિવસે બીજા ચરણનો ઉત્તર કર્યો. આલશી ભક્તને થયું, 'રામાનંદ સ્વામી જેવા ઉત્તર કરતા હતા તેવા બરાબર અદલ અર્થ સહજાનંદ સ્વામીએ કર્યા. ખરેખર સ્વામી કહેતા હતા તેમ આ સહજાનંદ સ્વામી ખરેખરા ભગવાન છે.' પણ પોતાના અંતરમાંથી હજુ સદ્. રામાનંદ સ્વામીની પ્રતીતિ ટળતી ન હતી. તેમણે કહ્યું, ''આજે તમે અર્ધા ભગવાન તો થયા.'' શ્રીહરિએ કહ્યું, ''ભગત, તમારા માનવા-ન માનવાથી અમે ભગવાન મટી જવાના નથી. અમે તમારા જેવા અનંત હરિભક્તો કરીશું. ખોટ તમને છે, અમને નહીં.''

શ્રીહરિએ ત્રીજે દિવસે કેવળ કૃપા કરી આલશી ભક્તને સ્વામીએ શીખવેલું આખું કીર્તન બોલવાની આજ્ઞા કરી. ભગત આખું કીર્તન બોલી ગયા. શ્રીહરિએ કીર્તનના બરાબર અર્થ કરી દીધા.

આલશી ભક્તને પસ્તાવો થયો, 'મને નિશ્ચય કરાવવા મહારાજે બે વખત દાખડો કર્યો. હવે મારે સદ્. રામાનંદ સ્વામીનું માની લેવું જોઈએ. આ સહજાનંદ સ્વામી જ ખરા ભગવાન છે. સદ્. રામાનંદ સ્વામી કરતાં પણ મોટા છે. આવો દૃઢપણે નિશ્ચય કરી લેવો જોઈએ.' તેઓએ ભરસભામાં ઊભા થઈ. શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. શ્રીહરિ પાસેથી વર્તમાન ધારી પોતાના અપરાધની માફી માગી. શ્રીહરિ આલશી ભક્ત પર રાજી થઈ ગયા. આમ, શ્રીહરિનો નિશ્ચય પામી આલશી ભક્ત કૃતાર્થ બન્યા.

## મોજડી પળોટી રાજાને સત્સંગી કર્યા

એક વખત માણાવદરના પ્રેમીભક્તોએ શ્રીહરિ કાજે નવી મોજડીઓ સિવડાવી. હરિભક્તોના પ્રેમને વશ થઈ શ્રીહરિએ મોજડીઓ પહેરી પણ નવી મોજડી હોવાથી ચરણમાં ખૂંચતી હતી.

બીજે દિવસે શ્રીહરિ પ્રભાત થયા પૂર્વે જાગી ગયા. ચરણમાં નવી મોજડી પહેરી રાજા ગજેફરખાનના રાજમહેલના ચોકમાં ફરતા હતા. મોજડીના અવાજથી રાજા-રાણી બંને જાગી ગયાં. બંને ઝરૂખામાંથી શ્રીહરિનાં દર્શન કરતાં હતાં.

બંનેને થયું, 'શ્રીહરિની દરેક ક્રિયામાં કોઈક હેતુ સમાયેલો હોય છે. ભગવાન ને મોટા સંત અમથું કંઈ ન કરે.' રાજાએ ઝરૂખામાંથી શ્રીહરિને પૂછ્યું, ‘‘મહારાજ, આટલા વહેલા ઊઠી આપ શું કરો છો ?'' શ્રીહરિએ કહ્યું, ‘‘તમે બધા રાજાઓ જેમ ઘોડા પળોટો (ઘડતર કરવું, આયોજનબદ્ધ તાલીમ આપવી) તેમ અમે મોજડી પળોટીએ છીએ.'' શ્રીહરિની વાત સાંભળતાં જ બંનેને સમાધિ થઈ ગઈ. સમાધિમાં શ્રીહરિ દિવ્ય તેજપુંજ મધ્યે સિંહાસન પર બિરાજ્યા હતા. અનંત મુક્ત મંડળથી વીંટાણા થકા શ્રીહરિની પરમ સૌમ્યમૂર્તિમાં બંને તદાકાર થઈ ગયાં. થોડી વારે શ્રીહરિએ ચોકમાંથી ચપટી વગાડી બંનેને જાગૃત કર્યાં. હર્ષનાં આંસુ સાથે ગજેફરખાન મેડીએથી ઊતરી શ્રીહરિના ચરણમાં ઢળી પડ્યા, ‘‘હે મહારાજ, દયાળુ, આપ સાક્ષાત્ ખુદા છો ! મનુષ્યભાવમાં અટવાઈ જઈ અમે આપને ઓળખી શક્યા નથી માટે અમોને માફ કરજો. દયાળુ, આપે જેમ માંગરોળના રાજા વજરુદ્દીનને આપના આશ્રિત કર્યા એમ આજે મને અને મારી બેગમને (રાણીને) પણ આપના શરણે લઈ આપના આશ્રિત કરો દયાળુ. શ્રીહરિએ બંનેને વર્તમાન ધરાવી કંઠી બાંધી સત્સંગી કર્યાં.

‘‘ત્યાં ભટ્ટજીનું વિશાળ ભુવન, કર્યો ઉતારો શ્રી ભગવાન;
હરિભક્તોએ હેતે કરીને, રોકી રાખ્યા છે ત્યાં હરિને.
સ્નેહે સેવા કરે દિન રાત, તેહ સમાની સુણાવું વાત;
ત્યાંના હરિભક્તે હેત લાવી, નવી મોજડીઓ સિવડાવી.
પ્રભુજીને પેરાવી છે પ્રીતે, શિષ્ય સાંભળજે એક ચિત્તે;
વાલો ઊઠતા અંધારામાંય, પહેરે નવી મોજડિયું પાય.
રાજમહેલનો ચોક વિશાળ, દાડી ઊઠીને ફરે દયાળ;
શ્રીહરિની હરેક ક્રિયાય, નવ હોય નિષ્ફળ જરાય.
સૂરમુનિથી ન સમજાય, તેહ સુણાવું સંક્ષેપમાંય;
ચમ ચમ થાતું ચોકમાંથી, રાજા રાણી જુવે ગોખમાંથી.
એણે પૂછ્યું કરીને પ્રણામ, વેલા ઊઠી શું કરો છો આમ;
હસી બોલ્યા હરિવર આવું, નવી મોજડી હું પળોટાવું.
તમો ઘોડા પળોટો છો જેમ, અમો મોજડી પળોટું એમ;
એમ મર્મની સાંભળી વાણી, પામ્યા વિસ્મય રાજા ને રાણી.''[૨૪]

---

**૨૪.** શ્રી પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા : ગુચ્છ-૫, પુષ્પ-૧૦

## શ્રીહરિનાં દર્શને બાંટવાના નવાબ બુલેખાં

શ્રીહરિ સભામાં બિરાજ્યા હતા ત્યારે શ્રીહરિના સમાધિ પ્રકરણની ચોમેર પ્રસિદ્ધિ સાંભળી માણાવદરના નવાબ ગજેફરખાનના પરમમિત્ર બાંટવાના નવાબ બુલેખાં માણાવદર આવ્યા.

શ્રીહરિએ અંતર્યામીપણે નવાબ બુલેખાંના સંકલ્પ જાણી તેઓના ધર્મગ્રંથની આયાતો બોલી સંભળાવી. નવાબ બુલેખાંને આ સાંભળી આશ્ચર્ય થયું કે, 'સહજાનંદ સ્વામીએ જીવનમાં કદી અમારો ધર્મગ્રંથ ખોલીને વાંચ્યો નહિ હોય છતાં કેટલી ચોકસાઈપૂર્વક તેઓ આયાતો બોલી ગયા ! આ ખુદાનું જ કામ હોય.'

નવાબ બુલેખાંને શ્રીહરિ દ્વારા થતી સમાધિ જોવાની ખૂબ ઇચ્છા હતી. શ્રીહરિએ મૂળજી ભક્ત તથા શેખજી ભક્તને સમાધિ કરાવી. બંને સમાધિમાં હતા ત્યારે શ્રીહરિએ સળગતા લાલ અંગારા મંગાવ્યા. અંગારા મૂળજી ભક્તના પગ પર મૂક્યા છતાં તેમણે પગ પાછા ખેંચ્યા નહીં. બુલેખાંએ જોયું તો બંનેમાંથી કોઈનાં શ્વાસ કે નાડી ચાલતાં હતાં પણ છતાં શબવત્ સ્થિતિમાં બંને સૂતા હતા. થોડી વાર પછી શ્રીહરિએ બંનેને જાગૃત કર્યા. મૂળજી ભક્તે પોતાને સમાધિમાં થયેલ દિવ્ય અનુભવની વાત કરી.

આ બધું જોઈ નવાબ બુલેખાંને શ્રીહરિ પ્રતિ ખરો ભાવ પ્રગટ્યો. તેઓ બોલ્યા, "આપ સૌને જે સમાધિ કરાવો છો તે અદ્દલ સાચી છે. આપ અધર્મનો ઉચ્છેદ કરી ધર્મનું સ્થાપન કરી રહ્યા છો. ધર્મમાં મુખ્ય બાબત અહિંસા અને નિષ્કામીપણું છે જેની આપ વારંવાર વાત કરી રહ્યા છો. જ્યાં ધર્મ હોય છે ત્યાં મોક્ષ છે. હે સહજાનંદ સ્વામી, સમુદ્ર ઉપર પાળ બાંધે એવો કોઈ હોઈ શકે. આકાશે ચઢવાના ઉપાય કોઈ કરી શકે પણ ધર્મની પાળ બાંધી તેના પર ચલાવનારા સમર્થ આપ સિવાય મેં કોઈને દેખ્યા નથી. હું આપને પ્રાર્થું છું કે આપ ધર્મની પાળ એવી બાંધો કે યુગો જવા છતાં તૂટે નહીં. મને તો એ જ અહોભાવ થાય છે કે આપનું વર્તમાન સમયે વિચરણ થઈ રહ્યું છે તેવી આ ભૂમિ અપાર કૃપાવંત છે."

આમ, નવાબ બુલેખાંએ શ્રીહરિનો અપાર મહિમા વર્ણવ્યો. શ્રીહરિ પણ તેઓને તટસ્થ મુમુક્ષુ જાણી અત્યંત પ્રસન્ન થયા.

## અમે તો ધર્મપુરમાં રહીએ છીએ

શ્રીહરિ માણાવદરમાં અનંત મુમુક્ષુને મૂર્તિસુખનો રાહ ચીંધી મેઘપુર પધાર્યા. અહીંથી શ્રીહરિ પોતાના ગાદીસ્થાન એવા જેતપુર પધાર્યા. શ્રીહરિનું સ્વાગત કરવા જેતપુરના ભક્તો વામન ભટ્ટ, અજરામર, જેરામ, જીવનભાઈ, ભગવાનભાઈ, ડુંગરભાઈ, ભાણોભાઈ, માવજીભાઈ, ઠાકરશીભાઈ, આંબાભાઈ અને બાઈ હરિભક્તો સામે આવ્યાં. સહુ હરિભક્તોએ શ્રીહરિને પૂજન-અર્ચન કરી ભાવથી વધાવ્યા. શ્રીહરિ ઉન્નડખાચરના દરબારમાં પધાર્યા.

શ્રીહરિ સંતોને સાથે લઈ જેતપુરની ભાદર નદીએ સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરી શ્રીહરિ શ્યામ પથ્થરના એક મોટા ખડક પર બિરાજ્યા. પથ્થરની ઊંચાઈ એટલી હતી કે ત્યાંથી બેઠા થકા સમગ્ર જેતપુર શહેર તથા નદીનો વિશાળ પટ સહેજે દેખાતો હતો.

શ્રીહરિ સહુને કહેવા લાગ્યા, “નદીને કિનારે જે પુર (શહેર) હોય તેની શોભા સહુથી અધિક દીપે છે. તે અમને સહુથી વધારે ગમે છે. અમે તે પુરમાં બે દિવસ વધારે રહીએ છીએ. નદીકિનારાની ઝાડી જોઈને તો વધુ દિવસ રહેવાય છે. નદીકિનારે ધ્યાન કરવામાં ઘણો આનંદ થાય છે. ધ્યાનસાધક યોગીઓ માટે આ સ્થાન ઘણું સુખદાયક નીવડે.”

શ્રીહરિનો એકાંત સેવન તથા ધ્યાનનો અંતર્ગત અભિપ્રાય આ રીતે પ્રસંગોપાત્ત ઝળકી ઊઠતો. શ્રીહરિ વાતો કરતા હતા ત્યારે જેતપુરના ગામધણીના ભાઈઓ જૈતાભાઈ વાળા તથા મૂળુભાઈ વાળા શ્રીહરિનાં દર્શને આવ્યા. શ્રીહરિના ચરણે શ્રીફળનો થાળ ધરી બંને ભાઈઓ બોલી ઊઠ્યા, “મહારાજ, આજે અમારા પર બહુ મોટી અહોકૃપા કે અમને આપનાં દર્શન થયાં. અમારાં કુકર્મો એવાં છે કે અમને તો આપનાં દર્શન ક્યારેય ન થાય પણ આજે આપનું નામ ‘અધમ ઉદ્ધારક’ સાર્થક થયું. દયાળુ, અમારા અંતરમાં ઘણા દિવસથી આપનાં દર્શનની અભિલાષા હતી તે આજે પૂર્ણ થઈ. હવે આપ અહીંથી વાજતે-ગાજતે પુરમાં પધારો.”

શ્રીહરિ બંને ભાઈઓની પ્રાર્થના સ્વીકારી ભવ્ય સવારી સાથે જેતપુરની બજારોમાં થઈ ગામધણીના દરબારમાં પધાર્યા. પૂર્વેથી ગામધણીએ સંતો પાસે રસોઈ કરાવી દીધેલી. શ્રીહરિ દરબારમાં પધાર્યા ત્યારે ખૂબ ભાવપૂર્વક જૈતાભાઈએ તથા મૂળુભાઈએ પધરામણી કરાવી. બંનેની પ્રાર્થનાથી શ્રીહરિએ થાળ જમાડ્યા.

દરબારે શ્રીહરિને પોતાના દરબારમાં પોતાની રાજખુરશી પર બિરાજમાન કર્યા. પોતે ઘૂંટણિયાંભેર શ્રીહરિ આગળ પ્રાર્થના કરવા લાગ્યા, "હે હરે, આ જેતપુર આપની ગાદીનું સ્થાન છે. રામાનંદ સ્વામી પણ આ સ્થાને બહુ પધારતા. તો આપે આ સ્થાનને ક્યારેય ખાલી ન મૂકવું જોઈએ. દર વર્ષે એક વાર તો આપે અહીંયાં સામે ચાલીને આવવું જ જોઈએ." શ્રીહરિ દરબારની પ્રાર્થના સાંભળી રાજી થયા. પછી પોતાની રુચિ વ્યક્ત કરતાં તેઓને સ્પષ્ટપણે કહ્યું, "તમે બધા રજોગુણી ગણાઓ. અમે સાધુ અને તમે રાજા એટલે અમારું અને તમારું તાન (ઈશક, હેતુ) મળે નહીં. તાન ન મળે ત્યાં સુધી સાથે રહેવા છતાં સુખ વર્તે નહીં. અમારા પુરનું નામ 'ધર્મપુર' છે. ધર્મની ગાદીથી અમે દૂર ન થઈએ. દૃઢ નિયમ એ ધર્મપુરનો મોટો કોટ (કિલ્લો) છે. જેના પાયા પાતાળ સુધી ઊંડા છે. અમે નિયમરૂપી કિલ્લાથી અમારા ધર્મપુરની રક્ષા વધારી છે. સત્સંગરૂપી દેશમાં અમો રાજ્ય કરીએ છીએ. બધા સત્સંગીઓ કલ્પવૃક્ષ સમાન છે. અમારા દેશમાં ભક્તની જાતિ ઉત્તમ છે. એ વિનાના અમે સર્વેને નિમ્ન જાતિના જાણીએ.

બસ અમારો એક જ ઈશક છે કે ધર્મરૂપી પુરમાં રહેનારને મોક્ષ માર્ગે ચલાવવા. જે ધર્મની પાળ લોપશે તેના માથે નિશ્ચય યમપુરી છે."

શ્રીહરિ આ રીતે સ્પષ્ટ રુચિ જણાવતા હતા. તે જોઈ સર્વે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. શ્રીહરિ સર્વેના મનોભાવ કળી ગયા અને બોલ્યા, "તમે બધા અંતરદૃષ્ટિ કરીને વિચારી જોશો તો જણાશે કે ખરેખર જીવને ભય તો પોતાના દેહથી જ છે. એટલા માટે અમે તમને સાચી વાત કહીએ છીએ. તમે અમને પોતાના જીવના મોક્ષ માટે જમાડ્યા છે. એટલા માટે અમે તમને મોક્ષની વાત સમજાવીએ છીએ."

આ રીતે શ્રીહરિએ દરબારીને મિષે સર્વેને ધર્મ પાળવા અંગે સ્પષ્ટ રુચિનાં દર્શન કરાવ્યાં. કારણ, પોતાના પ્રાગટ્યના હેતુ જે સ્વરૂપની નિષ્ઠા અને અનાદિમુક્તની સ્થિતિ માટે ધર્મ-મર્યાદાઓમાં વર્તવું તે પાયારૂપ બાબત છે.

## અમદાવાદથી ભાઈરામદાસનો પત્ર

શ્રીહરિ ઉન્નડખાચરના દરબારમાં બિરાજતા હતા. તે સમે અમદાવાદથી ગણપતરામ વિપ્ર પત્ર લઈ આવ્યા. તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી વિપ્રએ ભાઈરામદાસે સ્વહસ્તે બનાવેલા સાકરના પેંડા તથા એક પત્ર શ્રીહરિના ચરણોમાં ધર્યા.

શ્રીહરિ પત્ર વાંચતાં વાંચતાં મુખ આડો રૂમાલ દઈ ખૂબ હસવા લાગ્યા. સદ્. મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું, ''મહારાજ, પત્રમાં એવી કઈ બાબત લખી છે જેનાથી આપ આટલું હાસ્ય રેલાવો છો ?'' ત્યારે શ્રીહરિએ કહ્યું, ''અમદાવાદમાં સત્સંગમાં થોડો ઉત્પાત થયો છે. તમારા મોટા ગુરુભાઈ રઘુનાથદાસ સૌને કહેતા ફરે છે કે, 'રામાનંદ સ્વામીએ મને ગાદીનો વારસો સોંપ્યો છે, મુક્તાનંદ સ્વામીથી પણ હું મોટો છું, મેં રામાનંદ સ્વામીની સેવા બહુ કરી છે. સ્વામીનો લાભ લઈ, સ્વામી જોડે બહુ રહ્યો છું. સ્વામીએ મને બત્રીસ પ્રકારની બ્રહ્મવિદ્યા તથા ષટ્ચક્રના ભેદનું જ્ઞાન આપ્યું છે. જીવનો મોક્ષ કરવાની રીત મને સ્વામીએ બતાવી છે. સ્વામી મારામાં જ રહે છે. હું નથી બોલતો, સ્વામી જ મારામાં રહીને બોલે છે. સત્સંગનું હિત કરવા સ્વામી મારામાં અખંડ રહ્યા છે. માટે હવે કોઈ હરિભક્તે સ્વામીનો શોક કરવો નહીં.'

રઘુનાથદાસ પહેલાં વિસનગર જઈને આવી વાતો કરવા લાગ્યો. તે સાંભળી સત્સંગીઓએ તેને સાક્ષાત્ વિમુખ જાણ્યો. પછી એ વડનગર ગયો ત્યાં પણ સૌએ વિમુખ જાણી રજા આપી દીધી. અમદાવાદના ભોળા ભક્તો રઘુનાથદાસની વાતમાં લેવાવા માંડ્યા. ભાઈરામદાસ સ્વામી લખે છે કે, આ રઘુનાથદાસ મને એવું કહે છે, 'બાપુ ! તમે મારી સેવા કરો. તમે ને હું આપણે બંને એક થઈને આખા સત્સંગને સંભાળી લઈએ. સ્વામીએ તો નીલકંઠને તપસ્વી જાણી પોતાની પદવી આપી. આપણને વિમુખ કરી દીધા છે. હવે આપણે એવું કરીએ કે બધા આપણને જ માને; બીજાને નહીં. સહજાનંદ સ્વામી તમને ક્યારેય માનશે નહીં. વહેલા-મોડા તમને વિમુખ જ કરશે. હું તમારો સાચો હિતેચ્છુ છું, મારી વાત સાંભળો.'

રઘુનાથદાસનાં આવાં વચનો ભાઈરામદાસને કડવાં ઝેર જેવાં થઈ પડ્યાં. તેમણે તરત કહ્યું, 'હું તો મન, કર્મ, વચને સહજાનંદ સ્વામીનો જ છું. રામાનંદ સ્વામીએ સ્વયંના મુખે મને કેટલીય વાર કહ્યું છે કે આ સહજાનંદ સ્વામી જ તમારા સ્વામી છે. મારા કરતાં પણ તેમનો અધિક મહિમા જાણી એમની સેવા કરજો. એટલું જ નહિ, સ્વામી તો એવું કહેતા કે આ સહજાનંદ સ્વામી મારા પણ સ્વામી છે. જે આ વાત નહિ માને તે સત્સંગથી વિમુખ છે. માટે રઘુનાથ, હું તો સત્સંગમાં મારા જીવનાં કલ્યાણ કાજે જ આવ્યો છું.' ભાઈરામદાસે આવું કહ્યું ત્યારથી રઘુનાથદાસ ભાઈરામદાસનું અપમાન કરતો ફરે છે. તેઓ આગળ લખે

છે કે, 'હે શ્રીહરિ, હું તો તમારો દાસ છું. તેના અપમાનની મને કોઈ ગણતરી નથી. પણ આપ સત્સંગની સંભાળ લેવા માટે જલદીથી અમદાવાદ પધારો.' "

પત્ર સાંભળી સદ્. મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, "દયાળુ ! આપણે ભૂજ જવાનું વિચારતા હતા પણ હવે આપણે ગુજરાત થઈને જ ભૂજ જઈએ." શ્રીહરિને સદ્. મુક્તાનંદ સ્વામીની વાત યોગ્ય લાગી. શ્રીહરિએ ભાઈરામદાસજી તથા સમગ્ર અમદાવાદ શહેરના હરિભક્ત સમાજ પ્રતિ સત્સંગની પ્રથાનો પત્ર લખાવ્યો. જેમાં ત્યાગી સંતોનાં પંચવર્તમાન તથા સત્સંગી હરિભક્તોના અગિયાર નિયમોનું યથાર્થ વર્ણન કર્યું. વળી, આ પત્ર વાંચવાની સૌને આજ્ઞા કરી. પત્ર વાંચતાં સહેજે સૌને ફલિત થાય કે, 'શ્રીહરિ કથિત ધર્મ-નિયમો જે સંત કે હરિભક્ત ન પાળે તે સત્સંગની પ્રથા બહાર છે.'

ઈમારતનો આધાર પાયાની મજબૂતાઈ ઉપર છે. તેમ અધ્યાત્મ માર્ગનો આધાર નિયમ-ધર્મની દૃઢતા ઉપર છે. શ્રીહરિ અધ્યાત્મની ઈમારત ચણતા પૂર્વે ધર્મ-નિયમના પાયા મજબૂત કરવા માગતા હતા.

શ્રીહરિએ આ પત્ર સાથે પ્રસાદીના પેંડા ગણપતરામ વિપ્રને આપી ભાઈરામદાસજીને અતિ પ્રસન્ન થકા રાજીપાસહ આશીર્વચનો પાઠવ્યાં. સાથે કહેવડાવ્યું કે, "શ્રીહરિ મોટેરા સંતો સાથે વહેલા વહેલા અમદાવાદ પધારી સૌને સુખ-શાંતિ પમાડશે."

શ્રીહરિ જેતપુરથી ગોંડલ થઈ બંધિયા પધાર્યા.

## સુંદરજી સુથાર શ્રીહરિની કસોટીમાં પાસ

બંધિયામાં શ્રીહરિ બિરાજતા હતા. એ વખતે કચ્છના સદ્. રામાનંદ સ્વામીના અગ્રગણ્ય હરિભક્ત સુંદરજીભાઈ. તે સમયના કચ્છના રાવ ભાઈજી બાવાનાં લગ્ન ભાવનગરના મહારાજા વખતસિંહજીની કુંવરી હેતુબા સાથે થવાનાં હતાં. તેનું ખાંડું લઈને ભાવનગર જઈ રહ્યા હતા. રસ્તામાં બંધિયામાં શ્રીહરિ બિરાજે છે તેવા સમાચાર મળતાં તેઓ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. શ્રીહરિ બંધિયાના મૂળુભા દરબારની મેડી પર બિરાજ્યા હતા.

સુંદરજીભાઈએ નીચેથી શ્રીહરિનાં દર્શન કર્યાં. દર્શન કરતાં જ તરત તેઓના તમામ સંકલ્પો વિરામ પામી ગયા. અલૌકિક શાંતિનો અનુભવ થવા લાગ્યો. તેમના અંતરમાંથી ઉદ્ગાર સરી પડ્યા, "મહારાજ, મારા જીવનપ્રાણ ! જય

સ્વામિનારાયણ.''

શ્રીહરિએ મેડીમાંથી જોયા છતાં ન જોયું કરી મુખ ફેરવી લીધું. પછી અજાણતા થકા પૂછી લીધું,

''એ કોણ બોલ્યું ?''

''એ તો મહારાજ, હું તમારો દાસ.'' સુંદરજીભાઈ ગદ્‌ગદ સ્વરે બોલ્યા.

''દાસનું લક્ષણ શું ?'' શ્રીહરિએ પૂછ્યું.

''પોતાના સ્વામી કહે એમ કરવું.''

''જોજો હોં... દાસ થવું કઠણ છે. વિચારીને બોલજો.'' શ્રીહરિએ સુંદરજીભાઈને ચેતવ્યા.

''અરે મહારાજ, દાસ નહિ, દાસનોય દાસ.'' ખુમારીપૂર્વક સુંદરજીભાઈએ કહ્યું. આજે શ્રીહરિની મરજી તેઓને કસોટીની એરણે ચઢાવવાની હતી. તેઓ જાણતા હતા કે, આ સુંદરજીભાઈ શૂરવીર મુમુક્ષુ છે તેથી તેને કંઈ કઠણ નહિ પડે. પરંતુ મન અર્પણ કરી જીવનભર ભગવાનની અનુવૃત્તિમાં રહેવું એ બહુ અઘરું છે.

શ્રીહરિએ સુંદરજીભાઈને કહ્યું, ''થઈ જાવ તૈયાર. અત્યારે જ હજામને બોલાવી, માથેથી થોભા ઉતરાવી, દાઢી-મૂછ મૂંડાવી સદ્‌. મુક્તાનંદ સ્વામી પાસેથી દીક્ષા લઈ આવો.''

સુંદરજીભાઈ પળનોય વિલંબ કર્યા વિના ઊઠ્યા.

હજામ પાસે દાઢી-મૂછ મૂંડાવી, ભગવાં વસ્ત્ર પહેરી ગયા સદ્‌. મુક્તાનંદ સ્વામી પાસે. સુંદરજીભાઈએ દાસત્વભાવની વ્યાખ્યા સાર્થક કરી.

સદ્‌. મુક્તાનંદ સ્વામી સુંદરજીભાઈને સાધુના વેષમાં જોઈ અત્યંત આશ્ચર્ય પામ્યા, ''અરે સુંદરજીભાઈ, તમે આ સાધુના વેષમાં ? આમ કેમ કર્યું ?''

''સ્વામી, શ્રીહરિની આજ્ઞાએ આમ કર્યું.'' સુંદરજીભાઈએ ખુમારીપૂર્વક જવાબ આપ્યો.

સદ્‌. મુક્તાનંદ સ્વામી સુંદરજીભાઈને હાથ પકડી શ્રીહરિ પાસે લઈ ગયા. શ્રીહરિને દંડવત કરતાં કરતાં સદ્‌. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ, બહુ ભારે થયું. સંતોને બેસવાની ડાળ આપે ભાંગી.'' મર્મ કરતાં શ્રીહરિએ પૂછ્યું, ''સ્વામી, કંઈ સમજાયું નહીં.''

સ્વામીએ કહ્યું, ''એક કચ્છમાં જ અમો શાંતિથી વિચરણ કરી શકતા હતા.

બાકી તો ક્યાંય સુખ હતું નહીં. હવે આપે કારભારીને મૂંડ્યા એટલે કચ્છમાં પણ ઉપાધિ શરૂ થશે. કચ્છમાં હવે ક્યાં રહીને વિચરણ કરીશું ?'' શ્રીહરિએ કહ્યું, ''હા સ્વામી, તમારી વાત સાચી છે. તમે ખરું કહો છો. સુંદરજી વિના કચ્છમાં પગ મૂકવો પણ ઘણો કઠણ છે.'' તરત શ્રીહરિએ કહ્યું, ''સુંદરજી, તમે સાચા શૂરવીર છો. તમારી આજ્ઞા પાળવાની ધગશથી અમો ખૂબ રાજી થયા. જાવ, હવે ઘરે જઈ નિર્લેપ થકા સુખેથી વ્યવહાર કરજો.''

સુંદરજીભાઈએ શ્રીહરિની આજ્ઞાથી ફરીથી ભગવા ઉતારી ગૃહસ્થી વસ્ત્રો પહેરી લીધાં.

શ્રીહરિને દંડવત કરતાં કરતાં સુંદરજીભાઈ ધીમે રહીને બોલી ગયા, ''મહારાજ, આવી આકરી કસોટી બીજાની ન લેશો. બધા આમાંથી હેમખેમ પસાર ન થઈ શકે.''

શ્રીહરિ સુંદરજીભાઈની દૃઢતાથી રાજી તો થયા પણ તેમનો પોતાની શૂરવીરતાનો સાત્ત્વિક અહમ્ સહેજે કળાઈ આવ્યો. શ્રીહરિએ તરત કહ્યું, ''એ તો તમને અને સમગ્ર સત્સંગ સમાજને ખબર પડી જશે કે અમારી આવી કઠણ આજ્ઞામાં ટુક ટુક થઈને રહેનારાં કેટલાં પાત્રો સત્સંગમાં વિદ્યમાન છે.'' પછી તરત વાતને હળવી કરતાં શ્રીહરિ બોલી ઊઠ્યા, ''સુંદરજી, તમને કોઈ પૂછશે કે આમ અચાનક દાઢી-મૂછ કેમ મૂંડાવ્યાં ? ત્યારે તમે શો જવાબ આપશો ?''

ત્યારે હસતાં હસતાં સુંદરજીભાઈ બોલ્યા, ''મહારાજ, અમારે તે કાંઈ જવાબ શોધવા જવા ન પડે. કોઈ પૂછશે તો કહીશું પાપ નામનો પિતરાઈ મૂઓ તેનું સૂતક ઉતાર્યું.''

આમ, શ્રીહરિ પોતાના ભક્તોની દૃઢતાની કસોટી સમયાંતરે લેતા.

## શ્રીહરિએ ડોસા ભગતને કાશીએ જવા આજ્ઞા કરી

શ્રીહરિ મૂળુભાઈ દરબારના ઘરે સૌ સંતો-ભક્તોને સુખિયા કરતા હતા. બંધિયાના નવા-જૂના જે હરિભક્તોને સમાચાર મળે કે શ્રીહરિ પધાર્યા છે કે તરત સૌ શ્રીહરિનાં દર્શન-સેવા-સમાગમ માટે દોડી આવતા.

એવામાં સદ્. રામાનંદ સ્વામી વખતના હરિભક્ત ડોસા વાણિયા શ્રીહરિનાં દર્શને આવ્યા. પ્રથમ દર્શનમાં જ શ્રીહરિએ અંતર્યામીપણે ડોસા ભગતને કહ્યું, ''તમને રામાનંદ સ્વામીએ કાશીએ જવાની આજ્ઞા કરી હતી તે કેમ ન ગયા ?''

ડોસા ભગત તો આશ્ચર્યવત્ થઈ શ્રીહરિની મૂર્તિ સમક્ષ એક દૃષ્ટિએ જોઈ રહ્યા. 'મેં તો કદી મહારાજને કે કોઈ સંતો-ભક્તોને આજ દિન સુધી કહ્યું નથી કે, રામાનંદ સ્વામીએ મને કાશીએ જવાનું કહ્યું હતું. છતાં મેં તેઓની આજ્ઞા માની ન હતી. આ મહારાજ કેવી રીતે જાણી ગયા હશે ?' શ્રીહરિ તેમના મુખના ભાવ કળી ગયા. તેઓએ કહ્યું, ''તો હવે કેમનું કરશો ?'' ડોસા ભગતને થયું, 'એ તો ગુરુની આજ્ઞા હતી જે મેં સ્વીકારી નહિ પણ આ તો પ્રભુની આજ્ઞા છે. પ્રભુની આજ્ઞાને કેવી રીતે ઠેલાય ?' ડોસા ભગતે તરત કહ્યું, ''મહારાજ, આપની આજ્ઞા પાળવા હું તૈયાર છું. પણ માત્ર મને મારી બાની અનુમતિ લેવા ઘરે જવા દો.''

શ્રીહરિએ તેમને સંમતિ આપી, ''ભલે, પૂછી આવો.'' ડોસા ભગત ઘરે ગયા. તેમના માતુશ્રીને બધી વાત કરી. તેઓનાં માતુશ્રી સત્સંગમાં ખૂબ બળિયા હતાં. સદ્. રામાનંદ સ્વામી થકી ખરી સમજણની દૃઢતા કરી હતી. તેથી તરત બોલ્યાં, ''ડોસા, ઘરની કે દુકાનની ચિંતા કરીશ મા. જે આજ્ઞા કરે છે તે શ્રીજીમહારાજને તું રાજી કરી લે. એમની આજ્ઞા તને કાશીએ મોકલવાની છે તો અત્યારે જ યાત્રા કરવા નીકળી જા.''

ડોસા ભગતને માતુશ્રીની અનુમતિ મળતાં શ્રીહરિને દંડવત કરી તેઓ કાશીએ જવા નીકળી પડ્યા. હજુ તો માંડ એક ગાઉ (૩ કિ.મી.) ચાલ્યા હશે ત્યાં રસ્તામાં એક શાહુકારની ઘોડાગાડી મળી. તેમણે ઘોડાગાડી ઊભી રાખી. ઘોડાગાડીમાં બેઠેલા શેઠે પૂછ્યું, ''ભગત, ક્યાં જવાનું ?'' ''મારા પ્રભુની આજ્ઞાથી હું કાશીએ જઉં છું.'' ડોસા ભગતે કહ્યું. ત્યારે શેઠે કહ્યું, ''ઓહો ! અમે પણ ત્યાં જ જઈએ છીએ. અમારી ઘોડાગાડીમાં બેસી જાવ. અમને તમારા જેવા સત્સંગીનો જોગ ક્યાંથી મળે ?''

ડોસા ભગતને શેઠે ઘોડાગાડીમાં બેસાડી દીધા. રસ્તામાં જમવાની, રહેવાની બધી જ ચિંતા ડોસા ભગતની શેઠ જ કરતા. ડોસા ભગતને હવે કોઈ મૂંઝવણ રહી નહીં. સંગાથ પણ મળી ગયો અને ભોજન પણ.

ડોસા ભગત મહારાજની આજ્ઞાથી કાશી જઈ પરત આ જ શેઠની ઘોડાગાડીમાં આવ્યા. બંધિયા એક ગાઉ દૂર રહ્યું ત્યારે સંઘવાળા શેઠે કહ્યું, ''હવે તમે તમારે ગામ જાઓ; અમારે તો અહીંથી બીજા રસ્તે જવાનું છે.'' ડોસા ભગતે શેઠની ઘોડાગાડીમાંથી ઊતરી શેઠ તથા સંઘના માણસોનો ખૂબ આભાર માન્યો. પછી

આગળ ચાલતા થયા. હજુ તો અડધા ખેતરવા (અડધા ખેતર જેટલા અંતરે) ચાલીને પાછળ વળીને જોયું તો ઘોડાગાડી કે સંઘના માણસો જોવામાં ન આવ્યાં.

ડોસા ભગતને તરત પ્રતીતિ થઈ - આ નક્કી મારા મહારાજ જ હતા; જે શેઠનું રૂપ લઈ મારા ઠેઠ સુધીના સંગાથી રહ્યા. તેમણે ઘરે આવી તેમના માતુશ્રીને બધી વાત કરી. તેમના માતુશ્રીએ તરત કહ્યું, ‘‘ડોસા, શ્રીહરિએ તને કાશીએ મોકલ્યો પણ તેમાં તારું બહુ મોટું હિત હતું. તું ઘરેથી ગયો ત્યારે તે જ સાંજે બહારવટિયાના ધાડુંએ (મોટા ટોળાએ) અહીં આવી દરવાજો ખખડાવી પૂછ્યું, ‘ડોસો ક્યાં છે ? ડોસાને બહાર મોકલો.’ તરત મેં જવાબ આપી દીધો કે, ‘એ કાશીએ ગયો છે. કેટલા દિવસે પાછો આવે તેની ખબર નથી.’ ડોસા, તું જો ઘરે હોત, મહારાજની આજ્ઞા માની ન હોત તો આજે મારી સામે ઊભો ન હોત. મહારાજે તને યાત્રાના બહાને નવું જીવતદાન આપ્યું. નહિ તો તારું મૃત્યુ નિશ્ચિત હતું.’’ ડોસા ભગતને પણ થયું : ‘મને મહારાજે કાશીના બહાને જીવિત રાખ્યો. વળી, પોતે જ આવી મને ઘોડાગાડીએ બેસાડી મારી જમવા, પોઢવાની ચિંતા રાખી.’ એમ જાણી ડોસા ભગત અંતરમાં ખૂબ આનંદ પામ્યા.

જે શ્રીહરિનું વચન પાળે છે તેની રક્ષા શ્રીહરિ જરૂર કરે છે.

## શ્રીહરિના મુખે સંત મહાત્મ્ય

શ્રીહરિ બંધિયાથી પીપળિયા પધારતા હતા. શ્રીહરિ સંગે દરબારી હરિભક્તો ચાલતા હતા. શ્રીહરિને સંતો અતિ વ્હાલા હતા. સ્વયંની એક એક મરજી, આજ્ઞામાં વર્તતા સંતોને જોઈ શ્રીહરિ સંતો પર પ્રસન્ન થતા. પોતાનાં નેત્ર સમાન સંતોનું મહાત્મ્ય ગાવાનો એક મોકો પણ શ્રીહરિ છોડતા નહીં.

શ્રીહરિએ સૌ હરિભક્તોને સંતોનું ખૂબ મહાત્મ્ય સમજાવ્યું, ‘‘હે ભક્તો, અમારા આશ્રિત જેટલા સંતો છે તેમને અમે નિર્માની કરી દીધા છે. અમારા સંતો જેવા સંત દુનિયામાં શોધી લાવો તો ક્યાંય નહિ મળે. આ સંતો મનુષ્ય જેવા દેખાય છે પણ ખરેખર તે સામાન્ય મનુષ્ય નથી. આ સંતો રસ્તામાં ચાલ્યા જતા હોય અને તેમના સ્પર્શવાળો પવન પણ બીજા મનુષ્યને અડી જાય તો તેનો મોક્ષ થઈ જાય.

આ સંતો આટલા બળવાન છે પણ તેઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી. જો જ્ઞાન થઈ જાય તો કદાચ તેઓ છકી જાય તો !? સિંહ ભલે ઘણો બળવાન હોય

પણ તે પાંજરામાં પુરાયેલો હોય તો તેનાથી કશું શક્ય નથી. તેમ આ એક એક સંત ઈશ્વર થઈને પૂજાય એવા છે પણ અમે તેઓને અમારી આજ્ઞારૂપી પાંજરામાં પૂરી રાખ્યા છે. જેથી કરીને તેઓ અમારા બંધનમાં રહે.''

સર્વે સંતો-હરિભક્તો શ્રીહરિનાં અમૃત વચનો સાંભળવામાં એટલા મશગૂલ હતા કે બંધિયાથી પીપળિયા ક્યારે આવી ગયું તે કોઈને ખબર ન રહી. પીપળિયાના લોહાણા લક્ષ્મણભાઈ ઠક્કરને ત્યાં ઉતારો કરી શ્રીહરિએ સૌને ખૂબ સુખ પમાડ્યું.

## દરબારોના મુખે પ્રથમ વખત એભલખાચારની વાત શ્રીહરિએ સાંભળી

શ્રીહરિએ પીપળિયાથી સરધાર તરફ પ્રયાણ કર્યું. બધા ક્ષત્રિય ભક્તોએ બોકાની બાંધેલી તથા બખતર પહેરેલાં. વળી સહુના હાથમાં ભાલા હતા. પીઠ પાછળ ઢાલ હતી અને ભેટમાં સોનેરી મૂઠવાળી તલવારો.

શ્રીહરિ સાથે ઘોડા દોડાવતાં સહુ એક સપાટ મેદાનમાં પહોંચ્યા. શ્રીહરિએ સૌ ક્ષત્રિય ભક્તોને કહ્યું, ''તમે બધા યુદ્ધ કરવા જાઓ ત્યારે તમારા ઘોડાને કેવી રીતે ફેરવીને ચલાવો ? યુદ્ધ આયુધોને કેવી રીતે ફેરવો-ઘુમાવો ?''

સ્વયં પરભાવી સ્વરૂપ હોવા છતાં અવરભાવવાળા જોડે સુવાણ થાય એવી શ્રીહરિ ચેષ્ટાઓ કરતા. ભક્તોએ કહ્યું, ''મહારાજ, અમે વર્ણન કરીએ તે કરતાં યુદ્ધ ખેલીને જ બતાવીએ તો ?'' શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું, ''ખેલો ભલે. પણ જોજો હોં... એમાં ક્યાંય જાનહાનિ ન થાય.''

શ્રીહરિની અનુમતિ મળતાં સહુએ યુદ્ધ ક્રીડામાં ભાલાનો ખેલ કર્યો. જે એક ઘડી (૨૪ મિનિટ) સુધી ચાલ્યો. શ્રીહરિએ આ ખેલ જોયો અને સૌ પર રાજી થઈ સૌની પ્રશંસા કરી, ''તમે બધા એક એકથી ચડો એવા છો હોં.''

રસ્તે ચાલતાં શ્રીહરિએ પૂછ્યું, ''તમારી પાસે જાતવાન ઘોડા છે તે બધા કઈ કઈ જાતિના છે ?'' ત્યારે સર્વે ભક્તો બોલવા લાગ્યા જે, ''મહારાજ, અમે બધા રાજદરબારી છીએ. અમારી પાસે ઘોડાની ઉચ્ચ જાતિ જે લાલ, હીરાળી, રોઝી, ફૂલમાળ, મલ્લી, હરણી, બેરી, બાંદરી, વાંગળી, કેસર, વીજળી, તાજણ, જબાદા, છોગાળી, હરડી, પંખાળી વગેરે છે. તે ઘોડાની સવારી અમો કરીએ. તેમાં માણકીની જાત શિરોમણિ કહેવાય.'' માણકીનું નામ સાંભળતાં શ્રીહરિ ચમક્યા, ''એ કોની પાસે છે ?'' એક ભક્ત બોલ્યા, ''મહારાજ, ગઢપુરના દરબાર અભય રાજાની (એભલખાચરની) પાસે હોઈ શકે. કારણ કે અમારા સૌ

દરબારોમાં એભલબાપુ શ્રેષ્ઠ છે. સૌ તેઓને માન આપે છે. આપ ગઢપુર જાઓ તો તેઓ આપને માણકી લાવી આપશે.''

'ગઢપુર, એભલખાચર, માણકી' આ બધા શબ્દો ક્ષત્રિય ભક્તોના મુખે સાંભળતાં શ્રીહરિ રાજી થતા હતા. શ્રીહરિ સંગે પરમસખાની જેમ વાતો કરતાં કરતાં સૌ સરધાર આવી પહોંચ્યા. સંધ્યા સમય થવા આવ્યો. શ્રીહરિએ ગામની ભાગોળે તળાવ જોયું જે ખૂબ સ્વચ્છ હતું. શ્રીહરિને પ્રસન્ન જોઈ સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ, આ સર તળાવમાં ગુરુ રામાનંદ સ્વામીએ ઘણી વાર સ્નાનલીલા કરી છે.'' શ્રીહરિએ કહ્યું, ''એમ.'' એટલું કહી શ્રીહરિએ તળાવનું જળ મંગાવ્યું. સ્વયં એ પાણી ગરણાથી ગાળી બોલ્યા, ''આ જળ તો ગુરુની પ્રસાદી છે માટે આપણે તેનું અમૃતની પેઠે આચમન કરવું જોઈએ.'' શ્રીહરિએ જળ ધરાવ્યું અને સૌને પ્રસાદી આપી.

જળ મીઠું હોવાથી શ્રીહરિ રાજી થયા. અક્ષરધામના અધિપતિ હોવા છતાં શ્રીહરિની અવરભાવની રીત હતી કે પ્રસંગોપાત્ત ગુરુની સ્મૃતિ કરી, ગુરુને વિષે અહોભાવમાં ડૂબવું અને સૌને ડુબાડવા.

## શ્રીહરિના સંતોની એકસરખી રીત

શ્રીહરિ સર તળાવે બિરાજ્યા છે તેવું જાણી સરધારના ગામધણી રાજા તુંગજીત અને વેરજીત રાજદરબારો સાથે શ્રીહરિને વધાવવા ગામ બહાર આવ્યા. આ બંને ભાઈઓ સદ્. રામાનંદ સ્વામી વખતના સત્સંગી હતા. શ્રીહરિનાં દર્શન કરી બંને રાજદરબારો ખૂબ ગદ્ગદ થઈ ગયા. તુંગજીતે શ્રીહરિને પ્રાર્થના કરી, ''દયાળુ, સામાન્ય મનુષ્ય હોય તે છાનો છાનો ગામમાં પેસે, કોઈને ખબર પણ પડે નહીં. આપ તો દયાળુ, રાજાધિરાજ છો. આપ છાના છાના પુરમાં પધારો એ તો કેમ ચાલે ? સરધારમાં આપની ભવ્ય સવારી કાઢવાની અમને અનુમતિ આપો.'' શ્રીહરિની અનુમતિ સમજી સૌ સવારી માટેની તૈયારી કરવા લાગ્યા.

સંધ્યા સમયે નીકળેલી શ્રીહરિની સવારીની શોભા અદ્ભુત હતી. રાત્રે વાળુ કરી સહુએ આરામ કર્યો. બીજે દિવસે શ્રીહરિ પધાર્યાના આનંદમાં રાજા તુંગજીત તથા વેરજીતે ભાત ભાતનાં પકવાન બનાવડાવ્યાં. શ્રીહરિએ ખૂબ ભાવથી જમાડ્યું. પછી શ્રીહરિ સૌ સંતોને પીરસવા પધાર્યા.

શ્રીહરિ સાથે વિચરતા સૌ સંતો એક રુચિવાળા હતા. શ્રીહરિએ સૌ સંતો માટે

કાષ્ઠનાં પત્તર બનાવ્યાં હતાં. સંતો તેમાં જમાડતા. જે ભોજન હોય તેને મેળવી સૌ પાણીથી પ્રોક્ષણ (પાણીનો છંટકાવ) કરી ભોજન ગ્રહણ કરતા. સહુ સંતો એકસાથે જ જમવા બેસતા. એકસરખી રીતે હસ્ત ધોતા, પાત્ર સાફ કરતા, એકસરખી ક્રિયાશુદ્ધિ જાળવતા. જમતાં જમતાં શ્રીહરિની મૂર્તિનું સ્મરણ કરતા, એકબીજાને પ્રેમથી પીરસતા. સહુ સંતો એકબીજાનું હિત જ વિચારતા. એકબીજાના સુખ-દુઃખમાં ભાગીદાર થતા. સૌ સંતોનો એકસમાન પહેરવેશ, એકસમાન ક્રિયાઓ તથા રીતિ-નીતિ જોઈ સરધારના સર્વે ભક્તોને શ્રીહરિના આ દિવ્ય સંતોનો બહુ જ ગુણ આવ્યો. સહુને થયું, 'આ લોકના હોય તેનાં મન એક ન હોય, જ્યારે આ તો બધા શ્રીહરિના સંતો... જેમની રીતભાત જોઈને જ સહેજે પ્રતીત થાય છે કે આ કોઈ આ લોકના નથી, શ્રીહરિના ધામના મુક્તો છે.'

અંતર્યામી શ્રીહરિએ સહુ હરિભક્તોને સંતોની એકસમાન રીત તથા પરસ્પરની સહિષ્ણુતાનું કારણ જણાવતાં કહ્યું, "આ બધા સંતોના મનમાં અમારા રાજીપા તથા અમારી મૂર્તિના સુખ સિવાય કોઈ ચાહના નથી. વળી સહુ સંતો ખૂબ સાવધાનપણે વર્તે છે. સહુ પોતાના દોષોને દેખતા રહે છે અને સત્સંગને નિર્દોષ જાણે છે. પરસ્પર એકબીજાને માન આપે છે એટલે તેઓમાં શુદ્ધ આત્મીયતા છે."

આત્મીયતાની પાયારૂપ બાબત જણાવતાં શ્રીહરિએ કહ્યું, "કદાચ કોઈ કોઈને કહે કે આ તો સિદ્ધપુરુષ છે; તેમાં કોઈ દોષ નથી, પણ જો પોતે પોતાને સિદ્ધ માની બેસે તો તે ખુવાર થાય છે. જે પોતે પોતાને દાસનો દાસ માને તેની ક્યારેય હાનિ થતી નથી. તેનો વિનાશ પણ થતો નથી. જે દાસનો પણ દાસ થઈને રહે તે જ ખરો સિદ્ધ છે. પોતાના સત્સંગને જો આ રીતે જ ઢાળ અપાય તો સત્સંગમાંથી કદી ઉચાળા ભરવાનું ન થાય. માટે હરિભક્તોના પણ દાસ થઈને જ રહેવું તે સહુથી વધારે મોટાઈ છે. ધ્યાન, ભજન, સ્મરણ, યોગાભ્યાસ, ત્યાગ, વૈરાગ્ય અને ધર્મનું ફળ પણ ભક્તના દાસ થઈને રહે તે જ કહ્યું છે. માટે ભગવાનના ભક્તોના દાસના દાસ થઈને જે રહે તે ખરા નિષ્કામ ભક્ત. તેને જ અમે શ્રેષ્ઠ માનીએ છીએ."

## શ્રીહરિની ભક્તવત્સલતા

સરધારમાં શ્રીહરિ સૌને ખૂબ સુખ આપી રહ્યા હતા. તે વાત આસપાસના ગામોમાં પણ પ્રસરી ગઈ. એવામાં માગશર સુદિ તેરસનો દિન આવી રહ્યો હતો. શ્રીહરિએ સદ્. મુક્તાનંદ સ્વામીને વાત કરી, ‘‘સ્વામી, આપણા ગુરુ રામાનંદ સ્વામી અંતર્ધાન થયા તેને એક વર્ષ પૂર્ણ થવા આવ્યું તો આપણે સરધારની આજુબાજુના ગ્રામજનો તથા બ્રાહ્મણોને જમાડીએ ?’’

સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ‘‘આપ રુચિ બતાવો તેમ અમે સૌ કરીએ.’’ શ્રીહરિએ દરબાર તુંગજીતને કહ્યું, ‘‘આપણા ગુરુ રામાનંદ સ્વામીને અંતર્ધાન થયા તેને એક વર્ષ પૂર્ણ થયું છે તો આપણે તે નિમિત્તે આજુબાજુના ગામના દરબારોને તથા બ્રાહ્મણોને જમાડવા છે માટે તેની તૈયારી કરો.’’

આ પ્રસંગ નિમિત્તે શ્રીહરિનાં દર્શન કરવા ગામોગામથી હરિભક્તો આવવા લાગ્યા. તેમાં માંચાખાચર, સોમલાખાચર, અલૈયાખાચર, સુરાખાચર, હમીરખાચર વગેરે જુદા જુદા ગામોના રાજદરબારો પણ આવ્યા હતા. તેઓ શ્રીહરિની માધુરી મૂર્તિનાં દર્શન કરતાં મોહિત થઈ ગયા.

સૌએ મનોમન નક્કી કરી લીધું કે, ‘આપણે શ્રીહરિને આપણે ગામ, આપણે ઘેર પધરાવવા છે.’ તેઓએ સદ્. મુક્તાનંદ સ્વામીને પ્રાર્થના કરી, ‘‘સ્વામી, અમો સીધા જ શ્રીહરિને પ્રાર્થના કરવા સમર્થ નથી. પણ આપ તો શ્રીહરિના હૃદય સમાન છો. તો આપ અમારા વતી શ્રીહરિને અમારાં ખોરડાં પાવન કરવા પધારે તેવી પ્રાર્થના કરો ને. અમે સૌ બધા જ પાપાચાર છોડી કુટુંબે સહિત શ્રીહરિના આશ્રિત થઈ આજીવન પર્યંત આ સત્સંગના નિયમ ધારવા તૈયાર છીએ.’’

સ્વામીએ આ હરિભક્તોની પ્રાર્થના શ્રીહરિ સુધી પહોંચાડી. શ્રીહરિ તેઓના સ્વભાવ, કર્મો તથા રીત-રસમને જાણતા હતા. તેથી શ્રીહરિએ સ્વામી સાથે કહેવરાવ્યું કે, ‘‘જો એ બધાં કુકર્મો તથા સત્સંગને ન છાજે તેવા સ્વભાવો, પાપાચાર છોડી અમારા શરણે આવે તો અમે તેમની સાથે જવા અને રહેવા તૈયાર છીએ. જેને અમારો, અમારા સત્સંગનો તથા અમારા નિયમનો સ્વીકાર હોય, વિશ્વાસ હોય તેમની સદાય અમો રક્ષા કરીએ છીએ. અમો ધર્મના પુત્ર છીએ. એટલે જ્યાં ધર્મ હશે ત્યાં જ અમારો નિવાસ રહેશે.

આવા ધર્મનિષ્ઠ હરિભક્તો જે કેવળ અમારા વચનના આધારે જીવે છે તે સર્વે

અમારા પ્રાણ છે. એવા ભક્તોને હું સદાય આધીન રહું છું. આવા ભક્તોએ મને બાંધી લીધો છે. જો કોઈ મારી સાથે હેત-પ્રેમ રાખે તો હું તેના કરતાં કરોડગણું વધારે હેત રાખું છું. જે ભક્ત નિષ્કપટપણે રહે છે તેમની સાથે મારે અખંડ પ્રીતિ રહે છે. જેમાં હું કપટ દેખું તેની સાથે મારે પ્રીતિ રહેતી નથી. આવો મારો સ્વભાવ તમને કહ્યો.''

શ્રીહરિનાં વચન સાંભળી સદ્. મુક્તાનંદ સ્વામીએ મનોમન દૃઢ સંકલ્પ કર્યો, 'હવે શ્રીહરિની જેમ મરજી હોય તેમ જ કરવું, પોતાનું ધાર્યું છોડી દેવું. શ્રીહરિને તન, મન, પ્રાણ બધું જ અર્પણ કર્યા પછી તેનાથી ખાનગી શું રાખવું ?' આવા સદ્. મુક્તાનંદ સ્વામીના આંતરમંથનમાંથી 'ઐસી ભક્તિ કરો મન મિતા' એવાં આઠ નૂતન પદો તૈયાર થયાં. જે પદોમાં શ્રીહરિની ભક્તિ કેવી રીતે કરવી ? તેનું આબેહૂબ વર્ણન સ્વામીએ કર્યું.

શ્રીહરિ સ્વામીના આ પદોની રચના જોઈ અત્યંત રાજી થઈ ગયા. શ્રીહરિએ સદ્. રામાનંદ સ્વામીના અંતર્ધાન નિમિત્તે સર્વે બ્રાહ્મણોને જમાડ્યા.

## શ્રીહરિએ સદાવ્રતો બંધ કરાવ્યાં

સદ્. રામાનંદ સ્વામી નિમિત્તનો ઉત્સવ પૂર્ણ કરી, સર્વેને જમાડી શ્રીહરિ જમવા બિરાજ્યા. જોડે મોટેરા સંતો શ્રીહરિનાં દર્શન કરતાં સામે બેઠા હતા. શ્રીહરિ જમાડતાં જમાડતાં સંતોને વાત કરતા હતા, ''સંતો, સ્વામી ધામમાં પધાર્યા તેને એક વર્ષ પૂર્ણ થયું. હજુ તો અમે માંડ ચાલીસ કોશ (૧૨૦ કિ.મી.) જેટલું જ સત્સંગમાં ફર્યા છીએ. હજુ તો ઘણો વિસ્તાર ફરવાનો છે. અમો એક તો કેટલી જગ્યાએ પહોંચી વળીએ ? આપણા સંતો સદાવ્રતમાં રોકાઈ રહ્યા છે. સત્સંગ કરાવવાના ઉપયોગમાં આવતા નથી. ભેખધારીઓ પણ સદાવ્રતમાં સંતોને કેટલા રંજાડે છે ? માટે અમને તો એવું થાય છે કે સદાવ્રતો બંધ કરી દઈએ તો ??''

શ્રીહરિ સત્સંગ વિકાસ અર્થે કોઈ પણ નૂતન આયોજન કરતા તેમાં મોટેરા સંતોને જરૂર ભેગા ભેળવતા. સર્વેની સંમતિ તથા સર્વેના અભિપ્રાયને સ્વીકારીને જ સત્સંગ સંબંધિત નિર્ણયો લેવાની શ્રીહરિની આગવી રીત હતી. શ્રીહરિનો સદાવ્રત બંધ કરવાનો વિચાર સાંભળી સદ્. મુક્તાનંદ સ્વામી શ્રીહરિની મરજીમાં ભળવા તત્પર થયા પણ અમુક સંતોને થયું, 'રામાનંદ સ્વામીએ સદાવ્રતો બંધાવ્યાં ને સહજાનંદ સ્વામી બંધ કરાવી રહ્યા છે.' શ્રીહરિ તરત આ જૂના સંતોની દ્વિધાને

પારખી બોલ્યા, ‘‘સંતો, સ્વામી આપણને કહી ગયા છે કે, અમે હોઈએ ત્યાં સુધી આ સદાવ્રત ચલાવવાં, અમારા પછી કોઈ સદાવ્રત રાખશો નહીં. જો રાખશો તો બંધન થશે.’’ સંતોએ શ્રીહરિની વાતને હૃદયપૂર્વક સ્વીકારી લીધી.

શ્રીહરિએ સંતોને કહ્યું, ‘‘સંતો, કોઈ વેદો ભણે, યજ્ઞો કરે, તપ, જપ, વ્રત કર્યા કરે પણ એક જીવને અભયદાન આપે અર્થાત્ એક જીવને મોક્ષ માર્ગે ચડાવે તેનું ફળ સૌથી અધિક છે. સદાવ્રત તો દેશોદેશમાં બધે જ છે. અન્નદાન ઘણા કરી શકે પણ જીવને અભયદાન આપનારા વર્તમાન સમયે એક અમે અને અમારા યોગે આપ સહુ સંતો સિવાય આ બ્રહ્માંડમાં કોઈ નથી.’’

શ્રીહરિની રુચિ જાણી સહુ સંતોએ કહ્યું, ‘‘મહારાજ, આપની જેમ રુચિ હોય તેમ અમે કરીશું.’’ શ્રીહરિએ તત્કાળ નિર્ણય લીધો, હવે સદાવ્રતો બંધ કરી તેમાં કાર્યરત સંતોએ સત્સંગ પ્રચારાર્થે વિચરણ કરવું. શ્રીહરિએ આ નિર્ણય પત્રમાં લખાવી ગામોગામ પત્રો ફેરવી સદાવ્રતો બંધ કરાવ્યાં.

સરધારમાં અનેક લીલાઓ દ્વારા સૌને સુખ પમાડી શ્રીહરિ આટકોટ, કોટડા, જસદણ, રાયપુર થઈ એક મુમુક્ષુની તીવ્ર દર્શન ઝંખના પૂર્ણ કરવા કરિયાણા પધાર્યા.

## મહાનમુક્ત મીણબાઈ

કરિયાણાના દરબાર દેહાખાચરના ભાઈ ઉન્નડખાચરની સાથે ગઢડાના હાદા ધાંધલની પુત્રી મીણબાઈનાં લગ્ન થયાં હતાં. સંસારમાં રહેવા છતાં મીણબાઈ બાળ બ્રહ્મચારિણી હતાં. સ્ત્રી હોવા છતાં સ્ત્રીભાવોથી તદ્દન અલિપ્ત હતાં. તેઓની નિરાવરણ દૃષ્ટિ હતી. બધું જોઈ શકવા સમર્થ હોવા છતાં તેઓ માત્ર શ્રીહરિને જ નિહાળ્યા કરતાં.

શ્રીહરિની પ્રાગટ્ય લીલાથી લઈ બાળલીલા, ગૃહત્યાગ, વનવિચરણ તથા લોજમાં આગમન આદિ બધું જ ઘરે બેઠા નિરાવરણ દૃષ્ટિ દ્વારા જોઈ શકતાં. હવે મીણબાઈને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શનની તાલાવેલી જાગી હતી. શ્રીહરિ સરધારથી કેવળ આ મુક્તાત્માનાં દર્શનની તલપ પૂરવા જ કરિયાણા પધાર્યા હતા.

આ મીણબાઈ રાજરાણી હોવા છતાં ભોંયપથારીએ સૂતાં, સાત્ત્વિક જીવન જીવતાં, ત્યાગીની જેમ પુરુષથી દૂર રહેતાં, ગર્ભવતી સ્ત્રીના ઉદરમાં પુત્ર હોય તો તે પણ કળી જતાં એટલે તેનાથી પણ દૂર રહેતાં. મીણબાઈનું અંતર તો એક

પુરુષોત્તમનારાયણ સિવાય કોઈને ભજતું ન હતું.

શ્રીહરિ કરિયાણામાં પંચપીરની જગ્યાએ ઊતર્યા. મીણબાઈ તો નિરાવરણ દૃષ્ટિવાળાં હતાં એટલે તેમણે તરત દેહાખાચરને કહેવડાવ્યું કે, ‘‘પંચપીરની જગ્યાએ મારા ભગવાન મને દર્શન આપવા આવી ચૂક્યા છે. તમે કોઈક માણસને બોલાવવા મોકલો.’’

દેહાખાચરે તરત પંચપીરની જગ્યાએ માણસને મોકલ્યો. ત્યાં તો સંતો ગામમાં ભિક્ષા માગવા જવાની તૈયારી કરતા હતા. માણસે આવી કહ્યું, ‘‘તમારામાંથી જે સ્વામિનારાયણ હોય તેમને અમારા દરબાર બોલાવે છે.’’ શ્રીહરિ તરત બે સંતોને લઈ દેહાખાચરના દરબારમાં પધાર્યા.

તે વખતે ચંદ્ર ચકોરીની પ્રીત જેવી પુરુષોત્તમનારાયણ સાથે પ્રીતિથી બંધાયેલ મીણબાઈ શ્રીહરિની વાટ જોતાં બહાર ઊભાં હતાં. મીણબાઈ લૌકિક રીતે શ્રીહરિને ઓળખતા ન હતાં. નહોતાં કદી પ્રત્યક્ષ દર્શન કર્યાં. પરંતુ સ્વયં શ્રીહરિના મુક્ત હતાં એટલે અપ્રત્યક્ષ રીતે નિરંતર શ્રીહરિ સાથે અદ્‌ભુત બંધનથી બંધાયેલાં હતાં. એટલે જ મીણબાઈ ઘરનું કામકાજ કરતાં ઘણી વાર સ્થિર થઈ બોલી ઊઠતાં, ‘મહારાજ પધાર્યા છે, જલદી દર્શન કરો.’ પણ આ દર્શન માત્ર મીણબાઈને જ થતાં; બીજાને તો ક્યાં એ દૃષ્ટિ જ હતી !

શ્રીહરિ જેવા ડેલીએ પધાર્યા કે મીણબાઈ શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શનથી અડધાં અડધાં થઈ ગયાં. ધૂળમાં જ પંચાંગ પ્રણામ કરવાં લાગ્યાં. શું કરું-શું ના કરું ? તેની કાંઈ ગમ ન રહી. એટલામાં દેહાખાચર બહાર આવ્યા. તેમણે શ્રીહરિને ઓળખી લીધા. આ જ મીણબાઈના ભગવાન લાગે છે. મીણબાઈ શ્રીહરિને પોતાના ઓરડે લઈ ગયા. રસ્તે જતાં શ્રીહરિના ચરણની છાપનાં દર્શન દેહાખાચરે કર્યાં. તેમાં ઊપસેલી ઊર્ધ્વરેખા જોઈ દેહાખાચરને નક્કી થયું આ કોઈ માણસ નથી, સ્વયં ભગવાન જ છે.

બે સંતો ત્યાં દરબારગઢમાં જ બેઠા હતા. એટલામાં શ્રીહરિ દરબારગઢમાં પધાર્યા. શ્રીહરિનાં પ્રથમ દર્શનથી જ દેહાખાચરનું કઠણ હૃદય કોમળ થવા લાગ્યું હતું. તેમણે શ્રીહરિને યોગ્ય સ્થાને બિરાજવા પ્રાર્થના કરી. શ્રીહરિ દરબારના દીવાન ખંડમાં બિરાજ્યા. સૌને કથારસનું પાન કરાવ્યું. શ્રીહરિની વાણીમાં એવો ચમત્કાર હતો કે, પ્રથમ વખત સાંભળનારનું હૈયું પણ શ્રીહરિના વચનથી વેંધાઈ જાય. વ્યસન અને અભક્ષ્ય ખાણી-પીણીમાં નિરંતર ચકચૂર રહેનાર સૌ

દરબારીઓએ શ્રીહરિ આગળ વર્તમાન ધાર્યાં. સૌએ કંઠી પહેરી દારૂ-માંસાદિક ત્યાગ કરવાના નિયમ લીધા.

આ બાજુ મીણબાઈએ શ્રીહરિ માટે વિવિધ પકવાનો બનાવ્યાં હતાં. સંતો માટે પણ દરબારગઢમાંથી સીધું-સામાન મોકલાવ્યું હતું. મીણબાઈના પ્રેમને વશ થઈ શ્રીહરિએ ખૂબ જમાડ્યું. સાંજ પડતાં શ્રીહરિએ મીણબાઈને કહ્યું, "હવે અમે જઈએ છીએ." મીણબાઈ તો શ્રીહરિની મૂર્તિ સમક્ષ સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યાં. તેમની આંખોમાંથી વહેતી અશ્રુધારા શ્રીહરિને પ્રાર્થતી હતી, 'મહારાજ, આજે નહિ આવતી કાલે જમીને પધારજો.'

મીણબાઈની ભક્તિને વશ થઈને તો શ્રીહરિ વિના આમંત્રણે અહીં પધાર્યા હતા. પણ અમદાવાદ પહોંચવાની ઉતાવળ હતી એટલે મીણબાઈની પ્રાર્થના ન સ્વીકારતાં કહ્યું, "તમે ઘણો લાભ લીધો અને નિરંતર લીધા કરો છો. પણ હવે અમારે અમદાવાદ જલદી પહોંચવું પડશે માટે રજા માગીએ છીએ." આ સાંભળી મીણબાઈ શ્રીહરિને પોતાની પ્રેમ દોરીથી બાંધવા લાગ્યાં, "મહારાજ, અંતરમાં તો તમને ક્યારના પૂરી દીધા છે. હવે બહારથી પણ તમને બાંધું છું. તે બંધન છોડીને તમે જઈ શકો તો ખરા." એમ કહી શ્રીહરિના ચરણમાં મીણબાઈ ધ્યાનસ્થ અવસ્થામાં નેત્ર બંધ કરી બેસી ગયાં. શ્રીહરિ ત્યાંથી ફળિયામાં ગયા. ઘોડી પર બિરાજ્યા પણ ઘોડી ચાલવાનું નામ ન લે. અતિ દયાળુ શ્રીહરિએ ઘોડીને ચલાવવા નિર્દય થઈ સોટી પણ મારી છતાંય ઘોડી એક ડગલુંય ખસી નહીં.

શ્રીહરિ ઘોડી પરથી નીચે ઊતરી ગયા. મીણબાઈ હજુ ધ્યાનસ્થ અવસ્થામાં જ બેઠાં હતાં. શ્રીહરિ મીણબાઈની નજીક જઈ ધીરે રહી બોલ્યા, "અમે રોકાઈએ છીએ."

મીણબાઈ તરત આંખો ખોલી ધીરું હસતાં બોલ્યાં, "મહારાજ, તમે ભક્તવત્સલ નાથ છો. પ્રભુ ! ભક્તોની પ્રેમની દોરીથી વીંટાયા છો. આજે આપે ખરું ભક્તવત્સલપણું સાર્થક કર્યું." મીણબાઈએ બીજે દિવસે તો અન્નકૂટ જેટલાં પકવાન કરી શ્રીહરિને જમાડ્યા અને ખૂબ ભાવભીની વિદાય આપી. શ્રીહરિ કરિયાણાથી ખંભાળા, જેતપુર, ગોંડલ વગેરે અનેક ગામોમાં અનંત મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણનાં દ્વાર ખોલી મખિયાવ પધાર્યા.

# પરિશિષ્ટ : ૧

# મુક્તમુનિની મુમુક્ષુતા

શ્રીહરિ વખતના મુનિ વૃંદમાં સદ્. મુક્તાનંદ સ્વામી શ્રીહરિના હૃદયમાં રત્નમુનિનું સ્થાન પામ્યા હતા. અવરભાવની રીતે તેઓ શ્રીહરિ કરતાં ૨૩ વર્ષે મોટા હતા. વળી, લોજમાં વર્ણી વેષે શ્રીહરિ સદ્. મુક્તાનંદ સ્વામીના સાંનિધ્યમાં તેઓને ગુરુ તરીકે સ્વીકારી નવ નવ માસ સુધી રહ્યા હતા. છતાં સદ્. મુક્તાનંદ સ્વામી શ્રીહરિ પરત્વે અપાર દાસત્વભાવ, શરણાગતભાવ અને શ્રીહરિ પરત્વે સર્વોપરી નિશ્ચયની દૃઢતાનાં દર્શન કરાવતા. એટલે જ તો સત્સંગી ભૂષણ પુસ્તકમાં સદ્. મુક્તાનંદ સ્વામીના નિષ્ઠાનાં ચાર પદ મુકાયાં છે.

જે છે છાંડી કે શ્રી હરિકૃષ્ણદેવ...

આ પદોની શબ્દમાળા નિહાળતાં સહેજે પ્રતીત થાય કે સ્વામીને શ્રીહરિ પ્રતિ કેવી સ્વરૂપનિષ્ઠા અને અજોડ પતિવ્રતાપણાની દૃઢતા હશે.

આવા સંત શિરોમણિ સદ્. મુક્તાનંદ સ્વામીનું પ્રાગટ્ય સંવત ૧૮૧૪ના પોષ વદિ સાતમને દિવસે સૌરાષ્ટ્રના અમરેલી પાસે આવેલ અમરાપુર ગામે થયું હતું. તેઓનું પૂર્વાશ્રમનું નામ મુકુંદદાસ હતું. તેમના પિતાશ્રી આનંદરાય અને માતા રાધાબાઈ હતાં. નાનપણથી જ મુકુંદદાસના જીવનમાં તીવ્ર વૈરાગ્યનાં અંકુર ફૂટેલાં હતાં. જે કિશોર અવસ્થામાં સારી પેઠે પાંગર્યાં હતાં.

મુકુંદદાસનાં માતુશ્રી રાધાબાઈના પાલકપિતા અમરેલીના સંત મૂળદાસજી જોડે તેમણે સારી પેઠે વિદ્યાભ્યાસ તથા ધર્મગ્રંથોનું પઠન કર્યું હતું. તેથી તેમનો સંસાર પરત્વેનો વૈરાગ્ય દિન-પ્રતિદિન વધુ ને વધુ પ્રજવલિત થતો હતો. પરંતુ ઉંમર થતાં માતાપિતાના અતિ આગ્રહથી તેઓને વિવાહ કરવો પડ્યો.

નિરંતર શાસ્ત્ર પઠન તથા સ્વયં સ્ફુરણાથી મુકુંદદાસને અંતરમાં થયા કરતું કે, 'આ દેહે મારે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ કરી લેવી છે. જે સદ્ગુરુની સહાયતા વિના શક્ય નથી. પણ પ્રભુનો મેળાપ કરાવે એવા સાચા સંતને શોધવા ક્યાં ? એક ઉપાય છે, ગૃહ-સંસારને છોડી તીર્થયાત્રા કરવા જઉં. ત્યાં તીર્થક્ષેત્રોમાં સદ્ગુરુ મળી જાય તો તેમની શરણાગતિ સ્વીકારી આજીવન પર્યંત તેમના થઈને રહેવું.'

મુકુંદદાસે પોતાનો શુભ વિચાર માતાપિતા તથા પત્નીને કહ્યો પણ કોઈએ

તેઓને યાત્રા કરવાની અનુમતિ આપી નહીં. અંતે મુકુંદદાસે વિચાર્યું, 'આ બધા સ્વાર્થનાં સગાં છે. હું કમાઈને ઘરના રોટલા પૂરા પાડું છું ત્યાં સુધી મને કોઈ પણ સંજોગોમાં રજા મળશે નહીં. માટે ગાંડાની જેમ મારે વર્તવાનું કરવું જેથી તેઓ કંટાળીને મને રજા આપી દેશે.' પછી તો તેઓએ પ્રભુપ્રાપ્તિ માટે ઘરમાં ગાંડપણ શરૂ કર્યું. માતાપિતા તથા ગામજનો સૌ મુકુંદદાસનું ગાંડપણ જોઈ દુઃખી થઈ ગયાં. પિતા આનંદરાયે તો તેમના સ્વાસ્થ્ય માટે ઘણી દવા કરાવી પણ વ્યર્થ. આમ ને આમ વર્ષ પૂર્ણ થવા આવ્યું. મુકુંદદાસનો વર્તાવ જોઈ ગામના એક સુજ્ઞ વડીલને ખ્યાલ આવી ગયો, 'આ મુકુંદદાસ જાણીને ગાંડાની પેઠે વર્તે છે.' વડીલે મુકુંદદાસને બોલાવી પૂછ્યું, "મને સાચી વાત કહો કે તમે ઇરાદાપૂર્વક ગાંડપણ કરો છો ને ? તમારી જે ઇચ્છા હોય તે હું તમારાં માતાપિતા પાસે પૂર્ણ કરાવું." મુકુંદદાસે પોતાના અંતરની વાત કરી. આ વડીલે આનંદરાય તથા રાધાબાઈને વાત કરી. બંનેએ મુકુંદદાસને બોલાવી કહ્યું, "તમે યાત્રાએ ભલે જાવ પણ સદ્‌ગુરુની શોધ કરી પાછા આવી જજો." માતાપિતાની શરત કબૂલ રાખી મુકુંદદાસ તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા.

મુકુંદદાસે વિચાર્યું, 'જે અખંડ બ્રહ્મચર્યવ્રત પાળતા હોય તેવા જ સદ્‌ગુરુ ભગવાન ભેટાડે. મારે એવા જ ગુરુને શોધવા છે.' મુકુંદદાસ તીર્થયાત્રાએ ફરતા હતા ત્યારે કોઈકે કહ્યું, "તમે ધ્રાંગધ્રા દ્વારકાદાસ પાસે જાવ. તે યથાર્થ બ્રહ્મચર્ય પાળે છે." મુકુંદદાસ ત્યાં ગયા. ત્યાંનું વાતાવરણ મુકુંદદાસને કંઈક અજુગતું લાગ્યું. તેમણે દ્વારકાદાસને કહ્યું, "મારે તો અખંડ બ્રહ્મચર્ય પાળે તેવા ગુરુની પ્રાપ્તિ કરી ભગવાનને મળવું છે." દ્વારકાદાસે નિષ્કપટભાવે કહ્યું, "મુકુંદદાસ, એવા સદ્‌ગુરુ તો વાંકાનેરના કલ્યાણદાસ છે; માટે ત્યાં જાવ." મુકુંદદાસે દ્વારકાદાસને પ્રણામ કરી વાંકાનેરની વાટ પકડી.

મુકુંદદાસને મુમુક્ષુ જાણી કલ્યાણદાસે પોતાના આશ્રમમાં રાખ્યા. મુકુંદદાસ આશ્રમમાં સર્વ પ્રકારની સેવાઓ કરવા લાગ્યા. નવરાશની પળોમાં તે ધ્યાન-ભજન કરતા. મુકુંદદાસની મુમુક્ષુતાભરી દિનચર્યા જોઈ કલ્યાણદાસ ખૂબ પ્રભાવિત થઈ ગયા. એક દિવસ તેમણે મુકુંદદાસને બોલાવી કહ્યું, "તમતમારે કાંઈ કામકાજ હોય તો વિના સંકોચે કહેજો." કલ્યાણદાસ પોતાના પર પ્રસન્ન છે તેવું જાણી મુકુંદદાસે કહ્યું, "આપ બ્રહ્મચર્યસિદ્ધ છો. મારે આપના માર્ગદર્શનથી બ્રહ્મચર્ય સિદ્ધ કરી ભગવાનની પ્રાપ્તિ કરવી છે." કલ્યાણદાસ થોડી વાર વિચારમાં પડી

ગયા. પછી તેમણે કહ્યું, "તમે બહાર જે જુઓ છો તે મારો આડંબર છે. ખરેખર હું નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળી શકતો નથી. ચાલીસ વર્ષ પહેલાં હું યાત્રાએ નીકળ્યો હતો ત્યારે મેં એક સ્ત્રીને ઉજ્જૈનનો રસ્તો પૂછ્યો હતો. તે સ્ત્રીએ મને હાથનું લટકું કરી માર્ગ બતાવ્યો. આ લટકું હું હજુ ભૂલી શક્યો નથી. હવે તમે જ વિચારી લ્યો કે બ્રહ્મચર્યનો માર્ગ કેટલો કઠિન છે. છતાં તમારી શ્રદ્ધા ને ધીરજ હોય તો જાઓ સરધાર. ત્યાંના તુલસીદાસ મહંત બહુ સાત્ત્વિક અને સરળ ચિત્તવાળા છે તે કદાચ આપને ભગવાન ભેટાડી શકે."

મુકુંદદાસ તો ક્ષણનોય વિલંબ કર્યા વિના કલ્યાણદાસને પ્રણામ કરી સરધાર જવા રવાના થયા. મુકુંદદાસને અંતરમાં દિન-પ્રતિદિન પ્રભુપ્રાપ્તિની લગની તીવ્ર બનતી જતી હતી. એટલે જ એક પછી એક ગુરુનો ત્યાગ કરી આગળ વધતા રહ્યા. સરધાર આવી તેઓ તુલસીદાસના આશ્રમમાં રહેવા લાગ્યા.

સરધાર અને આજુબાજુના ગામોમાં તુલસીદાસની ખ્યાતિ ખૂબ સારી હતી. રાજા તરફથી તેઓને વર્ષાસનમાં અનાજ મળ્યા કરતું. મુકુંદદાસને તુલસીદાસના આશ્રમમાં અનુકૂળતા આવી ગઈ. આખો દિવસ મંદિરમાં પૂજારીની સેવા કરતા, સદાવ્રતમાં સેવા આપતા અને રાત્રે મંદિરમાં કથા કરતા. ગામજનો તેમની કથા સાંભળવા આવતા. તેમની કથાવાર્તામાં એવો રસ ઝરતો કે ધીરે ધીરે તેઓ શ્રેષ્ઠ કથાકાર તરીકે ખ્યાતિ પામ્યા. મુકુંદદાસની મુમુક્ષુતા, સેવા કરવાની લગની, વ્યવહાર કુશળતા એવા અનેક ગુણો જોઈ તુલસીદાસે મુકુંદદાસને પોતાના સર્વે શિષ્યોમાં મુખ્ય શિષ્ય તરીકે નિયુક્ત કર્યા.

ગુરુનો રાજીપો દિન-પ્રતિદિન વધતો હોવા છતાં તેમણે જે હેતુથી ઘર ત્યાગ કર્યો હતો તે હેતુ સિદ્ધ થતો ન હતો. દરરોજની જેમ એક દિવસ સાંજે મુકુંદદાસ કથા કરવા માટે પાટે બેઠા પણ કથામાં માત્ર બે-ચાર ડોસા આવેલા. તેમણે પૂછ્યું, "આજે કેમ કોઈ કથામાં આવ્યું નથી ?" તેઓએ કહ્યું, "આજે તો સરધારમાં સદ્. રામાનંદ સ્વામી પધાર્યા છે, બહુ મોટાપુરુષ છે. લોકો તેમને ઈશ્વર માને છે. તેમનાં દર્શન અને સમાગમથી અંતરમાં ટાઢક વળે છે. અમે પણ તમારાં દર્શન કરી ત્યાં જ જઈએ છીએ." મુકુંદદાસે વિચાર્યું, 'હું જે ગુરુની શોધમાં છું તે જ આ ગુરુ નહિ હોય ને ? એ કેવા મહાન હશે તો આખું ગામ ત્યાં ઊમટ્યું, મારે પણ ત્યાં જવું છે.' મુકુંદદાસ તો પોથી વાળી પાટ પરથી ઊતરી રામાનંદ સ્વામીનાં દર્શને જવા નીકળે છે. ત્યાં તુલસીદાસે પૂછ્યું, "મુકુંદ, ક્યાં

જાવ છો ?''

મુકુંદદાસે કહ્યું, ''સાંભળ્યું છે કે ગામમાં મહાન સંત રામાનંદ સ્વામી પધાર્યા છે. આ હરિભક્તો સાથે તેમનાં દર્શને જઉં છું.'' તુલસીદાસને આ જરા પણ ગમ્યું નહિ છતાં કહ્યું, ''જાવ, પણ વહેલા આવજો.''

મુકુંદદાસ રામાનંદ સ્વામીનાં દર્શને ગયા. સ્વામીનાં પ્રથમ દર્શનથી જ મુકુંદદાસના અંતરમાં અનેરી ટાઢક વળવા લાગી. સંત-મહાત્મા તો ઘણા જોયા પણ આ તો સૌથી ન્યારા છે. વળી, સ્વામીના શબ્દે શબ્દે જાણે અમૃત ઝરતું હતું. સ્વામી સામે એક દૃષ્ટિથી કથા સાંભળતા મુકુંદદાસના નેત્ર પરથી સદ્. રામાનંદ સ્વામીએ તેમનું હીર પારખી લીધું.

સ્વામીએ કથાની જય બોલાવી. મુકુંદદાસે રામાનંદ સ્વામીની નજીક જઈ ચરણસ્પર્શ કર્યા. સ્વામીએ તેમને પૂછ્યું, ''આ ગામના રહેવાસી છો કે ?'' મુકુંદદાસે કહ્યું, ''ના, હું તો અહીંના મંદિરના મહંત તુલસીદાસનો શિષ્ય મુકુંદ.''

સ્વામીના મુખના ભાવ ફરી ગયા, ''મુકુંદદાસ, તમો ઉત્તમ મુમુક્ષુ છો. અમો જાણીએ છીએ પણ તમે કથામાં આવશો તો તમારા ગુરુ અમને ઉપાધિમાં મૂકી દેશે. અમને ગામ બહાર કરશે અને સદાવ્રત બંધ કરાવશે.'' મુકુંદદાસ નિરાશ થઈ ગયા. જેને પામવા સંસાર ત્યાગ્યો એ ગુરુ મળ્યા તો બીજા ગુરુનું બંધન !! મુકુંદદાસના મુખની રેખા કળતાં સ્વામીને દયા ઊપજી. તેમણે કહ્યું, ''જો તમને તમારા ગુરુ રાજીખુશીથી રજા આપે તો આવજો.''

મુકુંદદાસ ત્યાંથી નીકળી પરત મંદિરે આવ્યા. રાત્રિ ઘણી થઈ હતી. આ બાજુ તુલસીદાસ ચિંતામાં પડખાં ફરતા હતા. તેમને હતું જ કે, 'રામાનંદ સ્વામી ખરા સંત છે. જેવા મુકુંદદાસને જોઈએ છે તેવા જ. રખે ને મુકુંદ તેમાં આકર્ષાઈ જશે અને મને છોડી દેશે તો ?' આ વિચારોના વમળમાં ફસાયેલા હતા ત્યાં જ મુકુંદદાસ આવ્યા. તુલસીદાસ તેમને વઢ્યા, ''અત્યાર સુધી ક્યાં હતા ? રામાનંદે પકડી રાખ્યા'તા કે શું ?''

મુકુંદદાસ જવાબ આપ્યા વિના આસને જઈ સૂઈ ગયા. બીજે દિવસે તુલસીદાસની નજર ચુકાવી મુકુંદદાસ સદ્. રામાનંદ સ્વામીની કથામાં ગયા પણ સ્વામીને નહિ ગમે તો ! તેમ ધારી સ્વામીના ઉતારાના પાછળના ભાગમાં સંતાઈને કથા સાંભળવા ઊભા રહ્યા. વરસાદ ચાલુ હતો. પોતે પલળતા હતા. ઠંડા પવનથી ધ્રૂજતા હતા. ચોકિયાતો ત્યાં ફરતા હતા. તેમણે નવેળામાં કોઈ

સંતાયેલું છે તેવો ખ્યાલ આવતાં બૂમ મારી, “અહીં કોણ છે ? જે હોય તે બહાર નીકળો.” મુકુંદદાસ જલદીથી ઊભા થઈ બોલ્યા, “બૂમો ન પાડશો. હું મંદિરનો પૂજારી મુકુંદદાસ.” ચોકિયાતે તલવાર મ્યાન કરી પૂછ્યું, “તો અહીં કેમ સંતાયા છો ?” મુકુંદદાસે કહ્યું, “ભાઈ, મારા ગુરુની બીકે મને રામાનંદ સ્વામી કથામાં આવવાની ના પાડે છે એટલે સંતાઈને કથા સાંભળું છું.”

ચોકિયાતને દયા આવી. તેઓ હાથ પકડી મુકુંદદાસને રામાનંદ સ્વામી જોડે લઈ ગયા ને કહ્યું, “સ્વામી, આ મુકુંદદાસ આ ગામના મોટા કથાકાર છે. છતાંય તમારી કથા સાંભળવાનો આગ્રહ છે માટે તમે એમને કથામાં બેસવા દેતા હોવ તો !”

સદ્. રામાનંદ સ્વામીએ કહ્યું, “એમના ગુરુ ઉપાધિ કરે એટલા માટે.” ચોકિયાત તો જતા રહ્યા. પછી મુકુંદદાસે રામાનંદ સ્વામીને પ્રાર્થના કરી, “સ્વામી, મારે ભગવાન મેળવવા છે. એ માટે મેં ઘર-સંસાર ત્યાગ્યો છે. બ્રહ્મચર્યવ્રતની દૃઢતાથી જ ભગવાન મળે તે બ્રહ્મચર્યની દૃઢતાવાળા સદ્‌ગુરુની શોધમાં છું. મને એવું થાય છે કે આપ જ એવા સદ્‌ગુરુ છો. માટે મને આપની સેવામાં રાખો.”

સ્વામીને મુકુંદદાસની શુદ્ધ મુમુક્ષુતાનો પરિચય થયો. તેમણે કહ્યું, “તમે તમારા ગુરુની રજાચિઠ્ઠી રાજીખુશીથી લઈ આવો તો અમો તમને અમારી જોડે રાખવા તૈયાર છીએ.”

મુકુંદદાસ રાજી થઈ ગયા અને “ભલે સ્વામી, ભેળા ભળજો.” આટલી પ્રાર્થના કરી ત્યાંથી નીકળી ગયા. આ બાજુ સદ્. રામાનંદ સ્વામી પણ તુલસીદાસની બીકે બંધિયા ગામે પધારી ગયા.

મુકુંદદાસને થયું, ‘તુલસીદાસ મને સહેલાઈથી રજા આપશે નહીં. વળી, તેમને તો મને એમના પછી આ મંદિરની મહંતાઈ આપવી છે.’ યુક્તિ કરી સવાર પડતાં જ મુકુંદદાસે જાણીને ગાંડપણ શરૂ કર્યું. મંદિરમાં ઠાકોરજીની પૂજા કરવા ન ગયા. સદાવ્રતમાં બીજા સાધુઓને ઉઠાડી પોતે બેસી ગયા. હાથમાં આવે એટલો લોટ, ઘી, ગૉળ, વાસણો અન્નાર્થીઓને આપવા લાગ્યા. કોઈક સાધુએ જઈ તુલસીદાસને ફરિયાદ કરી. તુલસીદાસે આવી બધું જોયું. તેમણે મુકુંદદાસને ઠપકો આપ્યો, “મુકુંદ, આમ બધાને છૂટા હાથે આપવા લાગશો તો આજે જ સદાવ્રતના ભંડાર ખાલી થઈ જશે. પછી આપણે કરીશું શું ?” મુકુંદદાસે કહ્યું, “ગુરુજી, સદાવ્રતો ખાલી થશે તો સારું જ છે ને, આપણે તીર્થયાત્રા કરવા

જઈ શકીશું.''

મુકુંદદાસને ઓળખતા કોઈ જૂના વડીલે તુલસીદાસને કહ્યું, ''મુકુંદદાસને વર્ષે દા'ડે છ મહિના ગાંડપણ રહે છે. માટે તમે એમને છૂટા કરી દો. નહિતર તમારો મઠ અસ્તવ્યસ્ત કરી નાખશે.''

તુલસીદાસને આ વાત ગળે ઊતરી. તેમણે મુકુંદદાસને કહ્યું, ''આપણે આમ ભંડાર ખાલી કરવા નથી, તમારી ઇચ્છા હોય તો તમે તીર્થયાત્રા કરવા જઈ શકો છો.''

'ભાવતું'તું ને વૈદ્યે કહ્યું' એમ અંતરથી મુકુંદદાસ રાજી થયા ને કહ્યું, ''તો તમે મને રજાચિઠ્ઠી લખી આપો કે હું તમારો શિષ્ય નથી. તમારો મારા પર કોઈ અધિકાર નથી.''

તુલસીદાસે તરત રજાચિઠ્ઠી લખી આપી. મુકુંદદાસ આ ચિઠ્ઠી લઈ ત્યાંથી નીકળી તુરત બંધિયા રામાનંદ સ્વામી પાસે ગયા. રામાનંદ સ્વામીએ બંધિયાના મૂળુભા દરબારની મેડીએ ઉતારો કરેલો. મુકુંદદાસે સ્વામીનાં દર્શન કર્યાં. તેમને અંતરમાં ખૂબ શાતા વળી. સ્વામી પણ રાજી થયા. મુકુંદદાસે સ્વામીને તુલસીદાસની ચિઠ્ઠી આપી. સ્વામીએ ચિઠ્ઠી વાંચી. સ્વામી તેમની ઝળહળતી મુમુક્ષુતા જોઈ અંતરથી રાજી થયા.

મુકુંદદાસની હજી વધુ મુમુક્ષુતા ઝળકાવવા સ્વામીએ આજ્ઞા કરી, ''મુકુંદદાસ, સાધુ તો ચલતા ભલા. અમે તો એક સ્થાને કદી રહેતા નથી. સતત વિચરણ ચાલુ રહે છે. તમે અહીં રહો. આ દરબાર મૂળુભાના ખેતરનું હળ હાંકજો.''

પોતાના ઘરનું ખેતર, વાડી છોડી નિઃસ્વાર્થભાવે માત્ર ગુરુને રાજી કરવા, ગુરુઆજ્ઞાએ બીજાનું ખેતર હાંકવું એ કેટલી ઉચ્ચ કોટિની મુમુક્ષુતા તથા ભૂખ અને ગરજ કહેવાય. મુકુંદદાસ આ પ્રકારના ઉત્તમ મુમુક્ષુ હતા. તેમને મન તો ગુરુઆજ્ઞામાં જ તમામ સાધનાઓની સમાપ્તિ સમાયેલી છે એવું દૃઢપણે નક્કી હતું. મુકુંદદાસ સ્વામીની આજ્ઞામાં વર્તવા તૈયાર થયા.

મૂળુભા મુકુંદદાસને લઈ ખેતરે ગયા. હાથમાં બળદની રાશ ઝાલી પણ પકડી ન શક્યા. મૂળુભા હસવા લાગ્યા. રાત્રે તેમણે સ્વામીને કહ્યું, ''આ ખેતરો ખેડવા એ મુકુંદનું કામ નહીં. તેમને તમે તમારી સેવામાં રાખી લો.'' સદ્. રામાનંદ સ્વામી મુકુંદદાસની આજ્ઞાપાલકતાથી રાજી થયા. તેમણે મુકુંદને પૂછ્યું, ''તમારે ત્યાગાશ્રમની દીક્ષા ગ્રહણ કરવી છે ?''

મુકુંદદાસે હા કહેતા, સદ્. રામાનંદ સ્વામીએ મુકુંદદાસને કહ્યું, ''તમે તમારા ઘરેથી રજા લઈને આવ્યા છો ?'' મુકુંદદાસના મુખ પર ઉદાસીનતાનાં વાદળ છવાઈ ગયાં. સ્વામીએ તેમને ધીરજ આપતાં કહ્યું, ''ભવિષ્યમાં પણ સાધુ આશ્રમમાં કોઈ તકલીફ ન પડે એ માટે માતાપિતા તથા પત્નીની મંજૂરી જરૂરી છે. માટે ઘરે જઈ તેઓની રજાચિઠ્ઠી લઈ આવો. તમે ઉત્કૃષ્ટ મુમુક્ષુ છો એટલે ભગવાન તમારી ભેળા ભળશે.'' મુકુંદદાસ સ્વામીની રજા લઈ ઘરે ગયા. ફરીથી યુક્તિપૂર્વક ગાંડપણ શરૂ કર્યું. ઘરવાળાએ રજા આપી. રજાચિઠ્ઠી લઈ તેઓ સદ્. રામાનંદ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ તેમને સંવત ૧૮૪૨ના મહા સુદિ પંચમીના દિવસે ભાગવતી દીક્ષા આપી સદ્. મુક્તાનંદ સ્વામી નામ આપ્યું.

આમ, પરમ સંગેની પ્રીતિએ મુકુંદદાસ ક્યાંય ન બંધાતાં મહાપ્રભુમાં બંધાયા.



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી



દિવ્ય પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

# ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પરિચય

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને શ્રીજીનું જ કર્તાપણું આદિ અનેક ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજી એવા ક્રાંતિકારી યુગપુરુષ છે કે જેમના અલ્પ જોગથી મુમુક્ષુને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થઈ જાય અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય. અવરભાવની ૮૬ વર્ષની ઉંમર સુધી તેઓએ વિશેષત: પંચમહાલ અને સમગ્ર ગુજરાતના અસંખ્ય ગામડાંઓમાં તથા દેશ-વિદેશના અનેક શહેરોમાં વિચરણ કર્યું છે. હજારો ભકતોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી છે. તેઓના દાખડે લાખો સંતો-હરિભકતોના જીવનમાં પરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના તમામ કલ્યાણકારી ગુણોને ધારણ કરી અનેરું શિષ્યત્વ શોભાવી રહ્યા છે. તેઓને સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રતિમામાંથી પ્રગટ થઈ દીક્ષા આપી આશીર્વાદ આપ્યા : **"ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે અમો સત્ય કરીશું અને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ. તારા તમામ સંકલ્પો પૂરા થશે. આથી અમે તારું નામ 'સાધુ સત્યસંકલ્પદાસ' રાખીએ છીએ."**

આજે દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તનની સાથે દેહભાવથી પૃથક્ થઈ આત્મભૂમિકાએ અનાદિમુકતની સ્થિતિ પામી છતે દેહે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સુખ પામવા માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. આવી ઉચ્ચ આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ  સરકાર દ્વારા આવતા રચનાત્મક આયોજનોમાં પણ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા સક્રિય રીતે જોડાતી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કાયમ એક વાત કહી છે કે, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય સ્વામિનારાયણ ભગવાનના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે.

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે.

છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.

સદ્. મુક્તાનંદ સ્વામીએ જ્યારે જ્યારે પણ શ્રીજીમહારાજને પૂછ્યું કે, "હે મહારાજ ! અંતરે શાંતિ થાય, ઉદ્વેગ શમી જાય અને સદાય સુખિયા રહેવાય એવો ઉપાય બતાવો." ત્યારે ત્યારે શ્રીજીમહારાજ પોતાનાં દિવ્ય ચરિત્રો જ સંભળાવતા. શ્રીજીમહારાજ એમના પ્રશ્નોના સ્થાને શા માટે પોતાનાં દિવ્ય ચરિત્રો સંભળાવતા હશે ? તો આ લીલા પાછળનું રહસ્ય પણ તેઓનું એ જ હતું કે આ બધા પ્રશ્નોનો ઉપાય એટલે અમારા દિવ્ય ચરિત્રોનું શ્રવણ, વાંચન અને મનન કરવું. આ ચરિત્રોમાં સર્વે વાત આવી જાય છે.

આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, 'અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.' આમ, શ્રીજીમહારાજના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે આ પુસ્તકમાં રજૂ કરેલ સ્વામિનારાયણ ભગવાનના જીવનવૃત્તાંતના વાંચન–શ્રવણથી જરૂર સર્વે અંગે પૂર્ણ થવાશે એવી અપેક્ષા છે.

– ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

SMVS
સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા